
વર્ષ : ૪૦ ❖ અંક : ૧૧
નવેમ્બર - ૨૦૧૬

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર




## ધન્ય ઉપસર્ગવિજેતા શ્રી સુકોશલ મુનિ !

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી વિદ્યાસાગરજી મહારાજની કૃતિ 'મૂકમાટી' (ગુજરાતી પદ્યાનુવાદ)નું વિમોચન કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી (તા. ૧૪-૧૦-૨૦૧૬)





પૂજ્યશ્રી ડો. રાકેશભાઈના જન્મદિન સુવર્ણજયંતી મહોત્સવ વેળાની તસવીરો





# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) ભગવાન મહાવીરના બોધને પાત્ર કોણ ? ......
........................ પૂ.શ્રી આત્માનંદજી ..... ૬

(૩) સ્વાધ્યાય : આત્માના અજવાળાંની સફર .....
...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯

(૪) સમાધિતંત્ર - અમૃતરસપાન ................
...................... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૨

(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન...પૂજ્ય બહેનશ્રી .. ૧૫

(૬) શ્રાવકાચાર ..............બા.બ્ર. શ્રી સુરેશજી .... ૧૮

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૧

(૮) અકાર્યકારણત્વશક્તિ ......શ્રી વલભજી હીરજી .... ૨૪

(૯) બાળકમાં સંસ્કારસિંચન .. શ્રી પારૂલબેન ગાંધી .... ૨૫

(૧૦) સદ્‌ગુરુદેવ ................ શ્રી ભાનુબેન શાહ .... ૨૭

(૧૧) દીનદયાળુ-પરમકૃપાળુ ... શ્રી પૂર્ણિમાબેન શાહ .... ૩૦

(૧૨) જયણા - આપણી 'મા' .......................... ૩૧

(૧૩) સુખ-દુ:ખ - એક દૃષ્ટિકોણ ...................... ૩૩

(૧૪) બાળવિભાગ ............ શ્રી મિતેશભાઈ શાહ .... ૩૪

(૧૫) સમાજ-સંસ્થા દર્શન ........................... ૩૬



**વર્ષ : ૪૦ નવેમ્બર, ૨૦૧૬ અંક - ૧૧**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

mail@shrimadkoba.org, www.shrimadkoba.org



**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839



**-: પ્રેરક :-**

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

**-: તંત્રી - સંપાદક :-**

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

**-: સ્વત્વાધિકારી :-**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

**-: મુદ્રક-પ્રકાશક :-**

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**-: પ્રકાશન સ્થળ :-**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

**-: લવાજમ શ્રેણી :-**

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

જેમાં પરમસ્નેહ રહ્યો છે, તેવી પોતાની કાયામાં સર્વ જીવને અત્યંત મોહ હોય છે, પરંતુ તેમાંથી નીકળતા પદાર્થો - દા.ત. નખ, વાળ, મળ વગેરે પદાર્થો શરીરથી જુદા થયા પછી જીવને તેમાં કિંચિત્ માત્ર પણ મોહ રહેતો નથી, અને તે તેનો સત્વરે ત્યાગ કરી દે છે. પરંતુ આપનો અને જ્ઞાનીભગવંતોનો ઉત્તમબોધ તો કેવો અદ્‌ભુત છે કે એ બોધને સાંભળીને તે પરિણામ પામ્યા પછી, જીવને પોતાની એ અતિપ્રિય કાયાનો મોહ ધીમે ધીમે ઓછો થતો જાય છે, અને અંતે એ મોહ શૂન્યપણાને પામે છે. એ આપના યોગબળનો અપૂર્વ પ્રભાવ છે.આપે કહ્યું છે કે, “દેહથી ભિન્ન, સ્વ-પર પ્રકાશક, પરમજ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. અંતર્મુખ થઈ, સ્થિર થઈ ને, આત્મામાં જ રહો, તો અનંત અપાર આનંદ અનુભવશો.”

અમને તો આપની સર્વ વાતો સદાસર્વદા માન્ય જ છે. આપે રત્નત્રયી રૂપ મંત્રત્રયી, જે જીવને સંસારપરિભ્રમણથી છોડાવનાર છે તે આપી. આ આપનો અમારી ઉપર અનંત ઉપકાર છે. વધુ તો શું કહીએ ? માત્ર એટલું જ કહીશું કે –


“શ્વાસે શ્વાસે સહજાત્મસ્વરૂપ, પગલે પગલે પરમગુરુ,
નિતનિત વંદુ નિર્ગ્રંથ ગુરુને, સર્વદા વંદુ સર્વજ્ઞપ્રભુ,
આતમભાવના ભાવતા ભાવતા, કેવળજ્ઞાન નિધાન લહું;
દેહ છતાં દેહાતીત જ્ઞાનીને, વંદન અગણિત વાર કરું.”

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૫૨૨



**મુંબઈ, ભા. સુદ ૩, રવિ, ૧૯૫૦**

જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે. સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે, અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળી આવે છે; વિકથાદિ ભાવમાં નીરસપણું લાગે છે, કે જાુગુપ્સા ઉત્પન્ન થાય છે; જીવને અનિત્યાદિ ભાવના ચિંતવવા પ્રત્યે બળવીર્ય સ્ફુરવા વિષે જે પ્રકારે જ્ઞાનીપુરુષ સમીપે સાંભળ્યું છે, તેથી પણ વિશેષ બળવાન પરિણામથી તે પંચવિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દૃઢ કરે છે. અર્થાત્ સત્પુરુષ મળ્યે આ સત્પુરુષ છે એટલું જાણી, સત્પુરુષને જાણ્યા પ્રથમ જેમ આત્મા પંચવિષયાદિને વિષે રક્ત હતો તેમ રક્ત ત્યાર પછી નથી રહેતો, અને અનુક્રમે તે રક્તભાવ મોળો પડે એવા વૈરાગ્યમાં જીવ આવે છે; અથવા સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કંઇ દુર્લભ નથી; તથાપિ સત્પુરુષને વિષે, તેનાં વચનને વિષે, તે વચનના આશયને વિષે, પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી અને સત્પુરુષનો જીવને યોગ થયો છે, એવું ખરેખરું તે જીવને ભાસ્યું છે, એમ પણ કહેવું કઠણ છે.

જીવને સત્પુરુષનો યોગ થયે તો એવી ભાવના થાય કે અત્યાર સુધી જે મારાં પ્રયત્ન કલ્યાણને અર્થે હતાં તે સૌ નિષ્ફળ હતાં, લક્ષ વગરનાં બાણની પેઠે હતાં, પણ હવે સત્પુરુષનો અપૂર્વ યોગ થયો છે, તો મારાં સર્વ સાધન સફળ થવાનો હેતુ છે. લોકપ્રસંગમાં રહીને જે નિષ્ફળ, નિર્લક્ષ સાધન કર્યા તે પ્રકારે હવે સત્પુરુષને યોગે ન કરતાં જરૂર અંતરાત્મામાં વિચારીને દૃઢ પરિણામ રાખીને, જીવે આ યોગને, વચનને વિષે જાગૃત થવા યોગ્ય છે, જાગૃત રહેવા યોગ્ય છે; અને તે તે પ્રકાર ભાવી, જીવને દૃઢ કરવો કે જેથી તેને પ્રાપ્ત જોગ 'અફળ' ન જાય, અને સર્વ પ્રકારે એ જ બળ આત્મામાં વર્ધમાન કરવું, કે આ યોગથી જીવને અપૂર્વ ફળ થવા યોગ્ય છે, તેમાં અંતરાય કરનાર 'હું જાણું છું, એ મારું અભિમાન, કુળધર્મને અને કરતા આવ્યા છીએ તે ક્રિયાને કેમ ત્યાગી શકાય એવો લોકભય, સત્પુરુષની ભક્તિ આદિને વિષે પણ લૌકિકભાવ, અને કદાપિ કોઈ પંચવિષયાકાર એવાં કર્મ જ્ઞાનીને ઉદયમાં દેખી તેવો ભાવ પોતે આરાધવાપણું એ આદિ પ્રકાર છે,' તે જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે. એ પ્રકાર વિશેષપણે સમજવા યોગ્ય છે; તથાપિ અત્યારે જેટલું બન્યું તેટલું લખ્યું છે.

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વને માટે સંક્ષેપમાં વ્યાખ્યા કહી હતી, તેને અનુસરતી ત્રિભોવનના સ્મરણમાં છે.

જ્યાં જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યા છે, ત્યાં ત્યાં તથાપ્રકારના અભિમાનપણે વર્ત્યો છે; જે અભિમાન નિવૃત્ત કર્યા સિવાય તે તે દેહનો અને દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે, એટલે હજી સુધી તે જ્ઞાનવિચારે કરી ભાવ ગાળ્યો નથી, અને તે તે પૂર્વસંજ્ઞાઓ હજી એમ ને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવે છે, એ જ એને લોક આખાની અધિકરણક્રિયાનો હેતુ કહ્યો છે; જે પણ વિશેષપણે અત્ર લખવાનું બની શક્યું નથી. પત્રાદિ માટે નિયમિતપણા વિષે વિચાર કરીશ.

• • •

# ભગવાન મહાવીરના બોધને પાત્ર કોણ ?

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



**૧. સત્પુરુષના ચરણનો ઈચ્છક** : જેમણે આત્મતત્ત્વ પ્રાપ્ત કર્યું છે તેવા દેહધારીને ઓળખી તેમને વાણી સાંભળવી, શ્રદ્ધવી, સમજવી અને જીવનમાં ઉતારવી. સત્પુરુષ, સંત કે મહાત્મા ત્રણેય લગભગ સમાન છે. આવા સંતની આજ્ઞા બરાબર સમજવી આવશ્યક છે. આમ કરવા માટે બે વસ્તુની આવશ્યકતા છે — એક તો જેનો સમાગમ કરીએ તેનામાં આત્મજ્ઞાન, શાંતિ,ક્ષમા ઈત્યાદિ ગુણો હોવાં જોઈએ અને વળી આ ગુણો ખરેખર ઓળખી શકાય તે માટે મુમુક્ષુમાં એવી યોગ્યતા હોવી જોઈએ. એવી શુદ્ધ — નિર્મળ દૃષ્ટિ હોવી જોઈએ કે જે વડે તે મહાત્માના સાચા વ્યક્તિત્વને ઓળખી શકે. આવા જ્ઞાનીને યથાર્થપણે ઓળખીને ભલે તેમની આજ્ઞાનું પાલન યથાશક્તિ થાય, પણ સંતઉપાસકે એટલી કાળજી ખચીત રાખવી જોઈએ કે સંતની, ભગવાનની આજ્ઞા અંતરમાં ઉતારતાં ને તે પછી તેનું આચરણ કરતાં ધર્મની, ભગવાનની અવહેલના ન થાય. સામાન્ય માનવીને મુમુક્ષુના આચરણ પરથી જ ધર્મનો બોધ થાય છે. આથી મુમુક્ષુનું સામાજિક ને ધાર્મિક જીવન ખૂબ જ વિચારપૂર્વકનું હોવું જોઈએ અને મુમુક્ષુએ પોતાના વિચાર, વાણી અને વર્તનના ચોકીદાર બનવું જોઈએ. જો ખરેખર આ પ્રમાણે ઉન્નત જીવન બનાવવું હોય તો આવા મહાત્માનો સમાગમ વારંવાર અથવા નિરંતર શ્રદ્ધાથી, અહોભાવથી અને વિવેકથી સેવવો, જેથી ક્રમે કરીને તેમની દિવ્યતા મુમુક્ષુના જીવનમાં પણ અવતરિત થાય અને આત્મજ્ઞાનનો લાભ તેને થાય.

**૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી** : માનવભવને સફળ કરવા માટે સદ્‌બોધની — જ્ઞાની પુરુષના બોધની સૌથી વધુ આવશ્યકતા છે. પોતે ગુણવાન હોય અને વિનય - વિવેકપૂર્વક જ્ઞાનીનો બોધ પામે તો તેનું ત્વરાથી કલ્યાણ થાય છે. કહ્યું છે,

"તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુબોધ;
તો પામે સમક્તિને, વર્તે અંતર શોધ."
(શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર/૧૦૯)

હવે જ્ઞાની પુરુષનો બોધ તો સાગર જેવો અગાધ અને ગંભીર છે. તેમાંથી જે સાધકની જેટલી પાત્રતા હોય તેટલો બોધ તે ગ્રહણ કરી શકે. જ્યારે ઉત્તમ સાધકોની સમક્ષ જ્ઞાની ઉપદેશ આપતા હોય અથવા કોઈ વાર પ્રાસંગિકપણે જ્ઞાનીના બોધમાં પોતાને સમજણ ન પડે તેવું આવે તો પણ સાધકે ધીરજ રાખવી — ઉત્સાહ રાખવો અને કંટાળો લાવવો નહિ. આ પ્રમાણે જ્યારે સાધક જ્ઞાની પુરુષના સાન્નિધ્યને દીર્ઘકાળ (કેટલાંક વર્ષો) સુધી એકાગ્ર અને શ્રદ્ધાયુક્ત બુદ્ધિથી સેવે છે ત્યારે તેના અંતરના પડદા ખૂલવા લાગે છે. તેને અપૂર્વ ઉલ્લાસ આવે છે, અને તત્ત્વવિચારની શ્રેણીએ ચઢતાં તેને આત્મત્વની પ્રાપ્તિ થાય છે. માટે વારંવાર ઉલ્લાસભાવથી શ્રી જ્ઞાનીપુરુષનો બોધ સાંભળવા માટે દૃઢપણે અને જાગ્રતપણે પ્રયત્ન કરવો.

**૩. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર** : સાધનાનો માર્ગ તે કોઈ અપેક્ષાએ સદ્‌ગુણગ્રાહકતા, સદ્‌ગુણસંચય અને સદ્‌ગુણવૃદ્ધિનો માર્ગ છે એમ કહી શકાય. જે જે મહાજ્ઞાની પુરુષો થયા તેમણે અનેક વ્યક્તિઓ પાસેથી સદ્‌ગુણો શીખવા માટેનો અભ્યાસ

કર્યો હતો. આ માટે ગુરુદત્તાત્રેયનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે, જેમણે મનુષ્યો જ નહિ પણ પશુઓ અને પક્ષીઓ પાસેથી પણ ગુણપ્રાપ્તિનો ક્રમ સેવ્યો હતો.

જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગ, સંયમ, દાન, સમાધિ, ભક્તિ, શ્રદ્ધા, સહનશીલતા, ધીરજ, ગુરુભક્તિ, સેવાપરાયણતા, તીવ્ર વૈરાગ્ય પરોપકારીપણું, કૃતજ્ઞતા, વિનય, સંતોષ, બ્રહ્મચર્ય આદિ ગુણોનાં દર્શન જ્યારે જ્યારે થાય ત્યારે ત્યારે આપણે ખુશ થવું, તે ગુણવાનની પ્રશંસા કરવી અને તે ગુણો પોતાનામાં કેવી રીતે પ્રગટાવવા તે માટેનું માર્ગદર્શન તે મહાપુરુષ પાસેથી મેળવવું. તો અનેક ઉત્તમ મોક્ષમાર્ગસાધક સદ્‌ગુણોથી થોડા કાળમાં જ સાધકનું જીવન મહેકી ઊઠશે અને તે પોતે જ સંત થઈ જશે.

**૪. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન :** આધ્યાત્મિક સાધનામાં આગળ વધવા માટે, વિવેક પછીનું બીજું સર્વશ્રેષ્ઠ સાધન તે બ્રહ્મચર્ય છે. કાયિક, વાચિક, માનસિક અને આત્મિક શક્તિનો તે મૂળ સ્રોત છે. સર્વ જ્ઞાની મહાત્માઓએ આ વ્રતનો મહિમા ગાયો છે અને નિશ્ચયની અપેક્ષાએ તો મોક્ષમાર્ગ એટલે બ્રહ્મમાં ચર્યા (આત્મામાં રત થવું – તલ્લીનતા થવી) એ જ છે.

જેને બ્રહ્મચર્યમાં પ્રીતિ નથી તેને બ્રહ્મમાં પ્રીતિ નથી, જેને બ્રહ્મમાં પ્રીતિ નથી તેને આત્મામાં પ્રીતિ નથી, જેને આત્મામાં પ્રીતિ નથી તેને સાચા દેવ-ગુરુ-ધર્મમાં પ્રીતિ નથી, જેને સાચા દેવ-ગુરુ-ધર્મમાં પ્રીતિ નથી તેને પ્રગટ-અપ્રગટપણે સંસારમાં જ પ્રીતિ-રુચિ છે. અને જેને સંસારમાં જ પ્રીતિ-રુચિ છે તે દીર્ઘકાળ સુધી સંસારની આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી નીકળીને શાશ્વત, આત્મિક આનંદને કદાપિ પ્રાપ્ત કરી શકવાનો નથી એમ નિશ્ચય કરવો. માટે નક્કી થાય છે કે સાચા સાધકને બ્રહ્મવ્રતમાં રુચિ અને પ્રીતિ અવશ્ય હોય છે અને તેમાં વૃદ્ધિ કરવા તે તામસિક અને રાજસિક જીવનચર્યાને બદલે સાત્ત્વિક જીવનચર્યાનો અંગીકાર કરે છે.

**૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર :** પોતાના દોષ સૂક્ષ્મ દૃષ્ટિ વડે જોવા અને તે દોષોથી રહિત થવાનો પ્રયત્ન કરવો તે સ્વાભાવિકપણે જ જીવનવિકાસનો માર્ગ છે.

પ્રથમ તો ગુરુથી, સંતથી, વિશેષ ગુણવાનથી કે સત્શાસ્ત્રથી પોતાના દોષો પારખવા જોઈએ. આ માટે 'આલોચના-પાઠ', 'વીસ દોહરા', ક્ષમાપનાનો પાઠ કે અન્ય ઉત્તમ વચનો વાંચવા-વિચારવાં જોઈએ. બીજું, પોતાનાથી જે દોષો થયા તે દોષોની સાચા હૃદયથી માફી માગવી જોઈએ અને જે શિક્ષા (પ્રાયશ્ચિત્ત) મળે તે સ્વેચ્છાએ ગ્રહણ કરવી જોઈએ. ત્રીજું, ફરીથી તેવી ભૂલ ન થાય તે માટે નિયમ લેવો જોઈએ અને ચોથું તે તે દોષથી વિરુદ્ધ સ્વભાવવાળા ગુણને જીવનમાં વણી લેવાનો વિશિષ્ટ પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રકારે, જીવનચર્યામાંથી જ્યારે દોષોને સૂક્ષ્મ દૃષ્ટિથી શોધી શોધીને કાઢવામાં આવે ત્યારે જીવન નિર્મળ, સદ્‌ગુણસંપન્ન અને સદાચારી બને છે અને ધર્મ આવા જીવનરૂપી બગીચામાં સોળે કળાએ ખીલી ઊઠે છે.

**૬. ઉપયોગથી એક પળ પણ ભરનાર :** જીવનમાં પ્રત્યેક કાર્ય વિચારીને કરવાનું છે, આત્મજાગૃતિપૂર્વક કરવાનું છે. જેટલી જેટલી જાગૃતિ હશે તેટલો તેટલો બંધ ઓછો થશે. ખાતાં, પીતાં, સૂતાં, ઊઠતાં, બેસતાં, ચાલતાં, વસ્તુ લેતાં, મૂકતાં કે બીજું કોઈ પણ કાર્ય કરતાં જાગૃતિના પ્રમાણમાં પરમાર્થ વિષે સાવધાની રહેશે અને જેટલી જેટલી સાવધાની તેટલી તેટલી સમાધિ. જે જે કાર્યો કરવાથી આત્મા મૂઢતાને પામે તે કાર્યો જીવનમાં ઓછાં થઈ જાય છે. ક્રોધ, ઉતાવળ, અભિમાન, જગતના પદાર્થોનું સ્વામીપણું – આ બધું ઓછું થતાં મહાન સાધકદશા પ્રગટે છે, માટે દરેક કાર્યમાં અને પ્રસંગમાં યત્નાપૂર્વક વર્તવું.

**૭. એકાંતવાસને વખાણનાર :** ભાવથી અને

દ્રવ્યથી મોક્ષનો અર્થ એકાંત છે. આનો અર્થ એમ કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, નિંદા વગેરે ભાવોથી પોતાના આત્માને જુદો કરવો — તે ભાવોમાં તન્મય ન થઈ જવું તે ભાવમોક્ષ છે. વળી, આગળની સાધનામાં, નિર્વિકલ્પ સમાધિની વિશિષ્ટ સિદ્ધિ માટે લોકપ્રસંગોનો, સ્વજનોનો કે બીજા પદાર્થોનો પણ અપરિચય કરીને સાધના કરવાની છે. માટે મુમુક્ષુ એકાંતવાસને — અસંગપણાને અભ્યાસે છે, પ્રશંસે છે, આરાધે છે અને સિદ્ધ કરે છે.

**૮. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી :** જેનાથી તરીએ તે તીર્થ. જોકે પરમાર્થથી તો ક્ષમાદિ ગુણોરૂપે થયેલો આત્મા તીર્થ છે, પરંતુ તેવી દશા પ્રાપ્ત કરતાં પહેલાં ખૂબ પુરુષાર્થ આવશ્યક છે. જે જે ક્ષેત્રોમાં તીર્થંકરોએ, ઋષિમુનિઓએ, સંતમહાત્માઓએ અને જ્ઞાનીઓએ જન્મ લીધો હોય, તપ-ત્યાગની આરાધના કરી હોય, અનેક પ્રકારે દુઃખ અને ઉપસર્ગોને ધીરજથી અને સમતાથી સહન કર્યા હોય, યોગ-સમાધિને સિદ્ધ કર્યા હોય તે તે ક્ષેત્રોમાં તેમની પવિત્રતાનાં સ્પંદનો વ્યાપ્ત હોય છે અને સમજણપૂર્વક ત્યાં જઈને સાધના કરવાથી સાધનાની સિદ્ધિ જલદીથી થઈ શકે છે. માટે જ શાસ્ત્રકારોએ ગૃહસ્થોને અને ત્યાગીઓને સાધનામાં ત્વરિત ગતિએ આગળ વધવા શહેરના કોલાહલ-ઘોંઘાટથી દૂર, શાંત, પવિત્ર એવાં પહાડ, જંગલ આદિ પ્રદેશોમાં આવેલાં તીર્થોમાં યાત્રા કરવાની આજ્ઞા કરી છે.

**૯. આહાર, વિહાર, નિહારનો નિયમી :** સાધનાની સફળતા માટે ચિત્તની શુદ્ધિ અને એકાગ્રતા બંને જરૂરી છે. આ બંનેની સિદ્ધિ માટે આપણા આહાર, પરિભ્રમણ અને દૈહિક ક્રિયાઓનું નિયમિતપણું ખૂબ ઉપકારી હોવું ઘટે છે. સાદો, સાત્ત્વિક મિતાહાર લેવો, જેથી ઇન્દ્રિયો ઉન્મત્ત બને નહિ, આળસ થાય નહિ, રસલોલુપતા વધે નહિ - આ બધાનો ખ્યાલ રાખવો જોઈએ. પરિભ્રમણ બાબત જરૂર પૂરતું હરવુંફરવું, પરંતુ કામ વગર રખડવું, ગમે તેવી જગ્યાઓએ જવું, અથવા ત્યાગીઓએ એવો ઉગ્ર વિહાર કરવો કે જેથી શરીર હદ ઉપરાંત થાકી જાય - આ બધું વિચારીને નિવારવું. ત્રીજી વાત છે કુદરતી હાજતોની - ટટ્ટી અને પેશાબ આ બંનેની નિયમિતતાથી અમુક પ્રકારની વ્યગ્રતા મટે છે અને નિશ્ચિંતતા આવે છે. આ કારણસર આહારમાં, વિહારમાં અને નિહારમાં નિયમિત રહેવું સાધકને આવશ્યક અને શ્રેયસ્કર છે.

**૧૦. પોતાની ગુરુતા દબાવનાર :** જેમ જેમ સાધક મોક્ષમાર્ગમાં આગળ વધે તેમ તેમ તેનાં જ્ઞાન, સંયમ, પ્રભાવ, પુણ્યોદય, સુયશ, રિદ્ધિ-સિદ્ધિ વગેરે વધતાં જાય છે. આ બધાથી અંજાઈને જગતના લોકો તેને માન-પૂજા-સત્કારથી નવાજે છે. આ સમયે સાચા સાધક સાવધાન થઈ જાય છે. પોતાની ખોટી પ્રશંસા કરતા નથી, કરાવતા નથી, કરનારને ભલો જાણતા નથી. કોઈ ખોટી પ્રશંસા કરે તો ત્યાંથી ચાલ્યા જાય છે. પોતાનામાં પ્રગટેલી અનેકવિધ સિદ્ધિઓને — કોઈ ખાસ સામૂહિક કલ્યાણના કે વિશિષ્ટ પરોપકારના હેતુ સિવાય — બતાવતા નથી, પ્રસિદ્ધ કરતા નથી કે વાપરતા પણ નથી. સાચા સાધક પોતાના સદ્‌ગુરુનું અને પરમાત્માનું જ માહાત્મ્ય હંમેશાં ગાય છે અને પોતાને અલ્પજ્ઞ જ કહે છે. આવો લોકોત્તર વિનયગુણ તેમનામાં પ્રગટ્યો છે, પણ જગતના જીવોની પાસે આવો વિનય કે બીજા તેવા ઉત્તમ ગુણો જોવાની કે ઓળખવાની દૃષ્ટિ ન હોવાથી, તેઓ તે મહાપુરુષના સાન્નિધ્યથી વંચિત રહી જાય છે અને આત્મકલ્યાણનો મહાન અવસર ચૂકી જાય છે.

આ પ્રમાણે સંક્ષેપમાં ભગવાન મહાવીરના બતાવેલા માર્ગને પામવા માટેના આ દશ ઉત્તમ મુદ્દાઓ Ten Commandments પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ આપણને (વચનામૃત પત્રાંક - ૧૦૫)માં કહ્યાં છે, જેને અનુસરવાથી જગતના સમસ્ત સાધકોનું કલ્યાણ થઈ શકે છે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

પરમનો સ્પર્શ - ૮૧

# સ્વાધ્યાય : આત્માના અજવાળાંની સફર

**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**

સાધનાજગતમાં પ્રવર્તતી એક મોટી ભ્રાંતિ એ છે કે સ્વાધ્યાય એ ક્રિયા નથી. હકીકતમાં તો વાંચવું, વાગોળવું, પૂછવું જેવાં ક્રિયાપદોથી સ્વાધ્યાયની ઓળખ આપવામાં આવે છે. જરાક વિચારીએ કે જેમાં માત્ર ક્રિયાપદો જ હોય, એ અનિવાર્યપણે ક્રિયા તો હોય જ ને ! આથી સ્વાધ્યાય એ ક્રિયા છે અને એથી તપના બાર પ્રકારોમાં જે છ બાહ્ય તપ અને છ અભ્યંતર તપની વાત કરવામાં આવી છે, તેમાં અભ્યંતર તપમાં સૌથી મહત્ત્વનું તપ સ્વાધ્યાયને ગણાવ્યું છે. જૈનશાસ્ત્રકારો તો એમ પણ કહે છે કે સ્વાધ્યાય જેવું આજે કોઈ તપ નથી, પૂર્વે હતું પણ નહીં અને હવે ભવિષ્યમાં થશે પણ નહીં. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એમ ત્રણેય કાળનું આ સર્વોચ્ચ તપ છે. આથી જેમ પ્રત્યેક તપમાં ક્રિયા હોય છે, એવી જ ક્રિયા સ્વાધ્યાયમાં હોય છે; પરંતુ માત્ર બાહ્ય ક્રિયાને જ ક્રિયા સમજનારાને આ વાત સમજાશે નહીં.

બાહ્ય ક્રિયાનું અંતિમ લક્ષ્ય તો આંતરક્રિયા છે. કોઈ વ્યક્તિ ઉપવાસ કરે અને ભોજન લે નહીં એ બાહ્ય ઘટના છે; પરંતુ એની આંતરઘટના એ છે કે ઉપવાસ દ્વારા એ પોતાના આત્માની સમીપ વસતો હોય છે, આથી સ્વાધ્યાયમાં ક્રિયા હોય છે અને એ સૂક્ષ્મ ક્રિયા હોય છે. ધર્મનો હેતુ પણ સૂક્ષ્મ પરિવર્તનનો અર્થાત્ આંતર પરિવર્તનનો છે.

એક ક્રિયા તરીકે કે તપ લેખે સ્વાધ્યાયની કેટલીક વિશેષતાઓ છે. જેમકે, કોઈ વ્યક્તિએ ઉપવાસ કર્યો હોય, તો પણ એનું મન બીજે ફરતું હોય. ક્યારેક તો એનું મન ભોજનના વિચારોમાં ડૂબી જતું હોય છે. કોઈ વ્યક્તિ અમુક જ પદાર્થો ભોજનમાં લેવાનો નિયમ ધરાવતી હોય, એ વ્યક્તિ ક્યારેક વાનગીના રસાસ્વાદનો લોલુપ મનથી વિચાર કરતી હોય છે. આ રીતે ઉપવાસ, વૃત્તિસંક્ષેપ કે વૈયાવચ્ચ (સાધુની સેવા) જેવાં તપ કરતી વખતે ચિત્ત તપ પરથી ખસીને વ્યવહારમાં ડૂબી જાય એવી પૂર્ણ શક્યતા છે. જ્યારે સ્વાધ્યાય એક એવું તપ છે કે જેમાં સમગ્ર ચિત્ત કેન્દ્રિત થાય છે. જો શાસ્ત્રાભ્યાસમાં સમગ્ર ચિત્ત કેન્દ્રિત થયું ન હોય, તો સ્વાધ્યાય શક્ય જ નથી એટલે કે ચિત્તની એકલીનતા સ્વાધ્યાય માટે અનિવાર્ય છે.

જેણ બાણાવલી અર્જુનને આજુબાજુનું વાતાવરણ, વિશાળ વૃક્ષ, એની ડાળીઓ, પાંદડાં કે પક્ષીની ચાંચ પણ દેખાતી નહોતી. માત્ર જે વીંધવાની હતી તે પક્ષીની બે આંખો જ દેખાતી હતી, એવી એકાગ્રતા સ્વાધ્યાયમાં સાધવામાં આવે છે. આનું કારણ એ કે ઉપવાસ કર્યો હોય અને વ્યક્તિ કોઈ વિકારમય ફિલ્મ જોવા જાય એવું બની શકે; પરંતુ ગ્રંથના અભ્યાસ સમયે એ બીજા કશાયમાં પોતાના ચિત્તને વિકેન્દ્રિત કરી શકતો નથી. એનું સંપૂર્ણ ધ્યાન એ શાસ્ત્રના સ્વાધ્યાયમાં હોય છે. સ્વાધ્યાય એટલે માત્ર વાચન નથી. એના અર્થોને ચિત્તમાં ઉતારવાની પ્રક્રિયા છે, એના મર્મને પામવાનો પુરુષાર્થ હોય છે અને એના દ્વારા શાસ્ત્રકારના રહસ્ય સુધી કે એણે આલેખેલી ભાવનાઓ સુધી પહોંચવાનું હોય છે. આ બધાં કારણોને લીધે સ્વાધ્યાય વ્યક્તિની એકલીનતા માગે છે. હકીકતમાં તો જે એકલીન થઈ શકે અને ગ્રંથમાં ડૂબી જઈ શકે, તે જ સ્વાધ્યાય કરી શકે. આથી જ કહ્યું છે કે ઝડપથી શાસ્ત્રો વાંચી જવા કે કોઈ પ્રયોજન કે ફળની આશાએ શાસ્ત્ર-

વાચન કરવું એ સ્વાધ્યાય નથી.

ઘણીવાર વ્યક્તિ અમુક પ્રયોજનથી ક્રિયા કરતી હોય છે. અમુક ઉપવાસ કરે તો આટલું ફળ મળશે એવા પ્રયોજનથી એ ઉપવાસ કરતી હોય છે. પરિણામે એવું પણ બને કે ઉપવાસથી થતાં આત્મજ્ઞાનને બદલે ઉપવાસથી પ્રાપ્ત થતાં ફળ પર નજર ઠેરવીને ક્રિયા કરે છે. એવી જ રીતે કોઈ ધર્મક્રિયા કરતી વખતે પણ પાપનાશનું પ્રયોજન ઘણી વ્યક્તિ ધરાવતી હોય છે. હવે તો ઈશ્વરની પૂજા કરનારને એવી લાલચ આપવામાં આવે છે કે તમે આ વીતરાગી ઈશ્વરની પૂજા કરશો, તો તમારા ઘેર ધનના ભંડાર ભરાશે ! ધનના ભંડાર ભરવા માટે તો લક્ષ્મીની આરાધના કરવી જોઈએ, કિંતુ જેમણે સ્વયં લક્ષ્મીનો સર્વથા ત્યાગ કર્યો છે એવા તીર્થંકરોની આરાધના કરવાનો અર્થ શો ?

ઘણી વાર ધર્મની ઉચ્ચ ક્રિયાને ક્ષુદ્ર પ્રયોજન સાથે એવી બાંધી દેવામાં આવે છે, એ ક્ષુદ્ર કે સ્થૂળ પ્રયોજનને જોઈને જનસામાન્યને આકર્ષણ જાગે છે. કોઈ ધનપ્રાપ્તિ માટે, કોઈ સંતાનપ્રાપ્તિ માટે, કોઈ પદપ્રાપ્તિ માટે તો કોઈ પ્રતિષ્ઠાપ્રાપ્તિ માટે ક્રિયાઓ કરતા હોય છે; પરંતુ આ ક્રિયાનું અનુસંધાન એમના ભીતર સાથે એટલે કે આત્મા સાથે હોતું નથી. પરિણામે એ માત્ર બાહ્ય ક્રિયા બનીને અટકી જાય છે, જ્યારે સ્વાધ્યાય એ એક એવી ક્રિયા છે કે જે બાહ્ય ક્રિયા બની રહે એવી કોઈ શક્યતા જ નથી. એનો સંબંધ વ્યક્તિના આત્મા સાથે છે. બીજી ક્રિયાઓમાં વ્યક્તિ જેમ ખોટે માર્ગે ફંટાઈ જાય છે, એવી દહેશત સ્વાધ્યાયમાં રહેતી નથી. એ અહીં પદ કે પ્રતિષ્ઠા માગતો નથી, પુણ્યોદય પણ ચાહતો નથી. એને તો માત્ર પોતાના આત્માનાં અજવાળાંની ઇચ્છા હોય છે અને તે જ્ઞાનના પ્રકાશથી આત્મામાં અજવાળું પાથરવા પુરુષાર્થ કરે છે. આથી જ સ્વાધ્યાય નિયમિત રીતે કરવો જોઈએ એમ કહેવામાં આવે છે.

જો નિયમિત રીતે સ્વાધ્યાય ન થાય તો વ્યક્તિ એ ગ્રંથના ઊંડાણમાં ડોકિયું કરી શકતો નથી. જે જ્ઞાન ગ્રંથોમાં છે, તે એના હૃદયમાં પ્રગટવું જોઈએ અને એની મહેકનું પ્રાગટ્ય એના આચરણમાં થવું જોઈએ. શાસ્ત્રગ્રંથોનો રંગ એવો છે કે એ વ્યક્તિને એક વાર લાગે પછી છૂટતો નથી. એ વ્યક્તિ જીવનભર એ ગ્રંથોના સ્વાધ્યાયમાં ડૂબી જાય છે. સંત વિનોબાજીને 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નો કેવો રંગ લાગ્યો હતો ! પૂ. ડોંગરેજી મહારાજને 'શ્રીમદ્ ભાગવત્'નો કે વિશ્વવંદ્ય સંત પૂ. મોરારીબાપુને 'રામચરિત માનસ'નો કેવો રંગ લાગ્યો છે ! આમ, ગ્રંથનો પણ એવો રંગ લાગે છે, કે જે કદી છૂટતો નથી અને એ રંગમાં ડૂબેલી વ્યક્તિ સતત ગ્રંથમાં ડૂબેલી રહે છે, પછી તો એ વ્યક્તિ અને ગ્રંથ બંનેનો અવિનાભાવિ સંબંધ રચાઈ જાય છે. આથી સ્વાધ્યાય નિયમિત હોય એ આવશ્યક છે. કેટલાક સાધકો એને માટે દિવસનો નિશ્ચિત સમય રાખતા હોય છે અને એ સમયે અન્ય સર્વ પ્રવૃત્તિનો ત્યાગ કરીને સ્વાધ્યાય કરતા હોય છે.

સ્વાધ્યાય દ્વારા ગ્રંથનો અર્થ જાગ્રત કરવાનો હોય છે. ઋષિઓ અને જ્ઞાનીઓએ એમનાં નાનકડાં સૂત્રોમાં કેટકેટલાં અર્થ ભરી દીધા હોય છે. સ્વાધ્યાય કરતી વખતે વ્યક્તિ એ સૂત્રને વાંચવાને બદલે એના પ્રત્યેક શબ્દ પર ગહન વિચાર કરતો હોય છે. જેમ જેમ વિચાર કરતો જાય છે, તેમ તેમ એ સૂત્રોનો અર્થ એને સમજાતો જાય છે. સ્વાધ્યાય દ્વારા ગ્રંથમાં ઊંડા ઉતરવાથી જ્ઞાન પણ ફળદાયક બને છે.

અહીં એક ભયસ્થાન એ છે કે ઘણીવાર વ્યક્તિ માત્ર શાસ્ત્રનો શબ્દ પકડીને ચાલતો હોય છે. એ શબ્દની પાછળ છુપાયેલા વિરાટ અર્થ કે વિશાળ ભાવનાને જોતો નથી. એ તરણાંને જુએ છે, પણ એની ઓથે રહેલા ડુંગરને જોતો નથી. એક બહુ પ્રસિદ્ધ કથા છે કે બાર વર્ષ સુધી કાશીમાં

શાસ્ત્રાભ્યાસ કરીને ચાર પંડિતો પોતાના વતન જવા માટે નીકળ્યા. એમણે રસ્તામાં નદી પર દોડતું ઊંટ જોયું એટલે તરત જ એક પંડિતે કહ્યું કે શાસ્ત્રમાં લખ્યું છે કે 'ધર્મની ગતિ તીવ્ર છે', માટે આ ઊંટ જ ધર્મ છે. એમ કહીને એણે એ ઊંટને પકડીને પોતાની સાથે લઈ લીધું. પછી એ પંડિતો આગળ ચાલ્યા. ત્યાં સ્મશાન પર ચરતો ગર્દભ મળ્યો. તરત જ બીજા પંડિતે કહ્યું કે આપણે ભણ્યા છીએ કે 'રાજદ્વારે અને સ્મશાનમાં મળે એને મિત્ર માનવો' માટે આ ગર્દભ મારો ઈષ્ટજન છે. ત્રીજા પંડિતે કહ્યું કે શાસ્ત્ર કહે છે કે 'શુભમાં શુભ મેળવવું જોઈએ અને ઈષ્ટને ઈષ્ટ સાથે જોડવું જોઈએ,' આથી એમણે ધર્મરૂપી ઊંટ એ ઈષ્ટજન સમા ગધેડાને એક સાથે બાંધ્યા. એવામાં વચ્ચે નદી આવી. ત્રણે એના પાણીમાં ડુબવા લાગ્યા. આ સમયે ચોથા પંડિતને એ વચન યાદ આવ્યું કે, 'બધું જ નષ્ટ થતું હોય ત્યારે બુદ્ધિમાન માનવી અડધું બચાવી લે છે.' આથી એણે ત્રણેય મિત્રોના મસ્તક કાપી નાખ્યાં ! આમ, શબ્દને પકડીને શાસ્ત્રમાં ચાલનાર ઘણાં અનર્થો સર્જે છે.

હકીકતમાં તો ધર્મમાં થયેલાં ઘણા અનર્થોનું મૂળ કારણ શાસ્ત્રના શબ્દોને પકડી રાખવાનું છે. વળી, એકને એક ગ્રંથનો સ્વાધ્યાય શા માટે જરૂરી ? પાનદાનીમાં પાન રાખ્યા હોય તો તેને વારંવાર ફેરવવાં પડે છે. જો અશ્વને એક જ જગાએ બાંધો તો સમય જતાં એ ચપળતા ગુમાવે છે. વિદ્યા અને જ્ઞાનની આવી જ સ્થિતિ છે. જેમ સંગીતકાર સતત રિયાઝ કરીને પોતાની કલાની સાધના અને તેજ વધારે છે, તેમ સ્વાધ્યાય કરનારે પણ નવા નવા અર્થનો ઉઘાડ મેળવવા માટે વારંવાર શાસ્ત્ર ગ્રંથનો અભ્યાસ કરવો જોઈએ. **(ક્રમશઃ)** ■ ■ ■

## પુસ્તક સમાલોચના

**– મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

**[૧] પુસ્તકનું નામ : સંસારદુઃખ અને મોક્ષસુખ**

**લેખક :** શ્રી સુભાષભાઈ શેઠ • **પાના** - ૪૭૧ • **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૬ • **મૂલ્ય :** રૂ. ૫૦/-

**પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :** વાંકાનેર દિગંબર જૈન સંઘ
પ્રતાપરોડ, દેનાબેંકની બાજુમાં, વાંકાનેર - ૩૬૩૬૨૧,
ફોન નં. (૦૨૮૨૮) ૨૨૩૫૯૬, મો. ૦૯૭૨૫૦૧૯૦૭૩

પાકું બાઈન્ડિંગ, આકર્ષક મુખપૃષ્ઠ. આ પુસ્તકમાં સાત વિભાગો છે; જેમાં સંસારના પ્રકાર, સંસારી જીવોના ભેદ, સંસારીજીવોના દુઃખો, મોક્ષસુખ, સાચા સુખની પ્રાપ્તિના ઉપાય વગેરે બાબતોનું વિશદ નિરૂપણ કરેલ છે.

**[૨] પુસ્તકનું નામ : સંત-બોધ સુવિચારણા**

**લેખિકા :** ભાનુબેન ડી. શાહ • **પાના :** ૨૦૩

**પ્રાપ્તિસ્થાન :** ભાનુબેન ડી. શાહ, ૨૬, મીલપરા તપોવન એપા. નં.૨, કાંતા સ્ત્રીવિકાસ ગૃહ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૨ ફોન : (૦૨૮૧) ૨૨૩૯૦૬૨

આકર્ષક મુખપૃષ્ઠ છે. આ પુસ્તકમાં મહાપુરુષોના ૩૫ જેટલા બોધવાક્યોને સરળ છતાં સચોટ ભાષામાં અનેક દૃષ્ટાંતો સહ સુંદર રીતે સમજાવેલ છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૪૦)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પરમ સુખદાયક, પરમ શ્રદ્ધાદાયક, પરમ આનંદદાયક એવી પરમકૃપાળુની સમાધિ વાક્‌ધારામાં ભીંજવવા માટે આ અક્ષરાંકન છે. કે પત્રાંક : ૭૬૨. "ૐ નમઃ સર્વ દુઃખનો આત્યંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એ જ મોક્ષ છે અને તે જ પરમહિત છે. વીતરાગ-સન્માર્ગ તેનો સદુપાય છે. તે સન્માર્ગનો આ પ્રમાણે સંક્ષેપ છે : સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, અને સમ્યક્ ચારિત્રની એકત્રતા તે 'મોક્ષમાર્ગ' છે. સર્વજ્ઞના જ્ઞાનમાં ભાસ્યમાન તત્ત્વોની સમ્યક્‌પ્રતીતિ થવી તે 'સમ્યક્‌દર્શન' છે. તે તત્ત્વનો બોધ થવો તે 'સમ્યક્‌જ્ઞાન' છે. ઉપાદેય તત્ત્વનો અભ્યાસ થવો તે 'સમ્યક્‌ચારિત્ર' છે. શુદ્ધ આત્મપદ સ્વરૂપ એવા વીતરાગપદમાં સ્થિતિ થવી તે એ ત્રણેની એકત્રતા છે. સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથગુરુ અને સર્વજ્ઞોપદિષ્ટ ધર્મની પ્રતીતિથી તત્ત્વપ્રતીતિ પ્રાપ્ત થાય છે. સર્વ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, સર્વ મોહ અને સર્વ વીર્યાદિ  અંતરાયનો ક્ષય થવાથી આત્માનો સર્વજ્ઞવીતરાગ સ્વભાવ પ્રગટે છે. નિર્ગ્રંથપદના અભ્યાસનો ઉત્તરોત્તર ક્રમ તેનો માર્ગ છે. તેનું રહસ્ય સર્વજ્ઞોપદિષ્ટ ધર્મ છે." આ ગુપ્ત જ્ઞાન સરસ્વતીધારામાં ભીંજાવવું તે આત્મધર્મ છે. એક વાર ભીંજાયા પછી સાદિ અનંત અનંત સમાધિ સુખમાં રહેવાય એવી રાજરસ, રાસલીલા છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય રચિત 'સમાધિતંત્ર' ગ્રંથનું આત્મરસપાન કરી રહ્યા છીએ. ગતાંક શ્લોક ચોવીસના ઉત્તરાર્ધનો અભ્યાસ કર્યો હતો. શ્લોક ચોવીસમાં આચાર્યભગવન્ત બોધ આપે છે કે શુદ્ધાત્મના અભાવે અજ્ઞાનદશામાં હતો. સૂઈ રહ્યો હતો. હવે આત્મ-પરિજ્ઞાન થતાં જાગૃત થયો. આનંદરસનો અનુભવ કર્યો. અનુભવમાંથી બહાર આવતાં આત્મા કેવો છે તેનું સમ્યક્‌જ્ઞાન થયું ત્યારે કહ્યું કે આત્મા અતીન્દ્રિય રૂપે બિરાજમાન છે. તે વાણીથી અગોચર એટલે અનિર્દેશ્ય છે તથા સ્વસંવેદનથી ગમ્ય છે.

હવે આચાર્યદેવ ઘોષિત કરે છે કે જેણે સ્વરૂપનું વેદન કર્યું છે — અતીન્દ્રિયરૂપે આત્માને અનુભવ્યો છે તેના રાગાદિનો વિશેષ ક્ષય થાય છે. ક્વચિત્ પણ શત્રુમિત્રની કલ્પના રહેતી નથી તે દર્શાવતા શ્લોક પચ્ચીસમાં કહે છે —

**क्षीयन्तेऽत्रैव रागाद्यास्तत्त्वतो मां प्रपश्यतः ।**

**बोधात्मानं ततः कश्चित् न मे शत्रुर्न च प्रियः॥२५॥**

**અન્વય :**

**तत्त्वतो मां बोधात्मानं प्रपश्यतः अत्रैव रागाद्यां क्षीयन्ते ततः मे न कश्चित् शत्रुः च न प्रियः ॥**

**શબ્દાર્થ :** तत्त्वतः - તત્ત્વદષ્ટિથી, मां - મારો, बोधात्मानं - જ્ઞાનસ્વરૂપ આત્માનો, प्रपश्यतः - અનુભવ કરવાથી, अत्रैव - અહીં જ એટલે આ જન્મમાં જ, रागाद्याः - રાગદ્વેષ આદિ ભાવ, क्षीयन्ते ततः - એટલા માટે, न मे कश्चित् शत्रुः - મારે ન કોઈ શત્રુ છે, च न प्रियः - અને ન કોઈ મિત્ર છે.

**ભાષાંતર :** તત્ત્વદષ્ટિથી મારા જ્ઞાન સ્વરૂપ આત્માનો અનુભવ કરતાં જ અહીંજ રાગદ્વેષાદિ ભાવ નષ્ટ થાય છે. એટલે મારે કોઈ શત્રુ નથી તથા મારે કોઈ મિત્ર નથી.

**ભાવાર્થ :** આચાર્યશ્રી પૂજ્યપાદદેવ 'સમાધિતંત્ર' ગ્રંથમાં પૂર્ણ સમાધિસ્થને પામી શકાય તેનો રાજપથ દર્શાવે છે. જે રાજપથનું આરોહણ કરે છે તે પૂર્ણસમાધિસ્થ થાય છે. બહિરાત્મા હતો ત્યારે જીવ આત્મભ્રાંતિમાં ભીંસાતો હતો. અહમ્ મમ્ ના ચક્રમાં ઘૂમરાતો હતો. હવે સદ્‌ગુરુના બોધવચનનો આયામી થઈને, તત્ત્વદૃષ્ટિમાં દૃષ્ટિને સમ્યક્ કરી સ્વશ્રદ્ધા આત્મ નિમ્મજ્જિત થતાં તેને આત્મા જ નઝરાયા કરે છે. જ્ઞાનધારામાં જ ભીંજાય છે. કર્મધારામાં જીવતાં પણ જ્ઞાનધારામાં પ્રતીતરૂપ તે જ ધારા રહ્યા કરે છે.

આચાર્યદેવ કહે છે કે તત્ત્વદૃષ્ટિથી અર્થાત્ શુદ્ધ નિશ્ચયનયથી અંતરાત્મા પોતાના સારસ્વરૂપ આત્માને દેખે છે. આત્મા જ્ઞાન સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ, આનંદ સ્વરૂપ ભાસે છે. એ સ્વરૂપમાં રાગદ્વેષ આદિની કલ્પના પણ રહેતી નથી. ત્યાં એ અંતરવિચારણામાં મારે કોઈ શત્રુ પણ નથી અને મિત્ર પણ નથી. બીજો ભાવ એવો પણ થાય છે કે આત્મા-જ્ઞાયકના અનુભવમાં કોઈ નાનું કે મોટું, મિત્ર કે શત્રુ, સ્તુતિ કે નિંદા જણાતા નથી. બધા જ્ઞાનસ્વરૂપી આત્મા જ જણાય છે. જેમ જેમ દશા વધતી જાય છે તેમ તેમ શત્રુ-મિત્ર જણાતા નથી. રાગાદિ ક્ષય થતાં જાય છે. ભૂમિકાની વૃદ્ધિ થતાં દશમા ગુણસ્થાને રાગદ્વેષાદિ જતાં રહે છે. તદ્‌ભવ મોક્ષગામી હોય તો બારમા ગુણસ્થાને મોહ ક્ષીણ થઈ જાય છે તથા અરિહંત તીર્થંકર પ્રભુના સમવસરણમાં જાતિવિરોધ જીવોનો વૈરભાવ પણ જતો રહે છે. સ્વાનુભવ જ એવો મંત્ર છે કે રાગદ્વેષ આદિનું વિષમવિષ નષ્ટ થાય છે.

જ્યારે આત્મા પ્રબુદ્ધ થઈ યથાર્થ વસ્તુસ્થિતિનો અનુભવ કરે છે ત્યારે તેની રાગદ્વેષ રૂપ ઈષ્ટ-અનિષ્ટ કલ્પના મટી જાય છે. '૭ પદના પત્ર'માં મોક્ષમાર્ગ પ્રકાશક પરમકૃપાળુદેવ લખે છે, "સર્વ વિભાવ પર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે; એમ સ્પષ્ટ પ્રત્યક્ષ - અત્યંત પ્રત્યક્ષ, અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઈષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી." બાહ્ય સામગ્રીના સાધક-બાધક મનાતા જીવો પ્રત્યે તેને ઉપેક્ષાબુદ્ધિ રહે છે. તેથી તે ન તો કોઈને શત્રુ સમજે છે કે ન તો કોઈને મિત્ર માને છે. આત્મસ્વરૂપની ભાવનાનું આંતરિક બળ આંતરિક શુદ્ધ ભાવને દૃઢ કરે છે.

**વિશેષાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્યે આ ગ્રંથના પ્રદાનથી તેઓશ્રીએ ગાગરમાં સાગર ભર્યો છે. આ શ્લોકને વિશેષાર્થથી સમજવા અભ્યાસી થઈએ.

**(૧) तत्त्वतः मां बोधात्मानं प्रयश्यतः** - તત્ત્વદૃષ્ટિથી મારા જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ થવાથી - હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું એવો અનુભવ થતાં રાગાદિનો ક્ષય થાય છે. અંતરાત્માનો અનુભવ છે. સુષુપ્ત અવસ્થામાં ભ્રાંતિમાં હતો ત્યારે અભિપ્રાયની વિપરીત દૃષ્ટિથી 'દેહ તે હું છું. બાહ્ય સંબંધીઓ મારા છે' એવી માન્યતામાં જીવતો હતો. સદ્‌ગુરુના સમ્યક્ માર્ગ આરાધવાથી - અપ્રમાદી પુરુષાર્થથી અંતરાત્મપદ પ્રાપ્ત થયું. તત્ત્વદૃષ્ટિથી જ્ઞાનસ્વરૂપ આત્મપદનો અનુભવ થયો. હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું અને પરભાવથી ભિન્ન છું.

ગ્રંથાધિરાજ સમયસારની ગાથા ૭૩માં આચાર્યપ્રવરશ્રી કુંદકુંદદેવ લખે છે :

अहमिक्को खलु शुद्धो णिम्ममुओ णाणदंसणसमग्गो ।
तम्हि ठिओ तच्चित्तो सव्वे एए खयं णेमि ॥

**આ ગાથાનું હરિગીત :**

"છું એક શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું,
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું."

અંતરાત્મા વિચારે છે કે નિશ્ચયથી હું એક

છું. શુદ્ધ છું. મમતારહિત છું. જ્ઞાનદર્શનથી પૂર્ણ છું. જ્ઞાયકમાં રહેતો ચૈતન્ય અનુભવમાં લીન થાઉં છું. ક્રોધાદિ સર્વ ભાવો ત્યારે ક્ષય થાય છે. અંતરાત્મા સ્વાનુભવમાં લીન થાય છે ત્યારે ક્રોધાદિ કે શત્રુ-મિત્રના વિકલ્પો ચાલ્યા જાય છે. જેમ સમુદ્રનાં વમળે કેટલાક કાળથી વહાણને પકડી રાખ્યું હોય, પણ વમળ શમે ત્યારે તે વહાણને છોડી દે છે. તેમ આત્મા અનુભવમાં આવતાં પરભાવ છૂટી જાય છે. શત્રુ કે મિત્રની કલ્પના રહેતી નથી.

'अर्हतभाष्य' માં बोधः નો અર્થ કેવળજ્ઞાન કર્યો છે. કેવળજ્ઞાન સ્વરૂપ આત્માનો અનુભવ રાગાદિને ક્ષય કરે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તેની સાથે અનંતગુણનું પરિણમન સમાય છે.

શ્રી દીપચંદજી પંડિત 'અનુભવ પ્રકાશ'માં જ્ઞાનીને ધન્યવાદ આપે છે. તેઓશ્રીના શબ્દોમાં "નટ સ્વાંગ ધરીને નાચે છે. જો સ્વાંગ ન ધારે તો પરરૂપ નાચવું મટે છે. મમત્વથી પરરૂપ થઈ થઈ આ જીવ ચોરાશીના સ્વાંગ ધરી નાચે છે. મમત્વને મટાડી સહજપદને ભેટી સ્થિર રહે તો નાચવું ન થાય. ચંચળતા મટતાં ચિદાનંદનો ઉદ્ધાર થાય છે. જ્ઞાનદૃષ્ટિ ખૂલે છે. સ્વરૂપમાં સ્થિર થતાં ભવભ્રમણ નાશ પામે છે. માટે જે સ્વરૂપમાં સદા સ્થિર રહે તેને ધન્ય છે." અનુભવનો મહિમા ગયો છે. બહિરાત્મા બહારમાં-પરભાવમાં સદા વ્યસ્ત રહેતો ભવભ્રમણની વૃદ્ધિ કરે છે. જ્યારે ભ્રાંતિથી નિવૃત્ત થાય છે, પરમજ્ઞાનીપુરુષથી આત્મતત્ત્વને યથાર્થ દૃષ્ટિથી સમજે છે, તે પ્રમાણે ધગશથી અભ્યાસ કરે છે ત્યારે અંતરાત્મામાં પદાર્પણ થાય છે. તે અંતરાત્મા અનુભવના ગાણા-ગીત લલકારે છે. 'અનુભવી એકલું રે આનંદમાં રહેવું રે' - આનંદની અસ્તિની મસ્તીમાં મસ્ત રહેતા, અસ્તિ વધુને વધુ ઘેરી બનતી જાય છે. અંતે મોક્ષદશાની અખંડ ધરીને આંબીને સદાકાળ સાદિ અનંતકાળ સુધી જામી જાય છે. પૂ. આચાર્યભગવન્તની અપૂર્વ ભાવદશા આ ગ્રંથમાં સર્વત્ર જણાય છે.

(૨) **अत्रैव रागाद्याः क्षीयन्ते** - અહીં જ રાગદ્વેષ આદિ ક્ષય પામે છે. આત્મા આત્મામાં સ્થિર થાય છે ત્યારે રાગદ્વેષ આદિ ક્ષય પામે છે. અંતરાત્મા ભૂમિકા પ્રમાણે સ્વ પુરુષાર્થના અપૂર્વ જોરે આગળ વધે છે. અંતે પૂર્ણપણે રાગ-દ્વેષ આદિ સંતતિ નાશ પામે છે. અત્ર एव - અહીં જ અર્થાત્ જે જે સમયે અંતરાત્મા નિજવૈભવમાં લીન થાય છે ત્યારે ત્યારે રાગદ્વેષ નાશ પામે છે.

શ્રી આચાર્ય ભગવન્ત પહેલા નાશ પામે કે પછી નાશ પામે એવી નકારાત્મક કે હલકી વાત કરતાં નથી. અત્રૈવ - અત્યારે જ નાશ પામે છે. અનુભવનું પરિણમન તુરત જ સાધકને પ્રાપ્ત થાય છે. આત્મા અનાદિકાળથી મોહના ઉદયથી અજ્ઞાની હતો તે શ્રી પરમગુરુના ઉપદેશથી અને સ્વ પુરુષાર્થના બળે અંતરાત્મા થયો. પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું કે —

"હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુ માત્ર નથી અરે."

હું શુદ્ધ, બુદ્ધ, સદા જ્ઞાનદર્શનમય છું - આવું જાણવાથી મોહ સમૂળો નષ્ટ થયો. समूलं मोह उन्मूल्य - મોહ તેના મૂળ સાથે નાશ પામ્યો. અત્રૈવ ક્ષીયન્તે કહીને અહીં જ મોહનો નાશ થાય છે એવી આચાર્યદેવની પરમ વીતરાગીદૃષ્ટિને નમોનમઃ । દેવોએ પણ જેના પાદચરણ પૂજ્યા છે તે શ્રી પૂજ્યપાદસ્વામીને નમોનમઃ.

જેટલો જેટલો સ્વભાવનો આશ્રય થતો જાય છે તેમ તેમ મોહ નિર્મૂળ થાય છે. શ્રી આચાર્યદેવ તો કહે છે કે અત્રૈવ रागाद्याः क्षीयन्ते । શ્રેણીથી ઉપડેલો જીવ શ્રેણીથી મોહનો આમૂલ ક્ષય કરે છે.

**(અનુસંધાન પાના નં. ૨૦ પર...)**

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૪)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા - ૪)**

**तुम गुणचिंतत निज पर विवेक,**
**प्रगटे विघटे आपद अनेक,**
**तुम जगभूषण दूषण वियुक्त,**
**सब महिमायुक्त विकल्प मुक्त ।**

**શબ્દાર્થ :** તમારા ગુણોનું ચિંતન કરવાથી સાધકને સ્વ-પરનું ભેદજ્ઞાન થઈ જાય છે અને મિથ્યાત્વ દશામાં (અજ્ઞાન દશામાં) થવાવાળા અનેક વિકારોનો નાશ થઈ જાય છે. હે પ્રભુ ! આપ સમસ્ત દોષોથી રહિત છો, સર્વ વિકલ્પો (વિકાર)થી મુક્ત છો. સર્વ પ્રકારની મહત્તાને ધારણ કરવાવાળા છો તથા સમસ્ત વિશ્વના ભૂષણ છો.

**વિશેષ વિચારણા :**

ભગવાન કેવા છે ?

"કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ, ભવ અંતનો ઉપાય છો."

**– શ્રી રાજચંદ્ર વચનામૃત પત્રાંક-૯૦૨**

આ દર્શનસ્તુતિની વિશેષતા છે કે તેમાં આધ્યાત્મિક દૃષ્ટિ અને સિદ્ધાંત પદ્ધતિનો સમન્વય કર્યો છે. જો સાધકને આ રહસ્ય સમજાય તો તેને પરમાત્મા સાથે પરમ પ્રેમ પ્રગટ થઈ જાય, જેથી નિરંતર તેને પ્રભુસ્મરણ રહ્યા કરે. અતિ વિચક્ષણ પુરુષો-મહાપુરુષોને આવો પરમપ્રેમ (પરાભક્તિ) પ્રગટી જાય છે.

જે ભવ્ય જીવને પરમાત્માની બાહ્યાંતર ઓળખાણ થાય છે તેને પોતાના સ્વરૂપની પણ પ્રતીતિ થઈ જાય છે.

- જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ,
  લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.

**– શ્રીમદ્ રાજચંદ્રજી**

**પરમાત્માના ગુણોનું વર્ણન :**

ભગવાનના ગુણોનું વર્ણન વાણીથી થઈ શકવા યોગ્ય નથી. યથા -

"ઘનાકાર કરિ લોક પટ, સકલ ઉદધિ મસિ તંત,
લિખે શારદા કલમ ગહિ, તદપિ ન તુવ ગુણ અંત."

**શબ્દાર્થ :** સમગ્ર લોકનો કાગળ બનાવવામાં આવે, આખા સમુદ્રની શાહી બનાવે અને શ્રી સરસ્વતી માતા કલમ લઈને લખે તો પણ હે પ્રભો ! તમારા ગુણોનો પાર ન પામી શકે.

- જોગીશ્વર ના જાણે ભેદો,
  ગુણલા ગાતાં થાકે વેદો,
  પામર ક્યાંથી જાણે પુનિતને,
  ગુણગુણના ભંડાર પ્રભુજી.

**–શ્રી પુનિત મહારાજ**

- ઘનઘાતીકર્મ વિહીન ને
  ચોત્રીસ અતિશય યુક્ત છે;
  કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ
  યુક્તશ્રી અરિહંત છે.

**– શ્રી નિયમસાર - ૭૧**

**અર્થ :** જેઓએ ચાર ઘાતીકર્મોનો નાશ કરી દીધો છે. (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય

અને અંતરાય), ૩૪ અતિશયોથી યુક્ત છે અને કેવળજ્ઞાન (અનંતજ્ઞાન) અનંતદર્શન, અનંતસુખ અને અનંત વીર્યથી યુક્ત છે તે અરિહંત પરમાત્મા છે. અરિહંત ભગવાન (દેહસહિત પરમાત્મા)ના ૪૬ વિશેષ ગુણ કહ્યાં છે : ૪ અનંત ચતુષ્ટય, ૩૪ અતિશય તથા ૮ પ્રાતિહાર્ય; જેનું વિશેષ વર્ણન 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ' આદિમાં કરેલું છે.

**અરિહંત ભગવાનનું બાહ્ય સ્વરૂપ :**

તીર્થંકર ભગવાન (વિશિષ્ટ અરિહંત) દેવો દ્વારા નિર્મિત મહાવૈભવશાળી સમવસરણમાં સિંહાસન ઉપર, કૃત્રિમ કમલાસન ઉપર ચાર આંગળ ઊંચા આકાશમાં બિરાજે છે. પરમાત્માનું શરીર અત્યંત શુભ પરમાણુઓથી બનેલું હોય છે. તેથી તેમના દેહને પરમ ઔદારિક દેહ કહેવાય છે. તેમને પ્રથમ પ્રકારનું શરીર સંહનન હોય છે. (વજ્રવૃષભનારાચ સંહનન)

**(તીર્થંકર) અરિહંત પરમાત્માનું અંતરંગ સ્વરૂપ**

મુખ્ય ત્રણ વિશિષ્ટ ગુણોના ધારક :

૧. **વીતરાગ :** જેમના રાગદ્વેષ સંપૂર્ણપણે નાશ પામ્યા છે.

૨. **સર્વજ્ઞ :** લોકાલોક તેમનામાં સહજ પ્રતિબિંબિત થાય છે.

૩. **હિતોપદેશક :** તીર્થંકર નામકર્મના ઉદયને લીધે તેઓના આત્મપ્રદેશોથી ૐકાર રૂપ દિવ્યધ્વનિ પ્રવહે છે.

તે ઉપરાંત નવકેવલલબ્ધિઓ પ્રગટે છે :

ચાર અનંત ચતુષ્ટય : અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય.

પાંચ લબ્ધિ અંતરાયકર્મના ક્ષયથી પ્રગટે છે : ૧. અનંતલાભ, ૨. અનંતદાન, ૩. અનંતભોગ, ૪. અનંતઉપભોગ, ૫. ક્ષાયિકસમ્યક્ત્વ.

પરમાત્માના આવા અલૌકિક ગુણોનું ચિંતવન કરતાં કરતાં ઉત્તમ સત્પાત્ર સાધકને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનું ભાન થઈ જાય છે. યથા -

- જે જાણતો અરિહંતને, ગુણ દ્રવ્યને પર્યયપણે;
  તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.

**— શ્રી પ્રવચનસાર - ૮૦**

- સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
  સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.

**— શ્રી આત્મસિદ્ધિ ગાથા - ૧૩૫**

- શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;
  બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.

**— શ્રી આત્મસિદ્ધિ - ૧૧૭**

હવે જ્યારે સાધક પોતાના આત્માને જાણે છે તે જગતના સર્વ આત્માઓ તથા સર્વ પુદ્‌ગલ આદિ પદાર્થોને પણ લક્ષણથી જાણી લે છે.

"જબ જાન્યો નિજરૂપ કો, તબ જાન્યો સબ લોક,
નહિ જાન્યો નિજરૂપકો, સબ જાન્યો સો ફોક."

આમ, મોક્ષાભિલાષી મુમુક્ષુને પરમાત્માના ગુણો ચિંતવતા ચિંતવતા સ્વ-પરનો વિવેક જાગૃત થઈ જાય છે. આત્મા-અનાત્માનું ભેદજ્ઞાન થઈ જવાથી દેહ જે પુદ્‌ગલોનો સમૂહ છે તેને લક્ષણ દ્વારા પોતાથી જુદો જાણે છે અને આત્મધ્યાનમાં સ્થિત થઈ તેનો અનુભવ પણ કરે છે. વિશેષ સૂક્ષ્મતાથી વિચારતાં પોતાના આત્મામાં થતાં રાગદ્વેષ આદિ વિકારો (જે કર્મના ઉદયમાં જોડાવાથી થાય છે) તેમને પણ પોતાથી ભિન્ન જાણી તેમનો અપરિચય કરી પ્રજ્ઞાછીણી દ્વારા ક્ષીણ કરી નાખે છે.

**તુમ જગ ભૂષણ :** એટલે પરમાત્મા તથા સંતો જ આ જગતના ખરા ભૂષણ છે, જેથી આ વિશ્વ શોભાયમાન છે. જો સમયે સમયે મહાપુરુષો ન થાય તો સમગ્ર વિશ્વના જીવો મૃતપ્રાયઃ થઈ જાય

કારણ કે અધમ પાપ કરતાં તેમને કોણ બચાવે ? કોણ ધર્મની રક્ષા કરે ? પરમાત્મા જ ધર્મના નાયક છે - ત્રિલોકના નાથ છે.

**દૂષણ વિયુક્ત :** પરમાત્મા સર્વ દોષોથી રહિત છે, અને હું અનંત દોષોથી ભરેલો છું એવું સાધકને ભાન થાય છે. ભગવાન મુખ્ય અઢાર દોષથી રહિત છે - ક્ષુધા, તૃષા, નિદ્રા, જન્મ, જરા, મરણ, રાગ, દ્વેષ, મોહ, મદ, શોક, ખેદ, ભય, ચિંતા, અરતિ, રોગ, વિસ્મય અને પ્રસ્વેદ. કેવળજ્ઞાન પ્રગટ થતાં જ આત્મા ઉપરોક્ત અઢાર દોષોથી રહિત થઈ જાય છે.

આવું પરમાત્માનું અલૌકિક ઉત્કૃષ્ટ માહાત્મ્ય છે. હે પ્રભો ! તમે સર્વકર્મોનો નાશ કરી દીધો છે તેથી તેનાથી થવા યોગ્ય સર્વ વિકારો-વિભાવભાવોથી પણ મુક્ત થઈ ગયા છો.

આ રીતે પરમાત્માના દર્શન કરતાં અને તેમના અચિંત્ય ગુણોનું ચિંતન કરતાં કરતાં સાધકને સમ્યક્દર્શન પ્રગટી જાય છે. તેથી જ પરમાત્માના દર્શન સમ્યક્ત્વપ્રાપ્તિનું ઉત્તમ બાહ્ય નિમિત્ત કહ્યું છે.

આચાર્યપ્રવર શ્રી માનતુંગાચાર્યે શ્રી ભક્તામર સ્તોત્રમાં ભગવાનના ગુણો ગાયાં છે -

"સદ્‌ગુણોથી ભરપૂર તમે,
ચંદ્રવત્ શોભનારા,
દેવોના યે ગુરુ નવ શકે,
ગુણ ગાઈ તમારા;
જે સિંધુમાં પ્રલય સમયે
ઊછળે પ્રાણીઓ રે,
તેને ક્યારે પણ તરી શકે, કોણ રે બાહુ જોરે ?"

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ફરમાવે છે,

"તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ-સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો."

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

## રંગે રમે

- પૂર્ણિમાબેન શાહ

હે રંગે રમે, આનંદે રમે, આજ રાજભક્તો રંગે રમે,
હે પ્રભુજીને દેખી એ તો પાય નમે, આજ રાજભક્તો. (૧)

સદ્‌ગુરુદેવનો વિનય કરતાં, રાજપ્રભુનો બોધ હૈયે ધરતાં;
અમૃતવાણીને ઉરે ઉતારે, આજ રાજભક્તો રંગે રમે. (૨)

ક્રોધની સામે ક્ષમાને ધારતાં, માનની સામે દીનતા ભજતાં;
લોભને જીતતાં સંતોષે, આજ રાજભક્તો રંગે રમે. (૩)

રાગ ને દ્વેષ તજી સમભાવે રહેતાં, પંચવિષયને એ તો ત્યજતાં;
પંચ પ્રમાદમાં એ નવ ભળે, આજ રાજભક્તો રંગે રમે. (૪)

શત્રુ ને મિત્રને સમાન ગણતાં, માન-અપમાનનો ભેદ ન લહતાં;
સમપરિણામે એ તો પરિણમે, આજ રાજભક્તો રંગે રમે. (૫)

દોષદષ્ટિને એ તો ત્યજતાં, લૌકિક ભાવને એ તો વમતાં;
કર્મના મળને એ તો હણે, આજ રાજભક્તો રંગે રમે. (૬)

દેહની મૂર્ચ્છાને એ તો ત્યજતાં, આત્મસ્થિરતાને એ તો ભજતાં;
સ્વરૂપસ્થિતિને એ તો લહે, આજ રાજભક્તો રંગે રમે. (૭)

આરંભને પરિગ્રહને ત્યજતાં, વૈરાગ્યને ઉપશમને ભજતાં;
જે મળે તેમાં સંતોષે રહે, આજ રાજભક્તો રંગે રમે. (૮)

જડચેતનનો ભેદ સમજતાં, અભિનિવેશને મનથી ત્યજતાં;
સત્સંગમાં એ તો રાચી રહે, આજ રાજભક્તો રંગે રમે. (૯)

સદ્‌ગુરુવાણી હૈયે ધરતાં, જીવનમાં તે બોધ આચરતાં;
સ્વ ને પરનું હિત કરે, આજ રાજભક્તો રંગે રમે. (૧૦)

સર્વ જીવોને સમાન ગણતાં, વીર પ્રભુના માર્ગે વળતાં;
શુદ્ધ આતમનો લક્ષ લહે, આજ રાજભક્તો રંગે રમે. (૧૧)

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)
(ક્રમાંક - ૧)

બા.બ્ર.શ્રી સુરેશજી

★ **સમ્યક્ચારિત્રનું સ્વરૂપ**

**'સમ્યક્'** નો અર્થ છે યથાર્થ અર્થાત્ સમીચીન અને ચારિત્ર નો અર્થ છે આચરણ, જેનો અર્થ પોતાના નિજ સ્વરૂપમાં રમણ કરવું એમ થાય છે. અર્થાત્ પોતાનું નિજસ્વરૂપ મૂળરૂપે જેવું છે તેના જેવું થઇ જવું (તે રૂપ થઇ જવું). તેમાં ત્યારે જ રમણ કરી શકાય છે કે જ્યારે તેમાંથી તે સર્વ વિકારીભાવ નીકળી જાય કે જે પરદ્રવ્યોના નિમિત્તથી ઉત્પન્ન થાય છે. પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન થયેલ જીવના વિકારીભાવોને કષાય કહે છે. આ કષાયભાવ કે જે જીવને પોતાના સ્વરૂપમાં તન્મય થવામાં મુખ્યરૂપે બાધારૂપ છે તેમનું નષ્ટ થઇ જવું એ જ સ્વાત્મોપલબ્ધિનું અનન્ય કારણ છે. જેમ જેમ આત્મામાં કષાય- ભાવોનો અભાવ થતો જાય છે તેમ તેમ ચારિત્રનો વિકાસ થતો જાય છે. સ્વરૂપાનંદને રોકનાર કષાયો મુખ્યરૂપથી ચાર પ્રકારે કહ્યાં છે. વસ્તુ સ્વરૂપની યથાર્થ પ્રતીતિમાં અવરોધરૂપ **'અનંતાનુબંધી'** કષાયો છે. તેના સદ્ભાવમાં જીવને પરદ્રવ્યોમાં ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ રહ્યા કરે છે. જે દેશસંયમના ભાવ થવામાં અવરોધરૂપ છે તેને **'અપ્રત્યાખ્યાનાવરણીય કષાય'** કહેવાય છે. તેના સદ્ભાવમાં જીવ અલ્પમાત્ર પણ વિષયપ્રવૃત્તિને ત્યાગવામાં અસમર્થ બને છે. જે સકલસંયમના ભાવોમાં અવરોધરૂપ છે તેને **'પ્રત્યાખ્યાનાવરણીય'** કષાય કહે છે. તેના સદ્ભાવમાં જીવ આંશિક વિષયપ્રવૃત્તિ તો ત્યાગી શકે છે, પરંતુ સર્વપ્રકારે વિષયપ્રવૃત્તિ રોકવામાં અસમર્થ થઇ જાય છે. જે જીવને પોતાના યથારૂપ પૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા કરવામાં બાધક છે તેને **'સંજ્વલન'** કષાય કહે છે. તેના સદ્ભાવમાં જીવ પોતાના પૂર્ણ વીતરાગ સ્વરૂપમાં સદાય માટે સ્થિર રહી શકતો નથી. આત્મામાં સૂક્ષ્મરૂપથી તે દાહ ઉત્પન્ન કરે છે. તેથી તેને **'સંજ્વલન'** કષાય કહે છે.

**અનંતાનુબંધી** કષાયના અભાવથી આત્મામાં શમ, સંવેગ, આસ્થા, અનુકંપા, વૈરાગ્ય, વિવેક આદિ ગુણોની ઉત્પત્તિથી પરદ્રવ્યો તથા પરભાવોમાં અતન્મયતારૂપ સમ્યક્ત્વાચરણ ચારિત્ર ઉત્પન્ન થાય છે. આમાં સંકલ્પપૂર્વક અલ્પ પણ વિષયનો ત્યાગ હોતો નથી, પરંતુ અંતરંગમાં વિષયો પ્રત્યે વૈરાગ્ય તથા દુઃખબુદ્ધિ રહ્યા કરે છે. **અપ્રત્યાખ્યાનાવરણીય** કષાયના અભાવથી આત્મામાં કષાયોના મૂળ એવા વિષયોના ત્યાગની આંશિક સંકલ્પશક્તિ જાગ્રત થાય છે, જેથી જીવ પોતાના સામર્થ્યનુસાર સંકલ્પપૂર્વક આંશિકરૂપથી વિષયોનો ત્યાગ કરે છે; જે દેશચારિત્ર, દેશસંયમ, સંયતાસંયત આદિ નામે ઓળખાય છે. આમાં, અનૈતિકરૂપથી વિષયોમાં પ્રવૃત્તિનો સર્વથા અભાવ થઇ જાય છે. **પ્રત્યાખ્યાનાવરણીય** કષાયના અભાવથી જીવમાં બુદ્ધિપૂર્વક સર્વ પ્રકારના વિષયોમાં પ્રવૃત્તિઓનો ત્યાગ થઇ જાય છે. આહાર, વિહાર, ધર્મોપદેશાદિ જે પ્રવૃત્તિઓ રહે છે તે પણ માત્ર પરમાર્થના હેતુથી તથા પરિપૂર્ણ સ્વરૂપસ્થિરતાના અભાવની વિવશતાના કારણે થાય છે. આમાં જીવ બુદ્ધિપૂર્વક થતી સર્વપ્રકારની હિંસાનો ત્યાગી થઇ જાય છે. આને સકલચારિત્ર કે સકલસંયમ કહે છે. **સંજ્વલન** કષાયોના અભાવથી આત્માની અંતરંગ તથા બહિરંગ સર્વ પ્રકારની વિષયપ્રવૃત્તિઓનો સદા માટે સર્વથા ત્યાગ થઇ જાય છે તથા આત્મા પોતાના યથાવત્ વીતરાગ સ્વરૂપમાં પરિપૂર્ણરૂપે સ્થિર થઇ જાય છે. આ અવસ્થામાં સર્વ કષાયોનો નાશ થઇ જવાથી આત્મા પોતાના પરિપૂર્ણ, સહજ, નિરાકુળ,

અતીન્દ્રિય સુખનો ભોક્તા થઇ જાય છે તેને યથાખ્યાતચારિત્ર કહે છે. અહીં જ્યાં જ્યાં કષાયોનો અભાવ એમ કહ્યું છે ત્યાં પ્રસંગાનુસાર ક્ષય, ક્ષયોપશમ તથા ઉપશમ સમજી લેવું. કહેવાનો આશય એ છે કે કષાયોની નિવૃત્તિ જ ચારિત્રનું અનન્ય કારણ છે એવું જાણીને સર્વ પ્રકારના ઉદ્યમથી કષાયોને ક્ષીણ કરવાના પુરુષાર્થમાં લાગી જવું જોઇએ.

પરંતુ કષાયોનો વિષયો સાથે અન્યોન્ય સંબંધ છે અર્થાત્ જ્યાં વિષયોમાં પ્રવૃત્તિ થાય છે ત્યાં થોડા-ઘણા પણ કષાય હોય જ છે અને કષાયોની ઉત્પત્તિનું નિમિત્ત વિષયો છે. તેથી જેટલો જેટલો વિષયોનો અપરિચય તથા નિરોધ થશે, તેટલું તેટલું કષાયોથી નિવર્તન થશે. આ વાતની ગહન વિચારણા કરીને સ્વરૂપનિષ્ઠ જ્ઞાની ભગવંતોએ **'ત્યાગમાર્ગ'** પ્રવતાવ્યો છે કે જે ચારિત્રનો રાજમાર્ગ છે. આના વગર જિનરાજ પણ પોતાના પરિપૂર્ણ સ્વભાવને ઉપલબ્ધ કરી શકતા નથી. ખરેખર બહિરંગ વિષયોનો ત્યાગ કષાયોના ત્યાગ માટે જ કહ્યો છે. તેથી કષાયત્યાગ ચારિત્રપ્રાપ્તિનું અંતરંગ કારણ છે તથા વિષયત્યાગ બહિરંગ કારણ છે અથવા કષાય નિવૃત્તિ અંતરંગ ચારિત્ર છે તથા વિષય નિવૃત્તિ બહિરંગ ચારિત્ર છે અથવા કષાયનિવૃત્તિ નિશ્ચય ચારિત્ર છે તથા વિષયનિવૃત્તિ વ્યવહાર ચારિત્ર છે. વ્યવહાર ચારિત્રનો મુખ્ય ઉપાય નિયમ, વ્રતાદિ ગ્રહણ કરવા તે છે તથા નિશ્ચય ચારિત્રનો મુખ્ય ઉપાય સ્વ-પરનું ભેદ-વિજ્ઞાન કરીને પોતાના શાંત, નિરાકુળ, જ્ઞાનાનંદ સ્વરૂપમાં સ્થિરતા કરવી તે છે અથવા વિષયોમાં યોગોની પ્રવૃત્તિનો નિરોધ તે વ્યવહાર ચારિત્રનું લક્ષણ છે. વિષયોમાં ઊપયોગનો નિરોધ તે નિશ્ચય ચારિત્ર છે. **''અપરિચય, વિવેક અને દમન તે યોગનિરોધના ઉપાય છે તથા વાસનાક્ષય તે ઉપયોગ નિરોધનો ઉપાય છે.''** કષાય નિવૃત્તિરૂપ નિશ્ચય ચારિત્ર સાધ્ય છે તથા વિષય નિવૃત્તિરૂપ વ્યવહાર ચારિત્ર તેનું સાધન છે. સાધન વિના સાધ્યની પ્રાપ્તિ અસંભવ જાણીને પ્રથમ વ્યવહાર ચારિત્રની વિચારણા કરીશું.

### વ્યવહાર ચારિત્ર :

આગમમાં વ્યવહાર નામ તેને આપ્યું છે કે જે કાર્યનું મૂળ કારણ તો નથી પરંતુ તેની ઉપસ્થિતિમાં તત્સંબંધી કાર્ય થવાની ઉપાદાનશક્તિ જાગ્રત થાય છે. જેવી રીતે રાતનું કરમાયેલું ફૂલ સવારે સૂર્ય-પ્રકાશના નિમિત્તથી ખીલી ઊઠે છે. વાસ્તવમાં ફૂલ ખીલવું તે તેની પોતાની ઉપાદાન શક્તિથી થાય છે, પરંતુ સૂર્યના પ્રકાશ વિના તે ઉપાદાન જાગ્રત થઇ શકતું નથી. એવી રીતે જ સર્વ શુભાશુભ ભાવોથી રહિત શુદ્ધોપયોગ છે તે નિશ્ચયથી ચારિત્ર છે, પરંતુ તે એકાએક થતું નથી તેના માટે મંદકષાયરૂપ શુભોપયોગની ભૂમિકા અતિ આવશ્યક છે. જો કે શુભોપયોગ શુદ્ધોપયોગનું મૂળ કારણ તો નથી, પરન્તુ શુદ્ધોપયોગના પહેલા નિયમથી શુભોપયોગરૂપ પરિણામ હોય જ છે. અશુભોપયોગથી સીધી શુદ્ધોપયોગની અવસ્થા થતી નથી; માટે શુભોપયોગને શુદ્ધોપયોગનું નિમિત્ત કે અનિવાર્ય સહકારી કારણ કહેવાય છે. તેના વિના શુદ્ધોપયોગ અસંભવિત છે. આ મંદકષાયરૂપ શુભોપયોગને વ્યવહાર ચારિત્ર કહ્યું છે. પાપભાવોની નિવૃત્તિ શુભોપયોગ કે વ્યવહાર ચારિત્રનું લક્ષણ છે. **''પાપ અને પુણ્ય બંન્ને બંધનના કારણ છે.'' આ આગમવચનને અપેક્ષાથી સમજવું જોઇએ.** વાસ્તવમાં પાપ અને પુણ્ય સમાનરૂપથી બંધનું કારણ છે, એવું સર્વથા સમજવું જોઇએ નહીં. કારણ કે રાગ-દ્વેષ અને મિથ્યાત્વ પ્રધાનરૂપથી બંધનના કારણ કહ્યાં છે. જ્યારે જીવ પાપભાવરૂપ તીવ્ર કષાયોમાં હોય છે ત્યારે રાગ-દ્વેષ અને મિથ્યાત્વના પરિણામ પણ તીવ્ર થઇ જાય છે. જ્યારે જીવદયા, દેવ-ગુરુની ભક્તિ, દાન, સત્સંગ, સ્વાધ્યાય આદિ મંદ કષાયરૂપ પુણ્યભાવોમાં હોય છે ત્યારે રાગ-દ્વેષ અને મિથ્યાત્વના પરિણામ પણ મંદ પડવા લાગે છે અને રાગ-દ્વેષ તથા મિથ્યાત્વનું

મંદ પડવું તે બંધન નહીં પરંતુ પરંપરાથી મુક્તિનું કારણ થાય છે. કારણ કે રાગાદિના મંદ ઉદયમાં જીવ તત્ત્વભાવના દ્વારા સહજતાથી શુદ્ધોપયોગરૂપ ભૂમિકાને પ્રાપ્ત કરી શકે છે અને બીજું એ કે ઘાતી કર્મોની બધી પ્રકૃતિઓ પાપરૂપ છે માટે જ્યારે પાપભાવો આત્મામાંથી ઓછા થાય ત્યારે ઘાતી કર્મોનો બંધ શિથિલ થઇ જાય છે અને ઘાતી કર્મ જ આત્માને પોતાના અનંતજ્ઞાનાદિ સ્વરૂપની ઉપલબ્ધિમાં એકમાત્ર અવરોધરૂપ છે. પાપક્ષયથી તેનો ક્ષય સહજ જ થઇ જાય છે તથા પાપભાવોના ક્ષયથી આત્મા પરમવિશુદ્ધિને પ્રાપ્ત થાય છે, જે સ્વરૂપસમાધિરૂપ શુદ્ધોપયોગનું પ્રબળ કારણ છે. આશય એ છે કે આ રીતે પાપનિવૃત્તિરૂપ શુભોપયોગસ્વરૂપ વ્યવહાર ચારિત્રનું આટલું માહાત્મ્ય જાણીને મોક્ષાભિલાષીએ પોતાનું સંપૂર્ણ સામર્થ્ય લગાવીને તેને ગ્રહણ કરવું જોઇએ કારણ કે તેનું પાલન કરવું તે આપણા બુદ્ધિપૂર્વકના પુરુષાર્થને આધીન છે. અર્થાત્ અંતરંગમાં અપ્રત્યાખ્યાના-વરણીય આદિ કષાયોનો નાશ થવો તે તો તત્સંબંધી કર્મપ્રકૃતિઓના ક્ષય આદિને આધીન છે, જે આપણા પ્રત્યક્ષ જ્ઞાન તથા પુરુષાર્થનો વિષય કથંચિત્ નથી પરંતુ હિંસા, અસત્ય આદિનો ત્યાગ તથા અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય આદિનું ગ્રહણ તથા પાલન કરવું તે તો આપણા બુદ્ધિગમ્ય પુરુષાર્થને આધીન છે. તેથી આ રહસ્યપૂર્ણ બોધથી બોધિત થઇને સર્વ પ્રયત્નોથી ત્રિયોગપૂર્વક સંયમની આરાધનામાં લાગી જવું જોઇએ. આ જ નરજન્મનો સાર છે.

આ સંયમઆરાધન બે પ્રકારથી કહ્યું છે. એક તો પરંપરાથી મુક્તિના કારણરૂપ ગૃહસ્થદશાને યોગ્ય જેને ગૃહસ્થધર્મ કે શ્રાવકાચાર કહેવાય છે; બીજું સાક્ષાત્ મુક્તિના કારણસ્વરૂપ સર્વસંગ ત્યાગીને યોગ્ય કે જેને મુનિધર્મ કે મુન્યાચાર કહેવાય છે.

સર્વદોષોથી રહિત પરમજ્ઞાની શ્રી જિનેન્દ્ર દેવની આજ્ઞા છે કે આ અતિદુર્લભ માનવ તન પામીને સર્વપ્રથમ તો પોતાના સામર્થ્યને છુપાવ્યા વિના સાક્ષાત્ મુક્તિનું કારણ મુન્યાચારનું જ પાલન કરવું જોઇએ. પરંતુ આપણા જેવા હીનવીર્ય, કાયર લોકો માટે આ વીરોચિત મુનિધર્મનું પાલન જો ન થઇ શકે તો ઓછામાં ઓછું ગૃહસ્થદશામાં સાધવા યોગ્ય શ્રાવકધર્મનું પાલન તો અવશ્ય કરવું જ જોઇએ. પ્રથમ આપણે આપણા માટે સહજસાધ્ય તથા અનિવાર્યરૂપથી કરણીય શ્રાવકાચારની વિચારણા કરીશું.

### ★ શ્રાવકાચાર ★

જે ધર્મશ્રવણમાં ઉત્સાહવાન છે, કરણીય - અકરણીયનો વિવેકી છે તથા ધર્મકર્મમાં સદૈવ તત્પર રહે છે એવા ગૃહસ્થી કે શ્રાવકને યોગ્ય આચારોને શ્રાવકાચાર કહેવાય છે. આ વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે પ્રત્યેક ગૃહસ્થ શ્રાવક હોતા નથી. જેમનામાં શ્રાવકોચિત ગુણ છે તે જ શ્રાવકસંજ્ઞા પ્રાપ્ત કરે છે અને આ શ્રાવકદશા પણ એકાએક નથી આવતી. આ પણ ક્રમશઃ ગુણવિકાસની સાથે આવે છે. હવે આપણે તે ગુણોની વિચારણા કરીશું, જે શ્રાવક થવા માટે આધારભૂત છે. આમ તો અનેક મહાન આચાર્યોએ શ્રાવકોચિત ગુણોનું વર્ણન કર્યું છે તે બધાનો ઉલ્લેખ કરવો સંભવ નથી. તેથી પંડિતપ્રવર મહાજ્ઞાની શ્રીબનારસીદાસ દ્વારા **'સમયસાર નાટક'** કૃતિમાં જે શ્રાવકને યોગ્ય એકવીસ ગુણોનો ઉલ્લેખ કર્યો છે તેની જ અહીં સંક્ષિપ્ત વિચારણા કરીશું. આ એકવીસ ગુણોનો જો જઘન્ય પ્રકારે પણ અર્થાત્ ૩૩% પણ જો વિકાસ (પ્રત્યેકનો ૩૩%) કરવામાં આવે તો તે પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકને યોગ્ય થઇ જાય છે એવો પૂર્વાચાર્યોનો અભિમત છે. કોઇપણ વાતનું અનુકરણ કરતાં પહેલાં તેને પૂર્ણ રીતે સમજી લેવું જોઇએ; નહીં તો તે તથારૂપ ફળદાયી થતી નથી. આ વાતને ધ્યાનમાં રાખીને સમજવાની અપેક્ષાએ તેનું સંક્ષિપ્ત વિવરણ કરીએ છીએ. **(ક્રમશઃ)**

■ ■ ■

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૨૩)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

**તીર્થંકર પ્રભુના અષ્ટ પ્રાતિહાર્ય - નં.૨ સિંહાસન**

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**सिंहासने मणिमयूखशिखाविचित्रे,**
**विभ्राजते तव वपुः कनकावदातम् ।**
**बिम्बं वियद् विलसदंशुलतावितानं,**
**तुङ्गोदयाद्रिशिरसीव सहस्त्ररश्मेः ॥२९॥**

● **શબ્દાર્થ :** सिंहासने - સિંહાસનને વિષે, સિંહાસન ઉપર, मणि - રત્ન, मयूख - (તેના) કિરણો, शिखा - (તેના) અગ્રભાગથી, विचित्रे - વિવિધ રંગના, રંગબેરંગી, ચિત્ર-વિચિત્ર, विभ्राजते - શોભે છે, तव - તમારું, वपुः - શરીર, कनक - સોનું, તેના જેવું, अवदातम् - સુંદર, નિર્મળ, बिम्बं - બિંબ જેવો, वियत् - આકાશમાં, विलसत् - વિલસી રહ્યો છે, શોભી રહ્યો છે, अंशु - કિરણોનો, लतावितानम् - માલા, સમૂહ, तुङ्ग - ઊંચો એવો, उदयाद्रि - ઉદયાચલ, ઉદયગિરિના, शिरस् - અગ્રભાગ ઉપર, શિખર ઉપર, इव - જેમ, એવો, જેવો, सहस्त्ररश्मेः - સૂર્યનું.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

રત્નો કેરાં કિરણ સમૂહે ચિત્ર-વિચિત્ર છાજે,
એવા સિંહાસન પર પ્રભુ ! આપનો દેહ રાજે;
વિસ્તારે છે રૂપ ગગનની મધ્યમાં જેમ ભાનુ,
ઊંચા ઊંચા ઉદયગિરિના શિખરે તેમ માનું.(૨૯)

● **ભાવાર્થ :** (હે ભગવાન્ !) મણિ-રત્નોના કિરણોના અગ્રભાગથી વિવિધ રંગની છાયા પ્રગટ કરી રહેલા એવા સિંહાસન (વિષે) ઉપર તમારું સુવર્ણ જેવું સુંદર શરીર, ઉદયાચલ પર્વતના ઊંચા શિખર ઉપર, જેના કિરણોનો સમૂહ આકાશમાં શોભી રહ્યો છે એવા સૂર્યના બિંબ જેવું, શોભે છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** વર્તમાન અવસર્પિણી કાળના ૨૪ જિનેશ્વરોમાં પદ્મપ્રભ અને વાસુપૂજ્ય સ્વામીના દેહનો વર્ણ રાતો (લાલ) હતો, ચંદ્રપ્રભ અને સુવિધિનાથના દેહનો વર્ણ શ્વેત હતો, મલ્લિનાથ અને પાર્શ્વનાથના શરીરનો રંગ નીલો એટલે લીલ છોયો વાદળી હતો, મુનિસુવ્રત અને અરિષ્ટનેમિ (નેમનાથ)ના શરીરનો રંગ શ્યામ હતો અને બાકીના ૧૬ તીર્થંકરોના શરીરનો રંગ સુવર્ણ જેવો પીળો હતો.

શ્રી જિનેશ્વરદેવ અશોકવૃક્ષ નીચે મણિમય સિંહાસન પર બેસીને ઉપદેશ આપે છે, તેથી અહીં બીજા નંબરના પ્રાતિહાર્ય સિંહાસનનું વર્ણન કરેલ છે. આ પ્રાતિહાર્ય સિંહાસનથી પ્રભુની વિશેષતા બતાવી છે. જ્યારે ભગવંત દેશના આપે છે ત્યારે તેઓ દેવો-રચિત સુવર્ણના સિંહાસન પર બિરાજિત બને છે. આ તેમના સાતિશય પુણ્યોદયથી પ્રાપ્ત અતિશયનો પ્રભાવ છે. પ્રભુ અશોકવૃક્ષને પ્રદક્ષિણા દઈ, પૂર્વાભિમુખ થઈ સિંહાસન પર આરૂઢ થાય છે. દેવો ચારે દિશામાં ચાર સિંહાસનો અને પ્રભુ સિવાયની ત્રણ દિશાઓમાં તેમની પ્રતિકૃતિ રચે છે (વૈક્રિય લબ્ધિથી). તેથી સમોસરણમાં સર્વ જીવને ચારે દિશામાં પ્રભુનું દર્શન થાય છે અને દિવ્ય દેશના શ્રવણ કરે છે. દરેકને પ્રભુનું મુખ દેખાય છે. પ્રભુ તો ભાવથી અને શરીરથી નિર્લેપ છે અને પોતાના આત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે.

માનતુંગાચાર્ય ભાવવિભોર થઈને આદિનાથ પ્રભુને કહે છે કે હે ભગવાન્ ! દેશના સમયે તમે મણિમય સિંહાસન પર બિરાજો છો. સિંહાસનમાં જડાયેલા વિવિધ પ્રકારના મણિ-રત્નોનાં કિરણોને

લીધે તે ચિત્ર-વિચિત્ર રંગોવાળું મનોહર લાગે છે. તેમાં આપનું સુવર્ણ જેવું ગૌરવર્ણવાળું મુખ જાણે અતિ ઊંચા ઉદયાચલના શિખર પર અત્યંત પ્રકાશમાન સૂર્ય ઉગ્યો હોય એવું શોભે છે. જ્યારે સૂર્ય ઉદયાચલ પર્વતના શિખર પર ઉદિત થાય છે, ત્યારે ઉદયાવસ્થાનો સુવર્ણરંગી સૂર્ય આકાશમાં ચારે બાજુ પોતાના કિરણોને ફેલાવે છે. તે વખતે તેની શોભા અદ્‌ભુત હોય છે. એ જ રીતે રત્નજડિત સુવર્ણમય સિંહાસન ઉપર બિરાજિત દેશના આપતા પ્રભુ તેવા જ ભવ્ય દેખાય છે. પરમાત્મા દિવ્ય દેશના રૂપ કિરણોથી અને તેમના શરીરમાંથી નીકળતા તેજ કિરણોથી દ્રવ્ય અને ભાવ અંધકારનો નાશ કરી પ્રકાશ ફેલાવી દે છે.

માનતુંગાચાર્યે આ બીજા નંબરના પ્રાતિહાર્યને અભિવ્યક્ત કરતી વખતે પણ સૂર્યની ઉદયાવસ્થાની ઉપમા લીધી છે. પહેલા પ્રાતિહાર્ય (અશોકવૃક્ષ)માં ઘરના મોભ પર પ્રકાશતા સૂર્ય જેવા પ્રભુ જણાયા છે, ત્યારે અહીં બીજા પ્રાતિહાર્યમાં ઉદયાચલ પર્વતના શિખર પર કિરણો વિસ્તારતા સૂર્ય જેવા પ્રભુ લાગ્યા છે. સૂર્યનું આસન ઉદયાચલ પર્વત છે. તેના શિખર પર બેસીને સુવર્ણરંગી સૂર્ય આકાશમાં ચારે બાજુ પોતાના કિરણોને ફેલાવે છે તે વખતે તેની શોભા અનન્ય લાગે છે. રત્નજડિત સિંહાસન પર બેસીને દેશના પ્રકાશતા પ્રભુ પણ આચાર્યશ્રીને આવા જ ભવ્ય જણાયા છે. સૂર્ય ઉદયાચલ પર્વતના શિખર પર છે કે જ્યાં અનેક વનસ્પતિ ઝળકી રહી હોય છે, તેમ પ્રભુજીના સિંહાસનમાં અનેક દિવ્યરત્નો ઝગમગી રહ્યા હોય છે. એ શિખર પર સુવર્ણરંગી સૂર્ય ચારે બાજુ પોતાના કિરણો ફેલાવી આકાશને અને સર્વને શોભાયમાન કરી દે છે, એ જ રીતે રત્નજડિત સિંહાસન પર સૂર્ય જેવા તેજસ્વી પ્રભુ બિરાજમાન થઈને ૐ નાદરૂપી કિરણો ચારે બાજુ ફેલાવે છે અને સર્વને શાંતિમાં ડોલતા કરી દે છે. સૂર્યના કિરણો ફેલાતા અંધકાર નાશ પામે છે, તેમ પ્રભુના દિવ્યધ્વનિથી જીવોના આત્મા પરથી અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામે છે.

વિશ્વમાં સૂર્ય અત્યંત તેજસ્વી છે પણ પ્રભુનું કાંતિમય શરીર તો સૂર્ય કરતા પણ વિશેષ દેદીપ્યમાન છે, એમ કહીને પ્રભુનું માહાત્મ્ય બતાવ્યું છે.

જેમ નવીન વરસાદને દેખીને મોરલા નાચી ઊઠે તેમ આપને દેખીને ભવ્ય જીવોનું ચિત્ત પ્રસન્નતાથી ખીલી ઊઠે છે. સમવસરણની વચ્ચે મણિરત્નોથી જડેલું દૈવી સિંહાસન છે, તેના ઉપર ગંધકુટિરૂપ કમળની રચના છે, તેની શોભા આશ્ચર્યકારી છે. તે કમળ ઉપર ભગવાન બિરાજતા હોવાથી તેને 'કમલાસન' પણ કહેવાય છે. આશ્ચર્યની વાત એ છે કે ભગવાન તો એ દિવ્ય સિંહાસનને કે ગંધકુટિને સ્પર્શ્યા વગર, તેનાથી અલિપ્ત ચાર આંગળ ઊંચે આકાશમાં નિરાલંબીપણે બિરાજે છે. તીર્થંકરદેવના આત્માની પૂર્ણ પવિત્રતા સાથેના પુણ્ય પણ અતિશય આશ્ચર્યકારી હોય છે. તેમની આસપાસ સિંહાસનાદિ દિવ્ય વૈભવોની રચના સાતિશય પુણ્યયોગે થઈ જાય છે.

અહો પરમાત્મા ! આવા ઉત્કૃષ્ટ પુણ્યફળનો પરિપાક, અને તેની વચ્ચે પણ આપ સાવ અલિપ્ત ! આવી અદ્‌ભુત વીતરાગતા તો આપનામાં જ શોભે છે. આપની સમીપમાં એટલે કે શુદ્ધાત્માની સમીપમાં અમારા અંતરમાં પણ વીતરાગતા જાગી ઊઠે છે. પારસમણિનો સ્પર્શ તો લોઢાને માત્ર સોનું બનાવે છે (અને તે પણ લોઢામાં કાટ ન હોય તો) પણ તેને પોતાના જેવો પારસ ન બનાવે. ત્યારે હે પ્રભો ! આપનો સ્પર્શ (અનુભવ) તો અમને ય આપના જેવા પરમાત્મા બનાવી દે છે.

હે દેવ ! અમને પરમાત્માપણું આપનાર આપ મહાન દાતા છો. પ્રભો ! આપને દેખતા અને આપનું ધ્યાન કરતા - કરતા અમેય આપના જેવા બની જઈશું. ભગવાનનો ભક્ત પોતે ભગવાન બની જાય છે - આ જિનશાસનની બલિહારી છે.

પ્રભુ ! સિંહાસનને અડીને તમે નથી બેસતા,

તેનાથી અધ્ધર અલિપ્ત બિરાજો છો. જે રાજસિંહાસનને આપે છોડ્યું તે આપની પાછળ આવ્યું, ભલે રાજસિંહાસનને બદલે દેવસિંહાસન આવ્યું. પરંતુ તમે તો પુણ્યને અને તેના ફળને આદરતા નથી, એ રીતે પુણ્યરાગનું હેયપણું પ્રસિદ્ધ કરી રહ્યા છો. રાગ એ આત્મરાજાને બેસવાનું પદ નથી, આત્મરાજાને બેસવાનું સિંહાસન તો શુદ્ધ ચૈતન્યનું બનેલું છે. શુદ્ધ ચૈતન્યરૂપ નિજપદમાં હે જીવો ! તમે આરૂઢ થાઓ ને રાગથી અલિપ્ત રહો એમ ભગવાન દર્શાવી રહ્યા છે. તે રાગ-પુણ્યના ફળ ભલે સંસારના છેડા સુધી આત્માની પાછળ પાછળ આવે પણ મોક્ષમાં તેનો પ્રવેશ નથી, કેમ કે તે આત્માનું નિજપદ નથી, એમ હે ભવ્ય જીવો ! તમે જાણો, ને શુદ્ધ ચૈતન્યમય નિજપદમાં આરૂઢ થાઓ.

નિશ્ચયથી જોઈએ તો આત્મા માટે યથાર્થ આસન આત્મા પોતે જ છે. તેથી જ મહાન આચાર્ય અમિતગતિજી તેમના 'સામાયિક પાઠ'માં કહે છે,

**"હું માગતો નહિ કોઈ આસન, દર્ભ પથ્થર કાષ્ઠનું,**
**મુજ આત્મના નિર્વાણ કાજે, યોગ્ય આસન આત્મનું;**
**આ આત્મ જો વિશુદ્ધ ને, કષાય દુશ્મન વિણ જો,**
**અણમૂલ આસન થાય છે, ઝટ સાધવા સુસમાધિ તો."**

(અમિતગતિ સામાયિક - ૨૨)

વીતરાગતાની ભાવનાથી ભક્ત કહે છે કે હે દેવ ! આપની શોભા કાંઈ એ દિવ્ય સિંહાસનને લીધે નથી. ઊલટું આપની નિકટતાને લીધે તે સિંહાસનની શોભા છે. અમને સિંહાસનનો મહિમા નથી લાગતો, અમને તો સિંહાસનથી ય અલિપ્ત એવા આપની વીતરાગતાનો ને સર્વજ્ઞતાનો મહિમા ભાસે છે. આમ, ભક્ત સર્વત્ર ભગવાનના મહિમાને જ દેખે છે.

અંતમાં સહુ જીવો આત્મભાવમાં રહીને સ્વઆત્મ-સિંહાસન પર શાશ્વત આરૂઢ થાય તેવી મંગલભાવના સાથે, જિનવાણીથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

## સમાધિતંત્ર - અમૃતરસપાન

**(પાના નં. ૧૪ પરથી ચાલુ...)**

સાધકને ઉત્સાહ, ઉમંગ પ્રેરે તેવો શ્લોક છે. સૂતો હોય એ જાગી જાય - જાગેલો ઊભો થઈ જાય - ઊભો રહેલો ચાલવા લાગે - ચાલતો દોડવા લાગે - દોડતો દોડતો લક્ષ્યસિદ્ધિને આંબી જાય.

પૂજ્ય બેનશ્રી ચંપાબેનની મંગલમય સરસ્વતી વદે છે, "સમ્યક્ દૃષ્ટિને અખંડ તત્ત્વનો આશ્રય છે. અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે. દૃષ્ટિ તો અંદર છે. ચારિત્રમાં અપૂર્ણતા છે. તે બહાર ઊભેલો દેખાય પણ દૃષ્ટિ તો સ્વમાં જ છે... ભગવાનની પ્રતિમા જોતા જણાય કે અહો ભગવાન કેવા ઠરી ગયા છે. કેવા સમાઈ ગયા છે ! ચૈતન્યનું પ્રતિબિંબ છે ! તું આવો જ છું. જેવા ભગવાન પવિત્ર છે તેવો જ તું પવિત્ર છો. નિષ્ક્રિય છો. નિર્વિકલ્પ છો. ચૈતન્યની પાસે બધું ય પાણી ભરે છે... તું તને જો. જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ. તું મોટો દેવાધિદેવ છો તેની પ્રગટતા માટે ઉગ્રપુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર."

આપણે અહીં શ્લોક - પચ્ચીસના પૂર્વાર્ધ - પહેલા ભાગનો અભ્યાસ કર્યો. આગળ બીજા ક્રમાંકમાં આ શ્લોકના ઉત્તરાર્ધનો અભ્યાસ કરીશું.

• • • **(ક્રમશઃ)**

**તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે. - શ્રીમદ્ રાજચંદ્રજી**

# અકાર્યકારણત્વ શક્તિ (૧૪)

વલભજી હીરજી 'કેવલ'

જ્ઞાનસ્વરૂપી આત્મદ્રવ્ય એવું છે કે અન્ય વડે તે કરાયેલું નથી, એટલે 'અકાર્ય' છે, અને પોતે કોઈ અન્યને કરતું નથી એટલે 'અકારણ' છે. આ રીતે જ્ઞાનસ્વભાવી આત્મા અકાર્યકારણપણારૂપ ધર્મથી સહિત છે. જેમ આત્મદ્રવ્ય પરના કાર્ય-કારણપણા વગરનું છે તેમ તેના સર્વે ગુણો ને પર્યાયો પણ પર સાથેના કાર્ય-કારણ વગરના છે.

આત્મા પરનું કારણ નથી ને પરનું કાર્ય નથી. આત્માનો સ્વભાવ એવો સ્વાધીન છે કે પરથી કરાતો નથી. વિકલ્પકર્તા થઈને આત્માના સ્વભાવનું કરે - એવો આત્મા નથી. તેમજ આત્મા કારણરૂપ થઈને રાગને કરે - તેવો પણ તેનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ એવા અકાર્યરૂપ છે કે અન્ય કોઈ કારણોની અપેક્ષા તેને નથી. તેમજ કર્મ વગેરે અન્ય પદાર્થનું કારણ થાય એવું કારણપણું પણ આત્માના સ્વભાવમાં નથી. આત્માની કોઈ શક્તિ - ગુણ પોતે જો વિકારનું કારણ થાય તો તો વિકાર સદા થયા જ કરે, પણ એમ નથી. સ્વભાવ તરફ ઝુકતા તો વિકાર ટળી જાય છે માટે વિકાર તે સ્વભાવનું કાર્ય નથી. જ્ઞાનાદિ નિજશક્તિથી આત્મા સ્વયં નિર્મળ કાર્યરૂપે પરિણમે છે. આત્માની એકેય શક્તિ એવી નથી કે નિજકાર્ય માટે બીજાનું અવલંબન લે. જ્ઞાન પોતાના કાર્ય માટે બીજાનું લે અથવા તો જ્ઞાન પરિણમીને બીજાનું કાર્ય કરે - એવું અન્ય સાથે કાર્ય-કારણપણું જ્ઞાનમાં નથી. આત્માની જ્ઞાનશક્તિને જ્ઞાનાવરણકર્મની સાથે ખરેખર કારણ-કાર્યપણું નથી. આત્માની આવી અકારણ-કાર્યશક્તિ સર્વગુણોમાં વ્યાપેલી છે. એટલે જ્ઞાનની જેમ શ્રદ્ધા, આનંદ વગેરે કોઈપણ ગુણને પર સાથે કારણ-કાર્યપણું નથી.

આત્માની દરેક શક્તિમાં સ્વયં કારણ-કાર્યપણું સમાય છે. પર સાથે એનો સંબંધ નથી. આનંદનું કારણ કોણ ? આત્માની આનંદશક્તિ જ આનંદનું કારણ છે. જ્ઞાનનું કારણ કોણ ? જ્ઞાનશક્તિ જ જ્ઞાનનું કારણ છે. એમ અનંત ગુણોમાં પોતપોતાના કાર્યનું કારણ થવાની તાકાત છે. પર સાથે કારણ-કાર્યપણું નથી. આત્માના અનંતગુણો સદા એકક્ષેત્રે રહેલા છે. ગુણોને ક્ષેત્રભેદ નથી. આત્માના આવા દ્રવ્ય-ગુણ કે પર્યાયમાં અન્યનું કારણ-કાર્યપણું જરાપણ નથી. શ્રદ્ધામાં, જ્ઞાનમાં, ચારિત્રમાં, આનંદમાં બધા ગુણોની નિર્મળપર્યાયમાં સ્વશક્તિ જ કારણરૂપ છે. તારામાં જ તારી શાંતિનું, સુખનું કારણ થવાનો સ્વભાવ છે. મારો આનંદ સ્વભાવ જ સ્વયં પરિણમીને આનંદરૂપ કાર્ય કરે છે. આત્માની જ્ઞાનપર્યાયને પોતાની જ્ઞાનશક્તિ સાથે જ કાર્ય-કારણપણું છે. આવો અકારણ-કાર્યસ્વભાવ આત્મામાં ત્રિકાળ છે. તે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપક છે. કેટલી સ્વાધીનતા ! આત્માને પોતાના ધર્મની પરિણતિ માટે દેહાદિની ક્રિયા સાધન થાય એમ માને તેને આત્માના સ્વભાવની ખબર નથી. પરમેશ્વરપણું પોતામાંથી પ્રાપ્ત થાય. આવો જ આત્માનો વૈભવ છે. આ વસ્તુ લક્ષ્યમાં લે તો ઉપાદાન - નિમિત કે નિશ્ચય - વ્યવહાર વગેરે બધા તત્ત્વોનો નિર્ણય લઈ જાય. આત્મા પોતે નિજસ્વભાવથી દુઃખનું કારણ હોઈ શકે નહિ.

તારા કારણ-કાર્ય તારામાં છે - એ વાત સમજાવીને જ્ઞાનીઓએ અપૂર્વ સ્વાધીનતાનું જ્ઞાન કરાવ્યું છે. તારા કાર્યનું કારણ તારામાં જ છે. જ્ઞાનસ્વરૂપ આત્માનો આવો મધ્યસ્થ સ્વભાવ છે. શુદ્ધ સ્વભાવરૂપ જે કારણ તેનું કાર્ય પણ શુદ્ધ છે. વિકલ્પ વડે જ્ઞાનકાર્ય થતું નથી. જ્ઞાનને ને વિકલ્પને કારણ-કાર્યપણું નથી. આત્માના આનંદમાં જ્ઞાનમાં, શ્રદ્ધામાં ક્યાંય પરનું કાર્ય નથી. પરની સાથે પોતાને કાર્યકારણપણું છે જ નહિ - આવો આત્માનો સ્વભાવ છે.

**(ક્રમશઃ)**

# બાળકમાં સંસ્કારસિંચન - માતાની મહત્ત્વની ભૂમિકા

પારૂલબેન બી. ગાંધી

આજનો આ વર્તમાન યુગ એ ટી.વી., ચેનલોનો યુગ છે તેમ કહીશું તો જરાય ખોટું નહિ ગણાય. જેના દ્વારા પાશ્ચાત્ય સંસ્કૃતિનું વાવાઝોડું, આર્ય સંસ્કૃતિ પર ત્રાટક્યું છે તેવા આ યુગમાં બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન કરવું એ એક મહત્ત્વનો પ્રાણપ્રશ્ન બની ગયો છે. આજે ભારતીય સંસ્કૃતિ ધીમે ધીમે બદલાતી જાય છે કે નાશ પામતી જાય છે ત્યારે બાળકોમાં સ્વતંત્રતાની જગ્યાએ સ્વચ્છંદતા જોવા મળે છે. અરે ! કૌટુંબિક સભ્યો પ્રત્યેની લાગણી, વડીલો પ્રત્યેની માનમર્યાદા અને લોહીના સગાઓમાં વિશ્વાસ તથા મમત્વભાવ ઘટતાં જાય છે. આની પાછળનું મુખ્ય કારણ એ છે કે આજનો માનવી ભૌતિકતાની ભૂતાવળમાં ભટકી રહ્યો છે, અસંતોષની આગમાં સળગી રહ્યો છે, તૃષ્ણાઓની તડજોડમાં તૂટી રહ્યો છે. આજનો માનવી સામાજિક, આર્થિક, રાજકીય દરેક ક્ષેત્રે આગળ વધવા મથી રહ્યો છે, પરંતુ ભારતીય - આર્ય સંસ્કૃતિના મૂળ આદર્શોને તે સદંતર ભૂલાવી બેઠો છે. આજે માતા-પિતા બાળકના સામાજિક - આર્થિક ઘડતર પર જેટલું ધ્યાન અને મહત્ત્વ આપે છે તેનાથી અડધું મહત્ત્વ પણ સંસ્કારસિંચન બાબતે નથી ફાળવતા. આ બાબતે ભારોભાર દુર્લક્ષ સેવાઈ રહ્યું છે. એનું સીધું અને વરવું પરિણામ આપણી સમક્ષ જ છે - એ છે માતા-પિતા અને વડીલોની ઉપેક્ષા, નૈતિકતાનું કથળેલું ધોરણ, માનવીય મૂલ્યોનો અભાવ, વૃદ્ધાશ્રમોની વધતી જતી સંખ્યા અને મર્સીકિલિંગના ખ્યાલનો ફેલાવો.

માતા એ બાળકમાં સંસ્કારસિંચન કરનાર મહત્ત્વનું પાત્ર છે. બાળક તેનો વધુમાં વધુ સમય માતા પાસે રહેતું હોય છે. વળી, બાળપણ એ સંસ્કારસિંચનની આદર્શ ઉંમર છે. આ દરમિયાન જો બાળકનું સુંદર ઘડતર થયું હોય તો ભવિષ્યમાં બાળક જલ્દી ગેરમાર્ગે નહિ દોરાય. પરંતુ આ બાબતે આજે સદંતર ઉપેક્ષા સેવાઈ રહી છે. ક્યાં ભૂતકાળની એ મદાલસા અને જીજાબાઈ જેવી માતાઓ કે જેના રોમેરોમમાં બાળક પ્રત્યેની લાગણી અને હાલરડાની સાથોસાથ વીરતા, પ્રેમ અને લાગણીના પાઠોનું બાળકમાં હસ્તાંતર અને ક્યાં આજની માતાઓ જે પોતાનું 'ફિગર' બગડી ન જાય તે માટે બાળકને પોતાના દૂધથી પણ વંચિત રાખે છે ! કારકિર્દીની મહત્ત્વાકાંક્ષાએ બાળકની માતાને છિનવી આયાને હવાલે કરી દે છે. અરે ! બાળકને રોતું બંધ કરવા ટી.વી. ચાલુ કરી સામે બેસાડી દેવાય છે ! જે બાળક માત્ર મહિનાઓનું હોય છે ત્યાં જ ટી.વી. તેનો સાથી બની જાય છે. બાળમાનસમાં આ રીતે જ માતા-પિતા કેવા વિકૃત વિચારોનો જાણ્યે-અજાણ્યે પ્રવેશ કરાવી દે છે અને એ રીતે હાથે કરી પોતાના પગ પર જ કુહાડો મારે છે. એક માતા પોતાના બાળકને જેવો ધારે તેવો બનાવી શકે છે. કારણ બાળક કાચીમાટીના પિંડ જેવું છે. તેને કેવો ઘાટ આપવો તે આપણા હાથની વાત છે. જેનામાં સુસંસ્કારોનું સિંચન થયું હોય તેનું બાળક મોટું થઈને પણ ક્યારેય બગડશે નહિ, પરંતુ જે તેનાથી વંચિત રહ્યા હોય તેવા બાળકો મોટા થઈ ગેરવર્તન જ કરશે. આવા બાળકો પાસે સદ્‌વર્તનની અપેક્ષા રાખવી તે બાવળિયા વાવીને ગુલાબ મેળવવાની ઈચ્છા કરવા જેવી વાત છે. કેટલાક મહાનુભાવોએ માતા વિષે કરેલી વાત જોઈએ તો –

- ઈશ્વર સદેહે બધે પહોંચી શકે નહિ, માટે તેણે માતાનું સર્જન કર્યું. - **યહુદી કહેવત**
- સૂર્ય, ચંદ્ર અને તારાઓથી નહિ પરંતુ માતાથી પૃથ્વી પરનો અંધકાર દૂર થાય છે. - **અજ્ઞાત**
- માનવતા અને સંસ્કૃતિનું મહાવિદ્યાલય માતાના ચરણોમાં છે. - **ફ્રેડરિક હેસ્ટન**
- માનવે ઈશ્વરને પૃથ્વી પર અવતરવા પ્રાર્થના કરી અને ઈશ્વરે માને મોકલી આપી. - **બુલ્વર લિટન**
- મા એક એવી ઋતુ છે, જેને કદી પાનખર આવતી નથી. - **ઈરિચ નોરિશ**

આ બધા વાક્યોમાંથી એક ધ્વનિ જે પ્રગટ થાય

છે તે આ છે કે મા એ ભગવાનનું રૂપ છે. માતાનું મહત્ત્વ જીવનમાં જેટલું આંકો તેટલું ઓછું છે. આપણામાં એક કહેવત છે કે એક માતા સો શિક્ષક બરાબર છે - આ એક જ વાક્ય ઘણું બધું કહી જાય છે. બાળકના જીવનઘડતરમાં માતાની ભૂમિકા કેટલી મહત્ત્વની છે તે આના પરથી ખ્યાલ આવે છે. બાળકમાં નાનપણથી સુસંસ્કારોનું સિંચન કર્યું હશે તો નૈતિકતા અને માણસાઈનો અત્યારે જે કારમો દુકાળ જોવા મળે છે તે નહિ દેખાય. પાશ્ચાત્ય સંસ્કૃતિની પાછળ આંધળાભીંત બનીને તેનું અનુકરણ કરવાથી તો આપણે ક્યાંયના નહિ રહીએ. અરે ! અંગ્રેજી મીડિયમમાં કેળવણી આપીને, વેસ્ટર્ન મ્યુઝિક પર નાચ નચાવીને, વેસ્ટર્ન પોષાક પહેરાવીને લાજ-શરમને નેવે મૂકનાર વર્ગ, જ્યારે તેનું બાળક તેને વૃદ્ધાશ્રમમાં મૂકવા જશે ત્યારે રોઈ પણ નહીં શકે, કારણ મૂળમાંથી જ જે સંસ્કાર પોતે આપ્યા છે તેને બાળક તો માત્ર પ્રદર્શિત કરે છે. તેની હાલત પેલા ધોબીના કૂતરા જેવી થશે કે જે ઘરનો પણ નહિ ને ઘાટનો પણ નહિ. આજની માતાઓ ધર્મ-ધર્મક્રિયાઓ અને ધર્માજનોને જુનવાણી કહે છે !! તેઓને બાળકને ડાન્સીંગ શીખવવામાં જેટલો રસ છે તેટલો ધાર્મિક પ્રાર્થના શીખવવામાં નથી !

આજના માવતરની એ મોટી ભૂલ છે કે બાળકને નાનપણથી માત્ર સામાજિક - આર્થિક બાબતનો વિકાસ સાધવામાં તત્પર બનાવે છે અને ધાર્મિક તથા નૈતિક મૂલ્યોને નેવે મૂકી દીધા છે. વ્યવહારિક શિક્ષણ એ તો માત્ર બાળકને શિક્ષિત બનાવે છે, આર્થિક રીતે પગભર થવાનો માર્ગ બતાવે છે. જ્યારે ધાર્મિક શિક્ષણ, સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યો જ માનવને સાચા અર્થમાં માનવી બનાવે છે. ભણતરની સાથે ગણતર આપે છે. જીવન જીવવાનો આદર્શ માર્ગ બતાવે છે. આ ત્રણેય જો બાળપણથી ન મળ્યા તો તેનો વિકાસ એ વિનાશને નોતરનાર બનશે. તેના વિના બાળકનું પૂર્ણ ઘડતર શક્ય જ નથી. જેવી રીતે પ્રાણ વિનાનું ખોળિયું ગમે તેવું આકર્ષક હોય, રૂપાળું હોય પણ તે નકામું છે તેવી રીતે નૈતિક મૂલ્યો, ધાર્મિક સંસ્કાર અને આર્ય-સંસ્કૃતિનું અવતરણ જેના જીવનમાં થયું નથી તે જીવન નકામું છે. એ જવાબદારી માતાની છે. પહેલાના સમયમાં માતા ત્રણ કાર્યો જ કરતી - પતિની સેવા, ઘરની તથા સભ્યોની સારસંભાળ તથા બાળકોમાં સુસંસ્કારનું સિંચન. બાળકોનું સુસંસ્કારસિંચન તો દરેક માતાએ બાળકની ગર્ભાવસ્થાથી જ શરૂ કરી દેવું જોઈએ. જ્યારથી ખબર પડે કે પોતે મા બનવાની છે ત્યારથી સારું વાંચન, સત્સંગ, સારું ખાન-પાન, સારા પ્રસંગોમાં જ આવન-જાવન અને સારા મનોરથો સેવનારી માતા એક તંદુરસ્ત અને જવાબદાર બાળકને જન્મ આપે છે. ગર્ભાવસ્થાને ઘણી જ અગત્યની શાળા કહી શકાય. અભિમન્યુએ માતાના ઉદરમાં જ સાત કોઠા ભેદવાની વાત શીખેલી હતી તે સર્વવિદિત છે. આમ, માતાએ જો બાળકને સંસ્કારી બનાવવું હોય તો પ્રથમથી જ તૈયારી કરવી જોઈએ. જેવી રીતે તંદુરસ્ત અને સારું બીજ જ સારો પાક આપી શકે છે, સડેલું બીજ નહિ; તેવી જ રીતે માતા દ્વારા ગર્ભાવસ્થાથી જ બાળકમાં સંસ્કારસિંચન થયું હોય તેવું બાળક કદી ખરાબ નહિ થાય. બાકી જો પરિસ્થિતિ આ જ રહી, ટી.વી.-ચેનલોનું આક્રમણ ખાળ્યું નહિ તો ઘર-ઘરમાં છતાં મા-બાપ માટે અનાથાશ્રમો ઊભા થઈ જશે અને મા-બાપો વૃદ્ધાશ્રમમાં મરતા હશે. કોઈક એટલે જ કહ્યું છે કે,

જબ ફૂલ મેં હી શૂલ હૈ તો ફિર ઉધ્ધાર કૈસે હો ?<br>
માલિક હી પ્રતિકૂલ હૈ તો ફિર વિસ્તાર કૈસે હો ?<br>
જબ જડ હી ખારી હૈ તો ફલ-ફૂલ પત્તોં કા ક્યા ?<br>
જબ મૂલ મેં હી ભૂલ હૈ તો ફિર સુધાર કૈસે હો ?

આ શાયરીમાં પણ મૂળને જ મહત્ત્વ અપાયું છે. બાળકમાં સંસ્કારસિંચન એ માતાની મહત્ત્વની ભૂમિકા છે. માટે જ હવે ઝંખીએ છીએ કે હે મા ! તું એવું માતૃત્વ ખીલવ કે જે પથ્થરમાં પણ અંકુરો જન્માવી શકે. હે મા ! તું એવી માતા બન કે તારું એક એક બાળક સિંહસુત પાકે. હે મા ! હે જગદંબા ! સંસ્કૃતિના આ બુઝવા આવેલા ટમટમતા દીપકને તું રોશન કર. તેમાં તારી પવિત્રતા, શીલ, પ્રેમ અને વાત્સલ્યના તેલનું સિંચન કરી એવો પ્રકાશ ફેલાવ કે જેથી આ દુનિયા પરના અંધકાર દૂર થઈ ઝળહળતા અજવાળા ફેલાય.

● ● ●

# સદ્‌ગુરુદેવ

ભાનુબેન ડી. શાહ

ભારતની સંત સંસ્કૃતિમાં ગુરુનું મહત્ત્વ અનન્ય અને અજોડ છે. ઈશ્વર કરતાં પણ ગુરુનું સ્થાન પ્રથમ ગણવામાં આવે છે. મનુષ્યજીવનમાં એકડો, બગડો અને ક, ખ, ગ શીખવીને શિક્ષણ - સંસ્કારના ઊંડા અને મજબૂત મૂળિયાં નાખનાર ગુરુ જ છે. જીવનના વિવિધ તબક્કે ગુરુ બદલાતા રહે છે, પણ ગુરુની મહત્તા, ગરિમા, ગૌરવ એના એ જ રહે છે. મનુષ્યની પ્રગતિનું પહેલું પગથિયું ગુરુ જ છે. ત્યાંથી જ બાળક આગળ વધતાં જીવનમાં અવનવી પદવીઓ ધારણ કરીને ક્યાંનો ક્યાં પહોંચી જાય છે. એટલે જ કહીએ છીએ કે "ગુરુ વિણ જ્ઞાન ન હોય." ગુરુ તમસમાંથી અજવાસ તરફ લઈ જાય છે. અજ્ઞાનનાં અંધારાં ઓગાળીને પ્રકાશપુંજ તરફ માનવજીવનને દોરી જાય છે. જીવન-ઈમારતનું સંગીન, સુદૃઢ ચણતર - ઘડતર ગુરુની મહેનતનું પરિણામ છે. તેની શિક્ષા અને કૃપાથી જ આ શક્ય બને છે. "ગુરુ ન કરે કદી બૂરું." એ ન્યાયે ગુરુ માનવના હિતનું, શ્રેયનું અને ભાવિના કલ્યાણ-મંગલનું ભાથું સુપેરે સુપરત કરે છે.

નાનું બાળક ઘરની, માની સુરક્ષિત જાળવણી છોડીને ભણવા જવામાં રસ લેતું નથી. રડે છે, પાછા જવાનું કહે છે, પણ પ્રેમાળ શિક્ષક પ્રેમની હૂંફ આપીને તેને સ્કૂલે આવતું, રસ લેતું કરે છે. ત્યારબાદ બાળક હોંશથી, આનંદથી બધું શીખવામાં તલ્લીન થઈ જાય છે. એમ જ એ ધીમે ધીમે પ્રગતિ કરે છે અને સ્કૂલ-કૉલેજના પગથિયાં ચડીને વિદ્યાસમૃદ્ધ થઈને ઘણી પદવીઓ પ્રાપ્ત કરે છે. સમાજમાં યોગ્ય પદવીઓથી ઉચિત નોકરી મેળવીને પોતાને આર્થિક સદ્ધર કરવા સદ્‌ભાગી બને છે. દરેક છાત્ર પોતાની પદવીઓ, વિશિષ્ટ જ્ઞાન, સતેજ પ્રખર બુદ્ધિ, આવડત, કુનેહ, સંશોધનથી મેળવેલ અનેકવિધ સિદ્ધિઓનો ઉપયોગ કરીને પરિવારને, સમાજને, દેશને આબાદ કરે છે. અન્ય રાષ્ટ્રોની હરોળમાં હરીફાઈ કરતું બનાવે છે. વિદેશ જાય છે તો ત્યાંના અર્થતંત્રને સમૃદ્ધ, સદ્ધર કરે છે. એટલે પ્રાથમિક ગુરુને યાદ કરતાં કહીએ છીએ કે -

"ગુરુએ ઘુંટાવ્યો નારાજગીથી પરાણે એકડો,
તેમના પ્રતાપથી થયા પદવી પ્રાપ્ત, માર્યો ઠેકડો,
ત્યારે તાણ્યો'તો શાળા ગજવતો મોટો ભેંકડો,
આજે કમાઈએ છીએ કીર્તિ, રૂપિયા પૈસા સેંકડો."

ઓહ ! સમયના ઘુઘવતાં વારિ વણથંભ્યા અવરોધો પાર કરતા આગળ વધ્યે જાય છે. વ્યક્તિ સમાજમાં બરાબર ગોઠવાઈને લગ્નજીવનની જવાબદારીઓ વહન કરે છે. નોકરીનું, ધંધાનું કાર્યક્ષેત્ર, બાળકોના ઉછેર, ભણતર, તેઓની નિતનવી માંગણીઓ, વૃદ્ધ માતાપિતાની સેવા, દવાનો ખર્ચ, સગાસંબંધી પ્રત્યેના વ્યવહારો, પરિવારજનો વચ્ચેના અસંતોષ કલહ, કજિયા વગેરેથી તે થાકે છે, કંટાળે છે, સંસારનો બોજો તેની કમર ભાંગી નાખે છે. ધનિક અતિ સમૃદ્ધિથી ઉબકી જાય છે તો ગરીબ ભાવિના સોનેરી સ્વપ્નોની મિથ્યા માયાજાળમાં ભીંસાય છે. આથી સંસારની અસારતા સમજાય છે. જિંદગીમાં મળતી નિરાશા, હતાશા, નિષ્ફળતા સગાઓનો સ્વાર્થ વગેરેથી કંટાળીને તેનું મન પ્રભુ પ્રત્યે અભિમુખ થાય છે. આધ્યાત્મિક પાસું તેના જીવનમાં અગત્યનું સ્થાન લે છે. આવી વ્યથા, વ્યગ્રતા, વ્યાકુળતામાંથી છૂટવા તે સદ્‌ગુરુનું શરણ શોધે છે. ઘર છોડીને સદ્‌ગુરુના ચરણમાં રહેવાનું ઈચ્છે છે. નિષ્ઠાવાન રાહબર તરીકે ગુરુને ઝંખે છે.

ગુરુ સાકાર ઈશ્વર છે તો ઈશ્વર નિરાકાર ગુરુ છે. બંનેનું સ્થાન જીવનમાં અતિ મૂલ્યવાન છે. ગુરુ દુ:ખી, નિષ્ફળ, નિ:સહાય, નિરાશને ઓથ આપનાર,

આશ્રિતજનને પોષનાર અને સધિયારો દેનાર છે. વ્યક્તિ તેની સમક્ષ પોતાની આપવીતી વર્ણવે છે અને તેમાંથી માર્ગ કાઢી આપવાની આજીજી કરે છે. તેથી ગુરુ કેવા હોવા જોઈએ જેથી વ્યક્તિને સાંત્વના મળે અને જિંદગી જીવવાની હામ વધે તેની વિચારણા જરૂરી છે.

ગુરુ ભોમિયાનું કામ કરે છે. વ્યક્તિને સાચી દિશામાં સમજણપૂર્વક દોરે છે અને સુમાર્ગે ચઢાવે છે. વ્યક્તિમાં રહેલા દોષોનું નિવારણ કરે છે અને તેને સદ્‌ગુણી બનાવે છે. તેના મનને કામી, ક્રોધી, લંપટ, લાલચુ થતાં અટકાવે છે. પ્રભુભક્તિ, પ્રભુ પ્રત્યે શ્રદ્ધા વધે તે માટે તેને સાચા સબક શીખવે છે. સંતપુરુષોના વચનામૃત વાગોળવાનું અને તેમાંથી શીખ લેવાનું સમજાવે છે. સત્સંગનો મહિમા વર્ણવે છે. ગુરુમુદ્રા પ્રત્યે અમીટ નજર રાખીને તેની આંતરદશાનું અવલોકન કરાવે છે. ખુલ્લી આંખે પણ ગુરુની દૃષ્ટિ ભીતરમાં જ ડોકિયું કરનારી છે તે ચમત્કૃતિ બતાવે છે. ગુરુ કેવા હોય ?

"જેની કાયા પ્રશમ ઝરતી, સૌખ્ય આનંદ આપે,
જેની આંખો અમી વરસતી, ચિત્ત સંતાપ ટાળે,
જેની વાણી અમૃત ઝરતી, આત્મનો બોધ આપે,
એવા ગુરુનું દરિશણ રૂડું, મુક્તિનો પંથ કાપે."

ગુરુ પતિતપાવન છે. પાપકર્મોથી ભરેલી અપરાધી વ્યક્તિઓ કે જેને સમાજ તુચ્છકારથી જુએ છે, નફરત કરે છે, હડધૂત કરે છે તેવા લોકોને ગુરુ ઉપદેશથી અને પોતાના સાન્નિધ્યમાં રાખીને સદ્‌વર્તન દ્વારા, અન્યને સહાયક થવા દ્વારા તેનામાં રહેલી અવળાઈને ક્રમશઃ દૂર કરીને પરિવારમાં, સમાજમાં માનભર્યું સ્થાન અપાવે છે. પરોપકારી બનાવે છે. તેનામાં સુધાર લાવીને નિજ તથા પરને ઉપયોગી થવાનો બોધ આપે છે. "ધન્ય, અન્ય કાજ જીવ્યો ભૈયા" એવી શીખ આપે છે.

"જન્મ કોટિ તણા પાપના પુંજને,
પુણ્યરૂપે ગુરુ પરિણમાવે,
દોષ નિજ દૂર કરી, પ્રેમથી ગુરુ વરી,
એ જ માર્ગે જતાં મોક્ષ આવે."

ગુરુ ભવ્ય જીવો માટે મસીહા છે, અવતારી પુરુષ છે. શિષ્યને ધર્મદેશના આપીને નિરુપાધિક પદ ગ્રહણ કરાવે છે. અંતરનું અંધારું ઉલેચીને, સ્યાદ્‌વાદ શૈલીને સમજાવીને, રત્નત્રય પ્રાપ્તિની લગની લગાડીને પામરને પરમ બનાવે છે, નરને નારાયણમાં અને જીવને શિવમાં રૂપાંતરિત કરે છે. ગુરુ આત્મશ્રેય સાધક છે અને કઠિન સાધના દ્વારા શિષ્યને પણ આત્મદર્શન માટે તાલાવેલી જગાડે છે. મુક્તિપુરી સુધી પહોંચાડવામાં મદદકર્તા છે. તેઓ તો જૈન શાસનને શોભાવનાર તીર્થંકરની આજ્ઞા પાળે છે, શિષ્ય પાસે પળાવી ચારિત્રશીલ બનાવે છે. એટલે જ ગુરુને પારસમણિ કહે છે, જે શિષ્યના અવગુણો કાઢીને કનક સમ તેજસ્વી કરે છે.

વીતરાગી ગુરુ શિષ્યના મનની ગડમથલ સમા તમામ સંશયોનો નિકાલ કરે છે. રામકૃષ્ણ પરમહંસે તેમના શિષ્ય સ્વામી વિવેકાનંદના સંદેહ દૂર કરીને પોતાના પરમ શિષ્ય અને ઉત્તરાધિકારી બનાવેલા. ગુરુ દ્રોણ અને એકલવ્યનો દાખલો પણ અનુકરણીય છે. ગુરુએ બાણવિદ્યા શીખવવાની ના પાડતા ગુરુની મૂર્તિ બનાવીને વિદ્યા સ્વયં શીખેલા. અર્જુનને પણ શ્રેષ્ઠ બાણાવળી બનાવનાર ગુરુ જ હતા. ધૌમ્ય ઋષિ અને આરુણિનો દાખલો પણ ગુરુશિષ્યની એકતાનો પરિચય કરાવે છે. શિષ્ય ગુરુને પોતાના સર્વસ્વ માને છે. સંસારમાં મા-બાપ, ભાઈભાંડુનું જે સ્થાન પોતાના જીવનમાં અદ્વિતીય છે તેવું જ સર્વોચ્ચ, ગૌરવાન્વિત સ્થાન ગુરુનું છે. એટલે કહીએ છીએ કે – "તુમ્હીં હો માતા, પિતા તુમ્હીં હો, તુમ્હીં હો બંધુ, સખા તુમ્હીં હો." ગુરુ જગત્‌માતા છે, ગુરુ જગત્‌પિતા છે, ગુરુ જગત્‌ભ્રાતા અને ગુરુ જ જગત્‌સખા છે.

પોતાના શિષ્યને માટે ગુરુ ધર્મધારક છે, કર્મવારક છે, દીનબંધુ, દીનાનાથ છે. મોહનિદ્રામાંથી જગાડીને કર્મોના બંધનને શિથિલ બનાવનાર છે. ગુરુ

શિષ્યને ધર્મતત્ત્વોની સમજણ આપીને તે મુજબ વર્તન-વ્યવહાર કરાવે છે. કાયાની માયાને છોડાવે છે, આત્માનું મહત્ત્વ સમજાવે છે. ગુરુની ભક્તિ શિષ્યને સિદ્ધપદ સુધી પહોંચાડનાર સુકાની જેવી છે.

"સહજાત્મ સહજાનંદ આનંદઘન નામ અપાર હૈ,
સત્‌દેવ ધર્મ સ્વરૂપ દર્શક સુગુરુ પારાવાર હૈ,
ગુરુભક્તિ સે લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ."

ગુરુ ભક્તોના અંતરઠારક છે, હરિરસને પ્રેમથી પાનાર છે. તેમનું સ્થાન કલ્પતરુ કે રત્નચિંતામણિથી જરાય ઉતરતું નથી. શિષ્યને સંપૂર્ણ સંતોષ આપીને લોકલાજથી છોડાવનાર છે. ગોપીવૃત્તિથી પ્રભુને ભજવાનો સંકલ્પ દૃઢ કરાવનાર છે. અજ્ઞાનહારી, નિજાનંદધારી, નિર્વિકારી, સદ્‌ગુણોના જન્મસિંધુ છે. ત્રિવિધ તાપને હરનાર ગુરુની સંગતમાં રહેનાર શિષ્ય ગુરુ વગર રહી શકે નહીં તેવી તેની સ્થિતિ, દશા થઈ જાય છે. તેથી જ કહીએ છીએ કે "જૈસે મીન મરે બિન વારિ, જૈસે મણિ બિન ફણિ વિકરાળા, જૈસે માત બિન બાલ બિચારા, ત્યમ ગુરુ બિન ચેલા ઓસિયારા... દર્શન દ્યો ગુરુરાજ વિદેહી...

શ્રીમદ્ રાજચંદ્ર મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ હતા. તેમણે ગાંધીજીને મૂંઝવતા તમામ પ્રશ્નોના જવાબ સંતોષકારક આપેલા. શ્રીમદ્‌ને ગાંધીજી વેપારી નહીં, પણ શુદ્ધ જ્ઞાનીની જાતના કહેતા. ગાંધીજીના જીવનનું પ્રેરકબળ અને આધ્યાત્મિક આશ્રયદાતા શ્રીમદ્‌જી હતા. ગાંધીજીને અહિંસાની સાચી ઓળખ શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી મળેલી, અને તે ગાંધીજીના જીવનમાં વ્યાપક પુરુષાર્થ તરીકે કાયમ રહી. અહિંસા એ તો પૂર્ણ શતદલ - એવું કમળ છે જે વ્યક્તિના સર્વાંગી જીવનને ઘાટ આપે છે. શ્રીમદ્‌ના પ્રતાપે હિંસક લોકોની વચ્ચે ઊભા રહીને ગાંધીજીએ પોતાનાં જીવનમાં અહિંસાની આકરી અગ્નિપરીક્ષા આપી છે. ગાંધીજીને હિંદુધર્મમાં જે જે શંકાઓ ઊભી થઈ તેનું નિવારણ કરીને, સ્વધર્મ પ્રત્યે આદર વધારીને શ્રીમદ્ રાજચંદ્રએ તેમને ધર્માંતર કરતા પણ અટકાવ્યા હતા.

શ્રીમદ્ રાજચંદ્રના અનુસરણકર્તા શ્રી જૂઠાભાઈ, શ્રી અંબાલાલભાઈ, શ્રી સોભાગભાઈ અને પૂજ્ય લઘુરાજ સ્વામીને પણ શ્રીમદે આત્મજ્ઞાન કરાવેલું.

ગૌતમ ગણધર જેવા પ્રખર જ્ઞાની અને શાસ્ત્રાર્થ વિજેતા શિષ્યને પણ પ્રભુ મહાવીર જેવા ગુરુ મળેલા. ગૌતમસ્વામીના મનમાં દ્વિધા ઉપજાવતા સંશયોને તેમના કહ્યા વગર જ પ્રભુએ કહ્યાં અને તેનું સમાધાન કરેલું. તેથી જ ગૌતમ મહાવીર પ્રભુના પ્રથમ ગણધર બન્યા. એવો જ દાખલો ગૌતમ બુદ્ધ અને તેમના પ્રિય શિષ્ય આનંદનો છે. બુદ્ધ પ્રત્યેનો પ્રશસ્ત રાગ હોવાથી જ્ઞાન થવામાં અંતરાય ઊભો થયેલો. બુદ્ધના નિર્વાણ બાદ આનંદને જ્ઞાન થયેલું.

ઋષિ સાંદિપનિ કૃષ્ણ-સુદામાના ગુરુ હતા. આ બંને શિષ્યોએ ગુરુ-ગોરાણીની ખૂબ સેવા કરેલી અને શિષ્યભાવે ગુરુ પાસેથી સર્વ પ્રકારની સર્વ વિદ્યા સંપાદિત કરેલી.

વાલિયો લૂંટારો હિંસક ભાવ સાથે આવતાં જતાં સર્વને લૂંટી લેવા ચોમેર ભટકતો હતો. તેને ગુરુ તરીકે નારદમુનિ મળ્યા. સગાંઓની સ્વાર્થ-પરાયણતા સમજાવી અને પાપનાં પોટલાં બાંધવાનું બંધ કરવાની શિખામણ આપી. તેમને સાચી વાત સમજાવતાં બધું છોડી દીધું અને 'રામાયણ'ના કર્તા બનીને જગપ્રસિદ્ધિ મેળવી.

ટૂંકમાં, પ્રત્યેકના જીવનમાં સદ્‌ગુરુની આવશ્યકતા છે અને છે જ. તેમના માર્ગદર્શન વગર જિંદગી આડા પાટે ચડી જાય છે, વેડફાય છે અને મોક્ષમાર્ગમાં રુકાવટ ઊભી કરે છે.

દયાસિંધુ, કરુણાસ્ત્રોત સમ મળે, મુમુક્ષુઓને જો સદ્‌ગુરુ,
આરાધક ભાવથી, પ્રેમથી ભજે, ભક્તિ કરી દે શુરુ;
મોક્ષના હો પથ પ્રદર્શક, માર્ગદર્શન મળે તેમનાથી પૂરું,
આત્મજ્ઞાન આપે, આત્મદર્શન કરાવે, રહે ન જીવન અધૂરું.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# દીનદયાળુ - પરમકૃપાળુ

**પૂર્ણિમાબેન શાહ**

જગતની મહાન આધ્યાત્મિક વિભૂતિ અને પરમશાંત વીતરાગધર્મને એના શુદ્ધ સ્વરૂપમાં ભવ્યજીવો સુધી પહોંચાડનાર એવા શ્રીમદ્ રાજચંદ્ર એટલે અધ્યાત્મગગનમાં ઝળકી ગયેલી અને ઝળકી રહેલી અદ્‌ભુત જ્ઞાનજ્યોતિ. માત્ર ભારતની જ નહીં પરંતુ વિશ્વવિભૂતી. આ અવનિતલને પાવન કરનાર, જ્ઞાનનિધાન, જ્ઞાનદિવાકર, જ્ઞાનમૂર્તિ, કરુણામૂર્તિ અને અતિ અદ્‌ભુત અમૃતવાણીની સ્ફુરણા ધરાવનાર એવા શ્રીમદ્ રાજચંદ્રજી વિષે કેટલું કહેવાય ?

કાકાસાહેબ કાલેલકરે 'પ્રયોગવીર' એવો અર્થસૂચક શબ્દ એમને માટે પ્રયોજ્યો છે તે સર્વથા યોગ્ય જ છે. 'સમાધિશતક'નું દર્શન કરવું હોય, પ્રયોગસિદ્ધ 'સમયસાર'નું દર્શન કરવું હોય, કે 'પરમાત્મપ્રકાશ'નું દર્શન કરવું હોય તો જોઈ લો શ્રીમદ્‌જીને. તે તે શાસ્ત્રોમાં વર્ણન કરેલા ભાવોનું જીવતું જાગતું ઉદાહરણ જોઈતું હોય તો જોઈ લો શ્રીમદ્‌નું જીવન. જ્ઞાનવિભૂષિત શ્રીમદ્‌જીએ પોતાની જ્ઞાનચંદ્રિકા વર્ષાવીને, ત્રિવિધ તાપાગ્નિ (આધિ, વ્યાધિ અને ઉપાધિ)થી તપતા જીવોને શીતળતા અર્પી છે. જીવો પ્રત્યેની કરુણાને કારણે જે અમૃતવાણી તેમણે વહાવી તે તત્ત્વજિજ્ઞાસુઓની જ્ઞાનપિપાસાને પરિતૃપ્ત કરે અને આત્માર્થી જીવોના દિલમાં આત્મજ્યોતિ પ્રગટાવે એવી સમર્થ છે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી જેવા અતિશય સત્ અને અતિશય મહત્ જ્ઞાનાવતારની મહત્તાનું માપ કરવું તે અંજલિથી સાગરનું માપ કરવા બરાબર છે.

તેમને સર્વજીવ પ્રત્યે સમભાવ હતો. તેમણે લખ્યું છે કે, જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી જ સર્વ આત્મા પ્રત્યે છે. જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે છે, તેવો જ સ્નેહ સર્વ આત્મા પ્રત્યે છે. સર્વથી અભિન્નભાવ રહે છે, છતાં જેની જેવી યોગ્યતા હોય તે પ્રમાણે અભિન્નભાવની વધુ સ્ફુરણા થાય છે. જીવોના કલ્યાણનો ભાવ એમના અંતરમાં નિશદિન ઘૂંટાયા કરતો હતો. આત્મકલ્યાણનું યથાર્થ સ્વરૂપ નહીં સમજવાના કારણે, અનેક પ્રયત્નો કરવા છતાં મોક્ષ પામવાને બદલે સંસારપરિભ્રમણ કરતાં જીવોને જોઈને નિષ્કારણ કરુણાથી પ્રેરાઈને એમણે અંગત નોંધમાં લખ્યું છે કે કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો પોતાની મતિકલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરવા છતાં, મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારૂં હૃદય રડે છે. સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઇચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ. મુમુક્ષુજીવોનું કલ્યાણ કરવાને અમે કલ્પવૃક્ષ જ છીએ.

આ અંતરઅનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્‌ભવેલો લખ્યો નથી. પણ કર્મબંધનથી દુઃખી થતા જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી, તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણાએ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે.

આવા અધ્યાત્મવિદ્યા-વિશારદ, પૂર્વજન્મ સંસ્કારનિષ્ઠ, જાતિસ્મરણજ્ઞાન વિભૂષિત, શુદ્ધાત્મલબ્ધિ સંપન્ન, મહાન અધ્યાત્મસાધક, બોધિસમાધિનિધાન, પરમ તત્ત્વજ્ઞ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની પરમ કૃપાવર્ષા આ દુષમકાળમાં આપણી ઉપર વરસી છે એ આપણું અહોભાગ્ય છે. આપણો મહત્ પુણ્યનો ઉદય છે.

"કૃપાળુ તમારી કૃપા વરસી ! કેવી વરસી ? કેવી વરસી ?
રોમરોમને પુલકિત કરતી, બારે મેઘની હેલી વરસી !
નદી ઉભરાયે, સાગર છલકે, તરસી ધરતી પર એ વરસી,
જીવનને હર્ષિત કરતી એ, હરિયાળી વિકસિત વરસી.
મન મયૂરના ટહુકા ગૂંજે, કરતા કેલિ એવી વરસી,
ઉત્તુંગ શિખરો પરથી પડતી, જલની ધારા જેવી વરસી.
પૂર્ણચંદ્રના કિરણો જેવી, શુભ્ર ચાંદની એવી વરસી.
આત્મદેવને રસથી ભીંજવતી, નાર નવેલી જેવી વરસી.
મનની છીપમાં મોતી પકવે, સમકિતનું એ એવી વરસી,
કથીરને કુંદન કરે એવી, પારસમણિ જેવી વરસી."

● ● ●

# જયણા - આપણી 'મા'

જયણા એટલે જીવરક્ષા માટેની કાળજી. જૈનદર્શનમાં જયણાને શ્રાવકની માતા કહી છે. આપણે દરેક પ્રવૃત્તિ જયણાપૂર્વક કરવી જોઈએ. બોલતાં કે ચાલતાં, બેસતાં કે સૂતાં, ખાતાં કે પીતાં બધી પ્રવૃત્તિ જયણાને ધ્યાનમાં રાખી કરવી જોઈએ. આજકાલ આપણી જીવનશૈલીમાં પશ્ચિમનું ખૂબ અનુકરણ થવા લાગ્યું છે, તેથી દરેક વ્યવહારમાંથી જયણા ઓછી થતી જાય છે. જયણા બાબતની ઉપેક્ષા અનેક જીવોના નિરર્થક સંહારનું કારણ બને છે. થોડીક કાળજી દ્વારા કેટલાય જીવોની રક્ષા થાય છે, અને જીવ વિરાધનાના પાપથી બચી શકાય છે.

આપણી ચારે બાજુ જીવસૃષ્ટિ પથરાયેલી છે. આપણા વિસ્તારમાં કૂતરા, બિલાડા છે. આપણા ઘરોમાં વાંદા, માંકડ કે મચ્છરનો ઉપદ્રવ છે. કેટલીક જગ્યાએ ઉંદરનો ત્રાસ પણ છે. કીડી કે મકોડાનો ત્રાસ છે. ક્યાંક પક્ષીના માળા અને કરોળિયાના જાળા છે. ઘરમાં-માળિયામાં ક્યારેક કબૂતરોનો ઉપદ્રવ છે. ઈંડા મૂકી જાય છે. ફર્નિચરમાં કે દીવાલમાં ઊધઈ છે. નળમાં આવતા પાણીમાં અસંખ્ય સ્થાવર અને ત્રસ જીવો છે. અનાજમાં ઈયળ અને ધનેડા છે. શાકભાજીમાં પણ ક્યાંક ઈયળ છે. વાસણમાં ક્યાંક કંથવા છે. ક્યારેક ગરોળી, કાચીંડા કે કાનખજૂરા જેવા જંતુઓ ઘરમાં દેખાય છે. ચાતુર્માસની ઋતુમાં તો અવનવા જીવજંતુ જોવા મળે છે. તેમાં અળસિયા અને દેડકા મુખ્ય છે. ક્યારેક સાપોલીયા, વીંછી કે સાપ પણ નજરે પડે છે.

સચિત્ત માટી પૃથ્વીકાય છે. કાચા પાણીમાં અપકાય જીવો છે. અગ્નિમાં, વાયુમાં અને વનસ્પતિમાં પણ જીવ છે. વાનગીઓ ઉપર કે ફર્નિચર વગેરેમાં બાઝી જતી ફૂગ અને મકાનના કમ્પાઉન્ડમાં ફેલાઈ જતી લીલમાં પણ અનંતકાય જીવો છે.

બેસતાં, ઊઠતાં, હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, સૂતાં, બોલતાં, વસ્તુ લેતાં-મૂકતાં, બારણા બંધ કરતા કે સાફ-સફાઈ કરતાં આપણી બેકાળજીથી આવા એક-બેથી માંડીને અનંત જીવોની હિંસા થઈ જવાની સંભાવના છે. આપણી થોડીક કાળજી આવા અનેક જીવોના પ્રાણ બચાવી લે અને આપણને હિંસાના પાપથી બચાવી લે. આપણી થોડીક બેદરકારી કેટલાય નિર્દોષ જીવો માટે ઘાતક બની રહે. પાપથી રક્ષણ એટલે ભવિષ્યના દુ:ખથી રક્ષણ. આ રીતે પાપ અને દુ:ખથી આપણી રક્ષા કરનારી જયણા આપણી 'મા' જ કહેવાય ને !

**જયણાનાં ઉપકરણો :** ગળણું, સાવરણી, પૂંજણી, ચરવળો, ચરવળી, મોરપીંછી, ચારણા અને ચંદરવો વગેરે.

જયણાપાલન માટે 'ઉપચાર કરતાં ઉપયોગ (કાળજી) સારો' જીવોત્પત્તિ થયા પછી તે જીવોની રક્ષા ખૂબ મુશ્કેલ બને છે. તેથી ઘરમાં જીવાતો ઉત્પન્ન જ ન થાય તેની કાળજી રાખવી ઉત્તમ છે.

૧. આખું ઘર સંપૂર્ણ સ્વચ્છ રાખો. ગંદકીથી જીવોત્પત્તિ વિશેષ થાય છે.

૨. પાણી ઓછામાં ઓછું ઢોળો. ભીનાશથી પુષ્કળ જીવો પેદા થાય છે.

૩. ખાદ્યપદાર્થ બહાર ન ઢોળો. ખોરાકના વેરાયેલા કણોથી આકર્ષાઈને જીવો દોડી આવે છે.

૪. એંઠું ન મૂકો. એંઠવાડ મોરીમાં ઢોળવાથી અને ખાળમાં જવાથી વાંદા વગેરે પુષ્કળ જીવો ઉત્પન્ન થાય છે.

૫. હવા-ઉજાસનો અવરોધ ન કરો. બારી-બારણા બંધ રાખી કુદરતી હવા અને સૂર્યપ્રકાશનો અવરોધ કરવાથી જીવોત્પત્તિની શક્યતા વધે છે.
૬. ખાદ્યપદાર્થોના વાસણો ચુસ્ત બંધ રાખો. અથાણાંની બરણી વગેરે બરાબર બંધ ન થાય તો સુગંધથી જીવો આકર્ષાય છે.
૭. ખાદ્યપદાર્થો વાસી ન રાખો. તે તે પદાર્થોની તે કાળમર્યાદાનું ઉલ્લંઘન થવાથી જીવોત્પત્તિ થાય છે.
૮. કોઈપણ પ્રવૃત્તિ કરતી વખતે નજર તેમાં જ રાખો.
૯. કચરો કે બિનજરૂરી વસ્તુઓનું વિસર્જન જયણાપૂર્વક યથાયોગ્ય સ્થાને કરો.

**જયણાની જડીબુટ્ટીઓ :** ડામરની ગોળી, પારો, દીવેલ, કાળામરી, તમાકુ, ચૂનો, કેરોસીન, કપૂર, રાખ, કંકુ, હળદર, ગેરુ, રંગ-વાર્નિશ-પોલિશ, ધૂપ, તુલસી, ફટકડી, સિંધાલૂણ, ફુદીનાના પાન,મીઠું, સંતરાની છાલ, ચાની ભૂકી. લગ્ન કે અન્ય પ્રસંગે જમણવારોની જયણા, ધર્માનુષ્ઠાનોની જયણા, ચીજવસ્તુના વપરાશની જયણા, વર્ષાઋતુમાં લીલા, કાળા, ભૂખરા વગેરે રંગની સેવાળ બાઝી જાય છે તે નિગોદની જયણા. તેના પર પગ મૂકીને ચાલવાથી નિગોદના અનંત જીવોની હિંસા થાય છે. મકાનના કમ્પાઉન્ડમાં, ચાલવાના રસ્તા પર વરસાદની ઋતુ શરૂ થતા પાણી ભરાયેલી જગ્યામાં લીલા રંગની સેવાળ બાઝી જાય છે તે નિગોદમાં અનંત સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ ન થાય અને આપણ આવી જગ્યાએ પગ મૂકીને ન ચાલીએ તે નિગોદની જયણાથી અનંત સૂક્ષ્મ જીવોની હિંસાથી બચી શકાય છે. બીજું, વાસી ખોરાક તથા અન્ય પદાર્થો ઉપર સફેદ રંગની ફૂગ બાઝી જાય છે. તેનાથી બચવા ફૂગજયણાનું પાલન જરૂરી છે. વર્ષાઋતુમાં ફૂગ બાઝી જવાના અનેક પ્રસંગો ઉત્પન્ન થાય છે.

પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાયની જયણા, વનસ્પતિકાયની જયણા, કીડી, મચ્છર, માખી, માંકડ, વાંદા, ઊધઈની જયણા, ધાન્યના કીડાની જયણા, ઈયળની જયણા, ઉંદર-ગરોળીની જયણા, ઈયળની જયણા, રસોડાની જયણા, વાનગીઓની જયણા, જમતી વખતની જયણા, ઉકાળેલા પાણીની જયણા, ચીજ-વસ્તુના વપરાશની જયણા રાખવાથી આપણને હિંસાના પાપથી બચાવી લે.

ઘર-ઘરમાં જયણાનું પાલન થાય તેવી કાળજી રાખવી ખૂબ જરૂરી છે. જયણા એ શ્રાવકની માતા છે. જીવરક્ષા માટેની કાળજી રાખો.

• • •

## પલભર આવો પ્રભુ !

**રચયિતા : બા.બ્ર.અલકાબેન**

રમ રહે તુમ નિત નિજ આનંદ મેં
પલ ભર આવો પ્રભુ મોરે ચિતવન મેં
રહત નિરંતર જ્ઞાન મહલ મેં
પલ ભર આવો પ્રભુ હૃદય કમલ મેં
પ્રભુ મોરી અરજી સ્વીકારો,
પલભર નજરે નિહારો...
ચાહ નહીં કુછ જગ સુખ સ્વાદ કી,
આસ નહીં કુછ ભોગ વિલાસ કી,
પ્યાસ દરસ કી બુઝાઓ... પલ ભર...
સત્ ચિત્ આનંદમય પરમાતમ,
અજર અમર અવિનાશી મહાતમ,
સહજાનંદ દરસાવો... પલ ભર...
શરણ તિહારે જોઈ જન આયે,
જનમ-મરણ દુઃખ ભવ ભય ટારે,
અબ મોરી લાજ નિભાઓ... પલ ભર...

# સુખદુઃખ - એક દૃષ્ટિકોણ

આ વિશ્વમાં પ્રાણી માત્રની ઈચ્છા છે કે કોઈ પણ પ્રકારે મને દુઃખ ન હો અને સર્વથા સુખ હો. પ્રયત્ન પણ એ જ અર્થે છે છતાં તે દુઃખ શા માટે મટતું નથી ?

શરીરનું દુઃખ માત્ર ઔષધ કરવાથી મટી જતું હોત, મનનું દુઃખ ધનાદિ મળવાથી મટી જતું હોત અને સંસર્ગ-સંબંધનું દુઃખ મનને કંઈ અસર ઊપજાવી શકતું ન હોત તો તે દુઃખ મટવા માટે જે જે પ્રયત્ન કરવામાં આવે છે, તે તે સર્વ જીવને સફળ થાત, પણ તેમ થતું જોવામાં ન આવ્યું, માટે તે દુઃખનું મૂળ કારણ જો યથાર્થ જાણવામાં આવે તો દુઃખ મટે. દુઃખનું મૂળ કારણ જો યથાર્થ વિચારતા કોઈક જ એનું સમાધાન પામ્યા અને ઘણા બધા યથાર્થ સમાધાન નહીં પામ્યા છતાં મતિવ્યામોહાદિકારણથી સમાધાન પામ્યા છીએ એમ માનવા લાગ્યા અને તે પ્રમાણે ઉપદેશ કરવા લાગ્યા. ઘણા લોકો તેને અનુસરવા પણ લાગ્યા. જગતમાં જુદા જુદા ધર્મ-મત જોવામાં આવે છે તેની ઉત્પત્તિનું મુખ્ય કારણ એ જ છે.

'ધર્મથી દુઃખ મટે' એમ ઘણા ખરા વિચારવાળાની માન્યતા થઈ, પણ ધર્મનું સ્વરૂપ સમજવામાં એકબીજામાં ઘણો તફાવત પડ્યો. ઘણા તો મૂળ વિષય ચૂકી ગયા અને ઘણા તો એ વિષયમાં મતિ થાકવાથી અનેક પ્રકારે નાસ્તિક પરિણામોને પામ્યા.

અનંતકાળથી દુઃખનું જો સાચું કારણ હોય તો તે સ્વરૂપ વિષે ભ્રાંતિ છે. જીવ પોતે જ પોતાને ભૂલી ગયો એ સહુથી મોટું આશ્ચર્ય છે. વસ્તુનું જેવું સ્વરૂપ જ્ઞાનીઓએ વીતરાગતા પ્રગટ કર્યા પછી પ્રકાશિત કર્યું છે એ ખરેખર વિચારવા યોગ્ય છે. દુઃખનિવૃત્તિના ઉપાય : (૧) સર્વ દુઃખનો આત્યંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એ જ મોક્ષ છે અને તે જ પરમહિત છે. વીતરાગમાર્ગ તેનો ઉપાય છે.


સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. સર્વજ્ઞના જ્ઞાનમાં ભાસ્યમય તત્ત્વોની સમ્યક્ પ્રતીતિ થવી તે 'સમ્યગ્દર્શન' છે. તત્ત્વનો સમ્યક્બોધ થવો તે 'સમ્યગ્જ્ઞાન' છે. ઉપાદેય તત્ત્વોનો અભ્યાસ થવો પોતાના સ્વભાવમાં સ્થિરતા થવી તે 'સમ્યક્ચારિત્ર' છે. શુદ્ધ આત્મસ્વરૂપ એવા વીતરાગપદમાં સ્થિતિ થવી તે એ ત્રણેયની એકતા છે. સર્વજ્ઞ દેવ, નિર્ગ્રંથ, ગુરુ અને સર્વજ્ઞોપદિષ્ટ ધર્મની પ્રતીતિથી 'તત્ત્વપ્રતીતિ' પ્રાપ્ત થાય છે.

(૨) દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઈચ્છે છે અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ-દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક 'આત્મજ્ઞાન' સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી અને ભવિષ્યકાળમાં થઈ શકે એમ નથી. સર્વજ્ઞાની પુરુષોને એમ ભાસ્યું છે માટે 'આત્મજ્ઞાન' જીવને પ્રયોજનભૂત છે. તેનો સર્વ શ્રેષ્ઠ ઉપાય સદ્ગુરુ વચનના શ્રવણનું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જીવ દુઃખની નિવૃત્તિ ઈચ્છતો હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. જીવે સત્સંગમાં નિરંતર સમય-સમય નિવાસ ઈચ્છવો. સ્વાનુભૂતિ એ જ સુખનો સાચો ઉપાય છે.

(૩) સર્વ કલેશથી એ સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક 'આત્મજ્ઞાન' છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં અને સત્સંગ વિના જીવનું વિચારબળ પ્રવર્તતું નથી એમાં કિંચિત્ માત્ર સંશય નથી.

જેમ જેમ ચિત્તનું શુદ્ધિપણું અને સ્થિરતા હોય છે તેમ તેમ જ્ઞાનીના વચનોનો વિચાર યથાયોગ્ય થઈ શકે છે. સર્વ જ્ઞાનનું ફળ 'આત્મસ્થિરતા' થવી એ જ

**(અનુસંધાન પાના નં. ૩૫ પર...)**



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## ધારાશાસ્ત્રીની માનવતા

રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. રાજેન્દ્રપ્રસાદ જ્યારે વકીલાત કરતા હતા તે સમયનો એક પ્રસંગ છે.

અદાલતમાં તેઓ એક બાહોશ અને કુશળ ધારાશાસ્ત્રી તરીકે પ્રસિદ્ધ હતા. જે અસીલનો કેસ તેઓ હાથ પર લેતા એમાં અચૂક અસીલને જિતાડી આપતા. તેમની કાયદાની સૂઝ ખૂબ ઊંડી હતી.

પણ અસત્યનો જ્યાં આશ્રય લેવો પડે એવા કેસને તેઓ હાથ પર લેતા નહોતા. અસત્યથી પ્રાપ્ત થતી કમાણીને તેઓ કદી ઇચ્છતા નહોતા.

એકવાર એક માણસ તેમની પાસે આવ્યો અને પોતાનો કેસ લડવા તેણે રાજેન્દ્રબાબુને આગ્રહ કર્યો. એટલું જ નહીં, એ કેસ હાથ પર લેવાય તો ઘણી મોટી ફી આપવાની પણ તેણે પોતાની તૈયારી બતાવી.

રાજેન્દ્રબાબુએ કહ્યું, ''તમે કેસનાં કાગળિયાં મારી પાસે મૂકતા જાઓ. આજે રાતે હું તે જોઈ લઈશ અને કાલે તમને જવાબ આપીશ.''

આખી રાત તેમણે કાગળિયાં તપાસ્યાં.

બીજે દિવસે પેલો માણસ તેમની પાસે આવ્યો કે તરત જ રાજેન્દ્રપ્રસાદે તેને કાગળિયાં પરત કર્યાં અને કહ્યું, ''તમારો કેસ હું લડી શકીશ નહિ.''

પેલાએ કારણ પૂછ્યું તો રાજેન્દ્રબાબુએ કહ્યું, ''તમારી પાસે બધા જ પુરાવાઓ છે. તમે સોએ સો ટકા કેસ જીતી જાઓ એમ છો. છતાં તમે એક વિધવા બાઈ સામે કેસ કર્યો છે. તમે જીતો એનો અર્થ એ થાય કે એ વિધવા બાઈનો રોટલો ઝૂંટવાઈ જાય, એ સાવ નિરાધાર બની જાય. તમને એની મિલકત મળે તેથી તમને તો આનંદ થાય, પણ તે બિચારી વિધવાનું શું ? એણે તો ભૂખે મરવાના દિવસો જ જોવાના રહે ! મારી તો તમને સલાહ છે કે તમે એ વિધવાની સામે કેસ કરવાનું માંડી જ વાળો. આમ કરવામાં માનવતા છે; અને એક વાત સદા યાદ રાખો કે કોઈની આંતરડી કકળાવીને પ્રાપ્ત કરેલી મિલકત તમને સંતોષ નહિ આપે, તમારા આંતરિક સંતોષને એ નષ્ટ કરશે. આમ છતાં જો તમે એ વિધવાની સામે કેસ કરશો તો હું વિધવાનો બચાવ કરીશ અને તેની પાસેથી ફીની એક રાતી પાઈ પણ લઈશ નહિ !''

અને અસીલે પેલી વિધવા સામે કેસ કરવાનું માંડી વાળ્યું !

## ક્ષમા

મુંબઈની કચેરીમાં એક મોટો મુકદ્દમો ચાલે. એક હોશિયાર વકીલે એ હાથ ધરેલો.

મુકદ્દમો બહુ ગૂંચવણવાળો હતો. વકીલે એ જીતવા માટે રાતદિવસ એક કરી નાખ્યાં. કંઈ કેટલાય કાયદાનાં પુસ્તકો વાંચી નાખ્યાં !

આ બધા પરથી મુકદ્દમાના કાગળો તૈયાર કર્યા, એમાં કેટલાંય પુસ્તકોમાંથી લઈને દાખલા-દલીલો ટાંક્યાં. બધું તૈયાર કરી વકીલે એ કાગળો ફરી વાંચી જોયા. વાંચતાં તેઓને ખાતરી થઈ કે કામ બરાબર થયું છે. મુકદ્દમો નક્કી જીતી શકાશે.

આ બધા કાગળો નકલ કરવા માટે આપવાના હતા. એ બધાને મૂકી વકીલ બહાર ફરવા નીકળ્યા. ઘણા દિવસની મહેનતને લીધે કંટાળી ગયા હતા. એટલે દૂર દૂર નીકળી ગયા.

આ વખતે ઘરમાં રમતી એક દશેક વર્ષની બાળકી ત્યાં આવી. એ વકીલના કમરામાં બેસીને

રમવા લાગી ! એણે ટેબલનું ખાનું ઉઘાડ્યું ને એમાંથી કાગળિયાં બહાર કાઢ્યાં.

કેટલાંક કાગળિયા આમ ફેંક્યાં, કેટલાંક તેમ ફેંક્યા, એક કાગળમાંથી પતંગ બનાવવા બેઠી!

પેલા વકીલ ફરીને પાછા આવ્યા. પેલી બાળકી તો આનંદમાં હતી. એણે કહ્યું,

"બાપુ, જુઓ ! આ મારો પતંગ ! મેં બનાવ્યો."

વકીલે પતંગ જોયો, પણ જોતાંની સાથે ફાળ પડી. અરે ! દીકરીએ ગજબ કર્યો. મારા મહત્ત્વના કાગળોનું જ કચુંબર કરી નાખ્યું ! કેવું ભારે નુકસાન ! વળી આબરૂનો પણ સવાલ !

આ વખતે બીજો કોઈ બાપ હોત તો ગુસ્સે થઈ જાત, પણ આ વકીલે કાગળના ડૂચા ભેગા કરતાં દીકરીને એટલું જ કહ્યું, "બેટા ! મારા કાગળોને ન અડાય હોં."

આ વકીલનું નામ શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી. ગુજરાતી ભાષાના એક સમર્થ સાહિત્યકાર કે જેમણે 'સરસ્વતીચંદ્ર' નામની અમર કૃતિની રચના કરી.

## ભૂલનો એકરાર

બંગાળના એક ખ્યાતનામ નવલકથાકાર અને રાષ્ટ્રીય ગીતના સર્જક એવા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય પોતાની કોઈ થયેલી ભૂલ બદલ એકરાર કરવામાં કદી શરમ અનુભવતા નહોતા. તેઓ થઈ ગયેલી ભૂલને સુધારી પણ લેતા અને ફરી એવી ભૂલ પોતાનાથી ન થાય એની ભારે તકેદારી રાખતા.

એકવાર તેમણે કોઈ વિષય પરત્વે પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું, થોડા દિવસ પસાર થયા.

તેમણે પોતે રજૂ કરેલા મંતવ્ય વિશે ખૂબ વિચાર કર્યો, તો તેમને લાગ્યું કે પોતાનું મંતવ્ય સાચું નથી. આથી તેમણે જાહેરમાં જણાવ્યું કે મારું અગાઉનું મંતવ્ય સાચું નહોતું, એ ભૂલભરેલું મંતવ્ય હતું. આવો જાહેર એકરાર કરીને તેમણે સાચું મંતવ્ય શું હોઈ શકે એ પણ જાહેર કર્યું.

તેમના કેટલાક મિત્રોને, બંકિમચંદ્રે પોતાનું મંતવ્ય આ રીતે બદલ્યું એ ગમ્યું નહિ.

એક દિવસ તેમના ઘરે તેમનો એક મિત્ર આવ્યો અને તેમને કહેવા લાગ્યો,

"તમે તમારા અગાઉના મંતવ્યને બદલ્યું તે મને ન ગમ્યું. આથી લોકો પર એવી છાપ પડી છે કે તમે દૃઢ ચિત્તવાળા નથી."

ચટ્ટોપાધ્યાય બોલ્યા, "જેને કદી પોતાનો મત ફેરવવાની જરૂર રહેતી નથી તે ખરેખર મહાન પુરુષ હોય છે. જે પોતાનો અગાઉનો મત ભૂલભરેલો છે એમ જાણવા છતાં પોતાના અગાઉના મતને ખોટી રીતે વળગી રહે તે કપટી અને દંભી છે. હું ન તો મહાપુરુષ છું, કે ન તો હું કપટી કે દંભી છું. તેથી મારે અગાઉના ભૂલભરેલા મંતવ્યને બદલવું જ જોઈએ. એમાં મેં કશું જ ખોટું કે અયોગ્ય કર્યું નથી. મને એમ કરવા બદલ અફસોસ પણ કશો નથી."

કેવી સ્પષ્ટતા ! કેવી વિનમ્રતા !

## સુખદુઃખ - એક દૃષ્ટિકોણ

(પાના નં. ૩૩ પરથી ચાલુ...)

છે એમ વીતરાગી પુરુષોએ કહ્યું છે, જે અત્યંત સત્ય છે.

આકુળતામય શુભાશુભ ભાવથી ભિન્ન તારો નિરાકુળ જ્ઞાયક સ્વભાવ છે તેને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં. દરેક પદાર્થની દરેક સમયની પર્યાય ક્રમબદ્ધ થાય. ઉપાદાન-નિમિત્ત બન્ને સ્વતંત્ર છે. આ સમજવામાં મહા પુરુષાર્થ છે. ક્રમબદ્ધ પર્યાયને પરની તો અપેક્ષા નથી. એવા તત્ત્વને સમજમાં લે તો તારા ભવભ્રમણનો અંત આવશે. આ એક જ કરવા જેવું છે.

■ ■ ■

# સમાજ-સંસ્થા દર્શન

## ડિસેમ્બરની ચતુર્દિવસીય આધ્યાત્મિક શિબિર

પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે સંસ્થા દ્વારા તા. ૧-૧૨-૨૦૧૬ થી તા. ૪-૧૨-૨૦૧૬ દરમિયાન ચતુર્દિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે; જેમાં પૂજ્યશ્રી આત્માનંદજી, બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈ, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, બા.બ્ર.શ્રી સુરેશજીના સ્વાધ્યાય, ભક્તિ આદિ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. તા. ૨-૧૨-૨૦૧૬ના રાત્રે આદ.શ્રી જય અશોકભાઈ શાહની ભક્તિસંગીતનો કાર્યક્રમ યોજાશે. આત્મકલ્યાણ અર્થે શિબિરમાં પધારવા ભાવભીનું નિમંત્રણ છે.

## ફેબ્રુઆરી માસની આધ્યાત્મિક શિબિર

સંસ્થામાં તા. ૧૨-૨-૨૦૧૭ થી તા. ૧૫-૨-૨૦૧૭ (રવિવાર થી બુધવાર) ચતુર્દિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે; જેમાં સ્વાધ્યાય, ભક્તિ આદિ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાશે. આત્મકલ્યાણ અર્થે શિબિરમાં પધારવા સૌને નિમંત્રણ પાઠવીએ છીએ.

## સંસ્થામાં સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન

પૂજ્યશ્રી આત્માનંદજીના જન્મમંગલદિન નિમિત્તે આયોજિત ચતુર્દિવસીય આધ્યાત્મિક શિબિર (તા. ૧-૧૨-૧૬થી તા. ૪-૧૨-૧૬) અંતર્ગત તા. ૪-૧૨-૧૬ના રવિવારના દિવસે સવારે ૯.૦૦થી ૧.૦૦ દરમિયાન સંસ્થાના ગુરુકુળ સંકુલમાં સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આપ રક્તદાન કરી સ્વ-પર કલ્યાણના આ પાવન કાર્યમાં સહભાગી થવા વિનંતી કરીએ છીએ. આપ આપના મિત્રો, સ્નેહીજનો, સગા-સંબંધીઓને પણ રક્તદાનની પ્રેરણા આપી શકો છો. આપનું એક રક્તદાન ચાર વ્યક્તિની જિંદગી બચાવી શકે છે.

**સંપર્કસૂત્રો :** (૧) આદ. શ્રી દિનેશભાઈ બાવીસી : મો. ૯૬૩૮૪૮૪૬૫૫; (૨) મેનેજર શ્રી વિજયભાઈ પટેલ : મો. ૭૬૯૮૭૫૭૩૧૯; (૩) શ્રી નીતાબેન લોઢીયા : મો. ૯૭૨૩૩૫૦૩૬૯

## સંસ્થામાં આધ્યાત્મિક યુવાશિબિરનું આયોજન

યુવાપેઢીમાં આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ થાય તે હેતુથી સંસ્થામાં તા. ૨૪-૧૨-૨૦૧૬ થી ૨૬-૧૨-૨૦૧૬ (શનિ થી સોમ) ત્રિદિવસિય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ૧૫ થી ૪૫ વર્ષની ઉંમરવાળા ભાઈ-બહેનો ભાગ લઈ શકશે. શિબિરશુલ્ક રૂ. ૩૦૦/- રાખવામાં આવેલ છે. શિબિરાર્થીઓએ તા. ૨૩-૧૨-૨૦૧૬ના સાંજ/રાત સુધીમાં સંસ્થામાં પહોંચવાનું રહેશે. શિબિર દરમ્યાન આધ્યાત્મિક વિકાસલક્ષી ચર્ચાઓ, સંતોના પ્રવચનો, યોગ-પ્રાણાયામનો અભ્યાસ, ભક્તિસંગીત, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ સંબંધી કાર્યક્રમો યોજવામાં આવેલ છે. શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા ભાઈ-બહેનોએ સંસ્થાના કાર્યાલયમાં પોતાના નામ નોંધાવવા વિનંતી છે.

## સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા પૂ. લઘુરાજ સ્વામીજીના જન્મદિનની ઉજવણી સાનંદ સંપન્ન

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનો ૧૨૦મો રચનાદિન (આસો વદ એકમ, તા.૧૭-૧૦-૨૦૧૬) તથા પૂજ્ય લઘુરાજ સ્વામીના જન્મદિન નિમિત્તે સંસ્થામાં ખમાસણા-વંદના સહિત શ્રી આત્મસિદ્ધિ પારાયણ કરવામાં આવ્યું. સૌએ ભાવપૂર્વક ખમાસણા સહિત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથાઓની વંદના કરી હતી.

પૂજ્યશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આ શાસ્ત્ર જેવું નામ છે તેવા જ ગુણ ધરાવે છે. આ સત્શાસ્ત્રમાં આત્માની સિદ્ધિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. શાસ્ત્રજીનું મધ્યબિંદુ 'આત્મા' છે. એના અધ્યયન દ્વારા આપણને આપણા સાચા સ્વરૂપનું ભાવભાસન થવું જોઈએ તો જ પારાયણ કર્યું સફળ છે. આપણે અનાદિના મૂઢતાના સંસ્કાર કાઢવાના છે. તે માટે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અનિવાર્ય છે. આત્મપ્રાપ્તિનો એક જ ઉપાય એ છે કે સ્વરૂપનું ભાવભાસન થવું જોઈએ. સ્વસંવેદન જ્ઞાન થવું જોઈએ. મરીને પણ તત્ત્વને જાણી તેને મ્હાણવાનું છે. યથાર્થ પાત્રતા પ્રગટ કરી, શ્રી સદ્‌ગુરુને શરણે જઈ પોતાના આત્માનું સ્વરૂપ જાણવું - શ્રદ્ધવું અને પછી તેનો અનુભવ કરવો, એ જ મોક્ષનો સનાતન માર્ગ મહાપુરુષોએ જાણ્યો છે - મ્હાણ્યો છે અને વાણીથી દર્શાવ્યો છે.

## મુમુક્ષુઓના નિવાસસ્થાને ભક્તિ તથા કૃપાળુદેવના ચિત્રપટની સ્થાપનાના કાર્યક્રમો સાનંદ સંપન્ન

**[૧]** તા. ૧૮-૧૦-૨૦૧૬ના રોજ ધર્મપ્રેમી, સેવાભાવી, સદ્‌ગુણસંપન્ન આદ. ભાઈશ્રી કિરીટભાઈ/ હંસાબેનના નિવાસસ્થાને ભક્તિ તથા પરમકૃપાળુદેવના ચિત્રપટની સ્થાપનાનો શુભપ્રસંગ સાનંદ સંપન્ન થયો.

આદ. ભાઈશ્રી કિરીટભાઈ તથા હંસાબેનની ભક્તિભાવનાથી પૂજ્યશ્રી આત્માનંદજી તથા સાધક ભાઈ-બહેનો તેમના નિવાસસ્થાને (કોબા - મહાવીર દર્શન એપાર્ટમેન્ટ) બપોરે ૩-૩૦ વાગ્યે ગયા હતા. ત્યાં સૌ ભક્તિકારોએ ભાવવાહી ભક્તિ કરાવી હતી. ત્યારપછી પૂજ્યશ્રીના શુભહસ્તે પરમકૃપાળુદેવના ચિત્રપટની સ્થાપના કરવામાં આવી હતી. પ્રસાદ તથા પ્રભાવના લઈ સૌએ વિદાય લીધી હતી. દંપતીના ઉત્કૃષ્ટ ભક્તિભાવ બદલ પૂજ્યશ્રીએ ધન્યવાદ તથા ધર્મવૃદ્ધિ માટે શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

આદ. શ્રી કિરીટભાઈ સંસ્થામાં રોજ વહેલી સવારે યોગાસન કરાવવા આવે છે તથા ધર્મપ્રેમી દંપતી રાત્રિના ભક્તિક્રમમાં નિયમિત આવે છે. સંસ્થા તરફથી તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ.

**[૨]** સંસ્થામાં રહીને સેવા-સાધના કરી ચૂકેલા, પૂજ્યશ્રી પ્રત્યે અત્યંત અહોભાવ ધરાવનાર મુમુક્ષુવિશેષ આદ.કુ. રીનાબેન અરવિંદભાઈ શાહના જૂના કોબાના નિવાસસ્થાને તા. ૨૩-૧૦-૨૦૧૬ના દિવસે ભક્તિ-સત્સંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પૂજ્યશ્રી આત્માનંદજી, પૂજ્ય બહેનશ્રી સહિત અનેક મુમુક્ષુ ભાઈ-બહેનો આ પ્રસંગે પધાર્યા હતા. આદ.કુ. રીનાબેન શાહ પરિવારે સૌનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું. ભક્તિકારોએ ભાવવાહી ભક્તિ કરાવી હતી. પૂજ્યશ્રીએ પણ બે ભક્તિપદો લીધા હતા. પૂજ્યશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સ્વમાં વસ, પરથી ખસ. પણ આવું કરવા માટે જીવનશૈલી બદલવી પડે.

આદ. રીનાબેને પૂજ્યશ્રી સાથેના સત્સંગના ભૂતકાળના પાવન સ્મરણોને વાગોળ્યા હતા. અલ્પાહાર લઈ સૌએ વિદાય લીધી. 'સાદુ જીવન અને ઉચ્ચ વિચાર'માં માનનારા મુમુક્ષુવિશેષ રીનાબેન આરંભ-પરિગ્રહને ઘટાડીને સાધનામય જીવન જીવી રહ્યા છે. પૂજ્યશ્રી તેઓશ્રીના સાધનાજીવનની સફળતા માટે શુભાશીર્વાદ પાઠવે છે.

## પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજની કૃતિ 'મૂકમાટી' (ગુજરાતી પદ્યાનુવાદ)નું વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે વિમોચન

દિગંબર જૈન આચાર્ય પૂજ્ય ૧૦૮ શ્રી વિદ્યાસાગરજી મહારાજની કાળજયી કૃતિ 'મૂકમાટી' હિન્દી મહાકાવ્યનો ગુજરાતી અનુવાદ આપણા ભક્તહૃદયી મુમુક્ષુ બ્ર. બિંદુબહેન પારેખે (રાજકોટ) કર્યો છે. તેનું વિમોચન તા. ૧૪ ઓક્ટોબરના ભોપાલ ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે પૂ. આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજના પાવન સાન્નિધ્યમાં કરવામાં આવ્યું. 'મૂકમાટી' મહાકાવ્ય પર અત્યાર સુધીમાં ૫૦ કરતાં વધુ જિજ્ઞાસુઓએ શોધકાર્ય કરીને ડોક્ટરેટની ડિગ્રી હાંસલ કરેલ છે. ૪૦૦ થીયે વધુ વિદ્વાનોએ આ રચના પર વિદ્વત્તાપૂર્ણ સમીક્ષાઓ લખેલ છે. 'મૂકમાટી' મહાકાવ્યના ગુજરાતી અનુવાદનો આ ગ્રંથ પૂજ્યશ્રી આત્માનંદજીને અર્પણ કરવા સુ.શ્રી પારેખ બહેનો તા. ૨૦ ઓક્ટોબરના રોજ આપણી સંસ્થામાં પધાર્યા હતા. મુમુક્ષુ બહેન બિંદુબહેનને કોબા પરિવાર અનેકશઃ ધન્યવાદ પાઠવે છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **ગુરુકુળ :**
  - (૧) આદ.શ્રી શ્વેતાબેન જશુભાઈ શાહ, મુંબઈ (કાયમી શુભેચ્છક વાલી) રૂ. ૧,૦૦,૦૦૦/-
  - (૨) આદ.શ્રી ઈલાબેન વી. મહેતા, અમદાવાદ રૂ. ૨૫,૦૦૦/-
- **શ્રી આત્મસિદ્ધિ વિધાન પૂજા :**
  - (૧) આદ. શ્રી પ્રકાશભાઈ એચ. શાહ, અમદાવાદ રૂ. ૫૧,૦૦૦/-
- **સ્વાધ્યાયહૉલ :**
  - (૧) એક મુમુક્ષુબેન તરફથી (સમેતશિખર ચિત્રપટ માટે) રૂ. ૫૧,૦૦૦/-
- **મેડિકલ સેન્ટર :**
  - (૧) સ્વ. શ્રી રમેશભાઈ વી. મહેતાના આત્મશ્રેયાર્થે, અમદાવાદ રૂ. ૨૫,૦૦૦/-
- **ભોજનાલય :**
  - (૧) આદ.શ્રી વિમલાબેન ટી. સાવલા, મુંબઈ રૂ. ૨૦,૦૦૦/-
  - (૨) આદ.શ્રી ભારતીબેન વિનોદભાઈ શાહ, સિંગાપુર રૂ. ૧૧,૦૦૦/-
  - (૩) આદ.શ્રી ઉષાબેન રસિકભાઈ મહેતા, પૂના રૂ. ૧૦,૦૦૦/-

- **સાધારણ ખાતું :**

| | | |
|---|---|---|
| (૧) | આદ. શ્રી પ્રકાશભાઈ એચ. શાહ, અમદાવાદ<br>(પૂ.બહેનશ્રીના ૭૫ મા જન્મદિન નિમિત્તે) | રૂા. ૭૫,૦૦૦/- |
| (૨) | આદ. શ્રી કિશોરભાઈ ડી. શેઠ, કોબા<br>(પૂ.બહેનશ્રીના ૭૫ મા જન્મદિન નિમિત્તે) | રૂા. ૧૫,૦૦૦/- |
| (૩) | સ્વ. શ્રી જયંતિલાલ મોતીલાલ શાહના આત્મશ્રેયાર્થે, ગાંધીનગર | રૂ. ૧૧,૦૦૦/- |
| (૪) | આદ. શ્રી ઉજવલાબેન અશોકભાઈ સિંઘવી, ઔરંગાબાદ | રૂ. ૧૧,૦૦૦/- |
| (૫) | આદ. શ્રી પુનિતભાઈ એચ. મહેતા, મુંબઈ | રૂ. ૧૦,૦૦૦/- |

- **ઑડિયો - વીડિયો વિભાગ :**

| | | |
|---|---|---|
| (૧) | આદ. શ્રી અરવિંદભાઈ શાહ, કેલિફોર્નિયા | રૂ. ૧૩,૨૦૦/- |

- **જ્ઞાનદાન :**

| | | |
|---|---|---|
| (૧) | આદ. શ્રી ઈલાબેન જે. મહેતા, Kennesaw, USA | રૂ. ૧૦,૦૦૦/- |

## મુંબઈની પૂજ્યશ્રીની સત્સંગ-ધર્મયાત્રા સાનંદ-સંપન્ન

શ્રીમદ્ રાજચંદ્ર મિશન - ધરમપુરના અધિષ્ઠાતા પૂજ્યશ્રી રાકેશભાઈની ૫૦મી જન્મજયંતી - સુવર્ણજયંતીના શુભ પ્રસંગે ત્રિદિવસીય સાંસ્કૃતિક, ધાર્મિક તથા આધ્યાત્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન MSCI, SVP સ્ટેડિયમ, વરલી, મુંબઈ મુકામે કરવામાં આવ્યું હતું.

પૂજ્યશ્રી તા. ૨૪મીએ મુંબઈ પહોંચ્યા ત્યારે મુંબઈના સૌ મુમુક્ષુ ભાઈ-બહેનો એરપોર્ટ ઉપર પહોંચી ગયા હતા. તા. ૨૫-૯-૨૦૧૬ના રોજ સવારના સત્સંગના કાર્યક્રમમાં પૂજ્યશ્રી સાથે કોબા સંસ્થાના ટ્રસ્ટીઓ તથા મુમુક્ષુ ભાઈ-બહેનોએ હાજરી આપી હતી. આ પ્રસંગે રાજ પરિવારના બધા સંતો પધાર્યા હતા. તે ઉપરાંત દેશ-વિદેશના સૌ ભાવિક ભાઈ-બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપીને દરેક પ્રસંગને મ્હાણ્યો હતો.

પધારેલ સંતોના સ્વાગત પછી પૂજ્યશ્રી રાકેશભાઈનું જીવન તથા કવન દર્શાવતી ફિલ્મ 'Unmoved Mover' બતાવવામાં આવી હતી. પૂજ્યશ્રી રાકેશભાઈએ શ્રીમદ્ રાજચંદ્રજી વચનામૃત પત્રાંક - ૧૨૪ના આધારે સંયમ ઉપર મનનીય ઉદ્‌બોધન કર્યું હતું. તેમાં મૃત્યુ પ્રત્યે જાગૃત રહેવાની અનિવાર્યતા તથા સંસારના તુચ્છ પદાર્થો માટેની ઈચ્છાઓને છોડી દેવા જણાવ્યું હતું. તેઓશ્રીએ જણાવ્યું કે સંયમમાં આગળ વધવા સાહસ કરવું જરૂરી છે. વ્રત-નિયમમાં આનંદ છે, Security છે. આપણે સદ્‌ગુરુને સંયમની ભેટ ધરવી જોઈએ.

ત્યારપછી ચાર આત્માર્પિત દીક્ષાનો વૈરાગ્યસભર પ્રસંગ થયો. જેમાં એક ભાઈ (આદ.શ્રી મૌલિકભાઈ) તથા ત્રણ બહેનોએ ખૂબ અંતરના ભાવપૂર્વક આત્માર્પિત દીક્ષા સ્વીકારી. શ્રી મૌલિકભાઈએ પોતાના હૃદયના ભાવો રજૂ કર્યા. આશીર્વચનમાં પૂજ્યશ્રી આત્માનંદજીએ આવા સુંદર પ્રેરણાદાયી આયોજન માટે પૂજ્યશ્રી રાકેશભાઈ, સૌ આયોજકો તથા દીક્ષાર્થીઓને ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા હતા. સૌ સંતોએ

ભાવવાહી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

આદ. બહેનશ્રી શ્વેતાબેન જસુભાઈ શાહના તથા આદ. મુમુક્ષુબેન શ્રી ઉષાબેન કિશોરભાઈ શેઠ પ્રેમભર્યા આમંત્રણથી પૂજ્યશ્રી તથા થોડા ભાઈ-બહેનોની રહેવાની વ્યવસ્થા તેમના નિવાસસ્થાને રાખી હતી. તા. ૨૫-૯-૨૦૧૬ના રોજ બપોરે ૪ વાગ્યે આદ. શ્વેતાબહેનને ત્યાં ભાવ-ભક્તિપૂર્ણ માહોલમાં અરિહંત પરમાત્માની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. સ્થાપનામાં ઘણા મુમુક્ષુઓ પધાર્યા હતા; જેમાં આદ. ભાઈશ્રી કુમુદભાઈ તથા લંડનના ભાઈ-બહેનોએ હાજરી આપી હતી. બે દિવસના રોકાણ દરમ્યાન શ્વેતાબહેન, તેમના પુત્ર શ્રી મૌલિકભાઈ તથા પુત્રવધૂ ઈરાબેને ખૂબ પ્રેમભાવપૂર્વક આતિથ્ય સત્કાર કર્યો હતો. તે માટે તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ આપીએ છીએ.

ત્યારપછીનું આયોજન આદ. પ્રમુખશ્રી નીતિનભાઈ તથા આધ્યાત્મિક સમિતિના ચેરમેન આદ.શ્રી અશોકભાઈએ સંભાળ્યું હતું. તા. ૨૬મીએ સવારે, જેઓએ પૂજ્યશ્રી સાથે વર્ષોથી સત્સંગ કરેલો છે અને કોબાના મંદિરજીનો ધજાનો કાયમી લાભ જેમણે લીધેલ છે તેવા પરમ આદરણીય શ્રી શાંતિભાઈ મહેતાના નિવાસસ્થાને તથા સંસ્થામાં કાયમ રહેતા આપણા મુમુક્ષુ આદ.શ્રી શિરીષભાઈ મહેતાના નિવાસસ્થાને સૌ કુટુંબીજનોને મળી આદ.શ્રી અશોકભાઈ શાહને ત્યાં સૌએ આહાર લીધો હતો. ત્યાં યુવાસાધક ભાઈશ્રી જયભાઈએ ખૂબ ભાવવાહી ભક્તિ કરાવી હતી. સાંજે સૌએ શ્રી નીતિનભાઈ પારેખને ત્યાં પહોંચી આહાર લઈ વિશ્રામ કર્યો હતો. તા. ૨૭મીએ રાત્રે ભાઈશ્રી નીતિનભાઈના નિવાસસ્થાને સુંદર ભક્તિનું આયોજન થયું હતું, જેમાં આદ. ભાઈશ્રી જયભાઈ, શ્રી સંદીપભાઈ, બહેનશ્રી વિધિબેન, નીકીબેન, અન્ય સૌએ ભાવવાહી ભક્તિ કરાવી હતી. મુંબઈના બધા જ મુમુક્ષુઓ ભક્તિમાં હાજર રહ્યા હતા. સૌને ખૂબ ખૂબ ધન્યવાદ.

તા. ૨૭મીએ રાત્રે આદ. ભાઈશ્રી અરૂણભાઈ બગડિયાના નિવાસસ્થાને વિશ્રામ કર્યો હતો. સવારે ૯ વાગ્યે ઘાટકોપર જ્ઞાનમંદિરમાં પૂજ્યશ્રી તથા પૂજ્યશ્રી ગોકુળભાઈના સ્વાધ્યાયનું ઘાટકોપર જ્ઞાનમંદિર તરફથી આયોજન કરવામાં આવ્યું હતું.

મંદિરમાં સવારે ૯-૦૦ થી ૯-૩૦ આદ. શ્રી અશોકભાઈ તથા બા.બ્ર.શ્રી સુરેશભાઈએ ભાવપૂર્વક ભક્તિ કરાવી હતી. પૂજ્યશ્રીએ શ્રાવકના જીવનમાં છ આવશ્યક ક્રિયાઓ વિષે મનનીય બોધ આપી તેની અનિવાર્યતા સમજાવી હતી. પૂજ્યશ્રી ગોકુળભાઈએ વચનામૃત પત્રાંક - ૫૦૫ ઉપર સ્વાધ્યાય આપતાં જણાવ્યું હતું કે વીતરાગના વચનોનો સર્વાંગ નિર્ણય થવો જોઈએ. સર્વજ્ઞ પરમાત્મા જ સાચા હિતોપદેશી હોઈ શકે.

બપોરે આદ. ભાઈશ્રી અરૂણભાઈને ત્યાં સૌએ આહાર લીધો હતો. ત્યાં આદ.શ્રી જયંતભાઈ શાહ તથા ઘણા સાધક ભાઈ-બહેનો આવ્યા હતા. બપોરે ૩-૩૦ વાગ્યે સૌની ભાવભીની વિદાય લઈ સાંજે પૂજ્યશ્રી સાથે સૌ સુખરૂપ કોબા પહોંચી ગયા હતા.

ઘણા સમય પછી મુંબઈના સૌ મુમુક્ષુઓને એક સાથે મળાયું, તેથી પૂજ્યશ્રી તથા સૌને ખૂબ આનંદ થયો. સૌના પ્રેમપરિશ્રમ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, વડવાનો શતાબ્દિ વર્ષ પૂર્ણાહુતિ મહોત્સવ સંપન્ન

સમગ્ર ભારતના પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના આશ્રમોમાં પ્રથમ વડવા આશ્રમની સ્થાપના પૂ. ભાઈશ્રી પોપટભાઈ મહોકમચંદ શાહ તથા અન્ય રાજભક્તોએ વિ.સં. ૧૯૭૨માં કરી હતી, જેનો સો વર્ષથી ભક્તજનો લાભ લઈ રહ્યા છે.

પૂજ્યશ્રી આત્માનંદજી સાથે કોબાના સાધક ભાઈ-બહેનો દર્શન-સત્સંગ અર્થે તા. ૧૫-૧૦-૨૦૧૬ના રોજ વડવા ગયા હતા. સવારે પરમકૃપાળુદેવ વિરચિત સ્વહસ્તાક્ષરમાં ૨૪ કેરેટ ગોલ્ડ પ્લેટેડ પેપર ઉપર મુદ્રિત તત્ત્વસભર ૧૮ પદોના પુસ્તકના અનાવરણ તથા દર્શન-પૂજનનો ભક્તિસભર માહોલમાં સૌએ લાભ લીધો હતો. 'વીતરાગ શ્રુતવંદના' પુસ્તક સંસ્થાના કાર્યાલયમાંથી ઉપલબ્ધ થઈ શકશે. પૂ. ભાઈશ્રી નલીનભાઈ (સાયલા) તથા પરમ આદરણીય શ્રી ફુલચંદજી શાસ્ત્રીએ પ્રસંગને અનુરૂપ મનનીય ઉદ્‌બોધન કર્યું હતું.

પૂજ્યશ્રી આત્માનંદજીએ આશીર્વચનમાં જણાવ્યું હતું કે આપણે સૌ પરમકૃપાળુદેવ તથા પ્રભુ મહાવીરના અનુયાયીઓ છીએ. આપણા જીવનમાં ભગવાન મહાવીર અને કૃપાળુદેવની આજ્ઞાનું પાલન હોવું જોઈએ. સમગ્ર રાજપરિવારમાં સાધર્મીવાત્સલ્ય તથા અહિંસા, અનેકાંત અને અપરિગ્રહ વણાઈ જવા જોઈએ. વડવા તીર્થનો અમે પણ ઘણો લાભ લીધો છે. ઘણા પર્યુષણ પર્વ તથા શિબિરોનું આયોજન અહીં થયું હતું. પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈએ પૂજ્યશ્રી પોપટભાઈના પરમકૃપાળુદેવ સાથેના સમાગમના પ્રેરણાદાયી ઘણા પ્રસંગોનો ઉલ્લેખ કર્યો હતો.

મહોત્સવ દરમ્યાન પૂજ્યશ્રી રાકેશભાઈ, પૂજ્યશ્રી આત્માનંદજી, પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈ, પૂજ્ય રત્નાબેન (દિલ્હી), આદ.શ્રી સુધીરભાઈ મહેતા, આદ. ડૉ. દીપકભાઈ તુરખિયા (મુંબઈ) વગેરે અનેક સંતો, વિદ્વાનો, રાજપરિવારના ટ્રસ્ટીઓ તથા મહાનુભાવો હાજર રહ્યા હતા. મહોત્સવ દરમિયાન સ્નાત્રપૂજા, સંતોના સ્વાધ્યાય, ભક્તિ, શ્રુતવંદના, શોભાયાત્રા, શ્રી આત્મસિદ્ધિની પૂજા તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

વડવામાં શતાબ્દિ મહોત્સવ ખૂબ ભવ્યતાથી ઉજવાયો. સર્વ ટ્રસ્ટીઓ તથા સૌ સેવાનિષ્ઠ કાર્યકરોએ ખૂબ પ્રેમપરિશ્રમ કરી કાર્યક્રમોનું સુંદર આયોજન કર્યું, તે માટે સૌનું ખૂબ ખૂબ અભિવાદન કરીએ છીએ. પૂજ્યશ્રી સૌને અંતરથી ધન્યવાદ તથા શુભાશીર્વાદ પાઠવે છે.

## બ્રિટનની પાર્લામેન્ટમાં પ્રથમ જૈન ઓલ પાર્ટી પાર્લામેન્ટરી ગ્રૂપ દ્વારા યોજાયેલો અહિંસા દિવસ

ઑક્ટોબરમાં આવતા મહાત્મા ગાંધીજીના જન્મદિવસના સંદર્ભમાં દર વર્ષે બ્રિટનના હાઉસ ઑફ કૉમન્સમાં યોજાતી 'અહિંસા દિવસ'ની ઉજવણીના ઉપક્રમે ૩૦ જૈન સંસ્થાઓનું પ્રતિનિધિત્વ ધરાવતી 'વન જૈન'ના બેનર હેઠળ ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીએ પ્રથમ જૈન ઓલ પાર્ટી પાર્લામેન્ટરી ગ્રુપની મિટિંગ યોજવામાં આવી. આંતરરાષ્ટ્રીય જૈન સંસ્થા ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીએ સરકાર સાથેના સંપર્ક - વ્યવહાર અંગે અને ઈન્ટર-રિલિજિયસ બાબતો અંગે જૈન ઑલ પાર્ટી પાર્લામેન્ટરી ગ્રુપની રચના કરી છે. આ

કાર્યક્રમના પ્રારંભ ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુ ચંદરિયાએ કહ્યું કે વિશ્વના બીજા અગ્રણી ધર્મોની સાથે રહીને જૈન ઑલ પાર્ટી પાર્લામેન્ટરી ગ્રુપ કામ કરતાં આનંદનો અનુભવ થાય છે. પ્રારંભિક તબક્કામાં અમે બે કાર્યક્રમો કરીશું, જેમાં એક મહાત્મા ગાંધીજીના જન્મદિવસે 'અહિંસા એવોર્ડ' આપવાનું અને એ પછી માર્ચ મહિનાના પ્રારંભમાં ભગવાન મહાવીરના જન્મકલ્યાણકના દિવસે 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' આપવાનું. જૈન ધર્મની મહત્ત્વની બાબતો અંગે જાગૃતિ લાવવાનું આ સંસ્થા કાર્ય કરશે.

રોજિંદા જીવનમાં અનુકંપાને પ્રગટ કરતી વ્યક્તિઓને અપાતો 'અહિંસા એવોર્ડ' ભારતમાં 'તરૂણ ભારત સંઘ'ના નેજા હેઠળ કાર્ય કરતા શ્રી રાજેન્દ્ર સિંગને આપવામાં આવ્યો, જેમણે ગ્રામસેવાના ક્ષેત્રે સામાજિક સશક્તિકરણ કરવાની મહત્ત્વની ભૂમિકા ભજવી છે અને તેઓ 'વૉટરમૅન ઑફ ઈન્ડિયા' તરીકે સર્વત્ર વિખ્યાત છે.

## શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, ઘાટકોપરનો સુવર્ણજયંતી મહોત્સવ

કારતક સુદ પૂનમ વિ.સં. ૨૦૭૩ એટલે પરમકૃપાળુદેવનો ૧૫૦મો જન્મમંગલદિન. આ દિવસે શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર ઘાટકોપર, મુંબઈનો ૫૦મો સ્થાપનાદિન છે. આ સુવર્ણજયંતી મહોત્સવ પ્રસંગે ત્રિદિવસીય જન્મદિન ઉત્સવ નિમિત્તે ભક્તિ, સ્વાધ્યાય, શ્રી આત્મસિદ્ધિ પારાયણ, પરમકૃપાળુદેવની પાલખીયાત્રા જેવા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાયા હતા. વર્ષ દરમ્યાન સ્વાધ્યાય, ભક્તિ આદિ અનેકવિધ કાર્યક્રમો યોજાશે.

## વૈરાગ્ય સમાચાર




**(૧) યુ.એસ.એ. :** આપણી સંસ્થાના સરળ, સેવાભાવી તથા ભક્તિપ્રધાન મુમુક્ષુવિશેષ શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણીના મોટાભાઈ **કીર્તિભાઈ કે. મહેતા**નું તા. ૧૭-૦૯-૧૬ના રોજ દેહાવસાન થયું છે.

તેઓશ્રીનો કૌટુંબિક પ્રેમ, અતિથિપ્રેમ અને દેશપ્રેમ સરાહનીય હતો. જાતમહેનત અને સત્યનિષ્ઠાથી તેઓ જીવનમાં આગળ વધ્યા. નાની ઉંમરથી જ તીર્થયાત્રાના ઉછરંગી હતા. નાની વયે પાઠશાળામાં નોંધપાત્ર પ્રગતિ કરી હતી. ૧૨ વર્ષની ઉંમરથી જ તેઓ સંવત્સરી પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સનો કાઉસગ્ગ કરાવતા. તેઓની ધર્મભાવના સૌને માટે પ્રેરણાદાયક તથા અનુકરણીય છે. તેઓ મૌનનો અભ્યાસ કરતા. તેઓ હકારાત્મક વિચારસરણી ધરાવતા હતા. તેઓનું સમાધાનકારી વલણ હતું. સાદુ જીવન, ઉચ્ચ વિચાર - આ સૂત્રને તેઓએ આત્મસાત્ કર્યું હતું.

તેઓ બીમાર હતા તે વેળાએ પૂજ્યશ્રી આત્માનંદજી પાસેથી આધ્યાત્મિક માર્ગદર્શન માગ્યું હતું. પૂજ્યશ્રીએ આપેલા મંત્રના સ્મરણમાં તેઓ લીન રહેતા અને તેથી તેઓએ બાહ્ય વેદના હોવા છતાં ખૂબ શાંતિથી સ્વસ્થતાપૂર્વક દેહનો ત્યાગ કર્યો. તેઓ તેમના પરિવારને ધર્મનો વારસો સોંપતા ગયા છે.

સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને આગામી થોડા ભવોમાં તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

સંસ્થામાં સંતકુટિરમાં પરમકૃપાળુદેવ તથા મહાત્મા ગાંધીજીના શબ્દાંકિત ચિત્રપટની સ્થાપના વેળાએ





સંસ્થાના નામની તકતીની સ્થાપના વેળાએ

વડવા આશ્રમના શતાબ્દિ વર્ષ પૂર્ણાહુતિ મહોત્સવ વેળાની તસવીર





બ્રિટનની પાર્લામેન્ટમાં પ્રથમ જૈન ઓલ પાર્ટી પાર્લામેન્ટરી ગ્રૂપ દ્વારા યોજાયેલ અહિંસા દિવસની ઉજવણીની વેળાએ (ડાબેથી જમણે શ્રી વિનય શાહ, શ્રી દિલીપ શાહ, ડૉ. હર્ષદ સંઘરાજકા, શ્રી નેમુ ચંદરયા, શ્રી રાજેન્દ્ર સીંગ, લોર્ડ ડાઉમેન, શ્રી જયસુખ મહેતા, શ્રી કાંતિ શાહ)

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## અંતરના આજ ઊઘડ્યાં દ્વાર...

ડો. રમાબેન દેસાઈ (અમરેલી)

રાત્રિ ધીમી સરતી હતીને, 'મૂક-ઈન્દુ' પણ મ્લાન હતો;
વાદળ ઘેરા વાતાવરણમાં, ઉદાસીનતા ભરી હતી;
નિંદવિહોણી આંખોમાં કંઈક પ્રશ્નો જાગતા હતા.
જન્મ-મૃત્યુ શું છે આ સહુ ? શાને આમાં ઘેરાયો ?
હું છું કોણ ? શાને આવ્યો ? આનો શું ન અંત ?
પ્રશ્નોના ઉત્તર મેળવવા ગુફા પર્વત ઘુમી વળ્યો કહીં,
ગુરુ, મહંતો, સાધુ-સન્યાસી, આચાર્યોની કૃપા ગ્રહી.
"શું ન અંત આ ઘટમાળનો ?" શબ્દો આમ સરી પડ્યા !
પડઘાયા એના પડછંદા, અવનિ – આભ પ્રસરી ગયા.
અંધારી રાત્રિમાં એના ઘોર ઊંડીને શમી ગયા... અને પછી ?
ચેતન જયોતિ જલી અંતરમાં, ભેદાયા ભોગળને દ્વાર;
તેજ કિરણના એ ઉજાસે, ઝળકે ઝળહળ અંદર બ્હાર.
પ્રશ્નો સર્વે વીરમી ગયા ને, જાગી ઉરમાં શાંતિ અપાર,
અંતરના આજ ઊઘડ્યાં દ્વાર...
અલખના આ માર્ગે ચાલુ, સાથે રાખું માનવબાળ,
ઉઘાડું એના અંતરને, ભરી દઉં આનંદ અપાર;
જાવું આપણ અંતને પાર, સિદ્ધાલયને દ્વાર.
અંતરના આજ ઊઘડ્યાં દ્વાર, અંતરના આજ ઊઘડ્યાં દ્વાર...

### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' નવેમ્બર - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**❶ આદ. શ્રી રમેશચંદ્ર મોતીચંદ રાયશી શાહ પરિવાર (ઓક્ષફર્ડ, યુ.કે.)**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' નવેમ્બર - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**❷ સ્વ. માતુશ્રી ભાવનાબેન હસમુખરાય ગાંધી (રાજકોટ)ની પુણ્યસ્મૃતિમાં**
**હસ્તે : ડો. શિલ્પાબેન હસમુખરાય ગાંધી**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007, Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah